કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૧ જૂલાઇ, ૨૦૨૬ મંગળવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૫૪◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી◆Regd No. G-KCH-184-2019-2021◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ અષાઢ સુદ - ૮ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ: ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### નીટ પેપર લીક મુદ્દે વડાપ્રધાને મૌન તોડયું : દોષિતો સામે કડક કાર્યવાહી થશે

# પેપર લીક મોટું પાપ : મોદીનું આકરૂં વલણ

**આજે સવારે એનડીએની સંસદીય દળની બેઠકમાં પીએમ મોદીનો હુકમ : કેન્દ્ર-રાજ્યો પેપર લીકની ઘટના ટાળવા સંકલન વધારે : અત્યાર સુધીમાં ૧૩આરોપીઓ જેલહવાલે : મોદીએ કહ્યું યુવાનોના ભવિષ્ય સાથે ચેડાં નહીં સાંખી લેવાય**





નવી દિલ્હી:દેશમાં નીટ (NEET) સહિતની પરીક્ષાઓના પેપર લીક મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યંત આકરૂ વલણ અપનાવ્યું છે. આજે યોજાયેલી એનડીએ (NDA) સંસદીય દળની બેઠકમાં વડાપ્રધાને પેપર લીક ઘટનાને ઘોર પાપ ગણાવતા સ્પષ્ટ શબ્દોમાં કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા છે. આજ રોજ સંસદીય દળની યોજાયેલી બેઠકમાં પેપર લીંક ઘટનાને ટાળવાની દીશામાં જરૂરી પરામર્શ કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે પરીક્ષા વ્યવસ્થામાં કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સંકલન મજબૂત કરવા ચેતવણી અને સૂચના આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યુ છે કે NEET પેપર લીકના તમામ દોષિતોને સખત સજા આપવામાં આવશે. આ કેસમાં

## ચોમાસુ સત્રના બીજા દિવસે સંસદમાં ભારે હોબાળો

**વિપક્ષના વિરોધ વચ્ચે લોકસભાની કાર્યવાહી સ્થગિત**

નવી દિલ્હી:સંસદના ચોમાસુ સત્રના બીજા દિવસે પણ વિપક્ષી સાંસદો દ્વારા ભારે હોબાળો મચાવવામાં આવ્યો હતો, જેના પરિણામે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરવી પડી છે. મહત્વના મુદ્દાઓ પર ચર્ચાની માંગ સાથે વિપક્ષી સભ્યોએ ગૃહના ફ્લોર પર આવીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી હતી. વિપક્ષના સતત હંગામા અને નારેબાજીને કારણે અધ્યક્ષ દ્વારા પ્રથમ સત્રની કાર્યવાહી મુલતવી રાખવાની ફરજ પડી હતી. ગૃહમાં સ્થિતિ સામાન્ય ન થતાં ચોમાસુ સત્રનો બીજો દિવસ પણ હંગામાની ભેટ ચડી ગયો હતો.

અત્યાર સુધીમાં ૧૩ આરોપી અનુસંધાન પાના નં.૪ પર

## વાટાઘાટ નિષ્ફળ : જંતર મંતર આંદોલન યથાવત





**શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિત ત્રણ માંગો પર મક્કમ : ફરી આજે સંસદ ભવન ભણી કૂચની કોકરોચ જનતા પાર્ટીની જાહેરાત : પોલીસે દમન સિવાય કશું કર્યુ નથી : સોનમ વાંગચૂક - અભિજીત દિપકેના ઉપવાસ ચાલુ રહેશે**

નવી દિલ્હી: ગઈકાલે સંસદના ગેઈટ સુધી પહોંચી ગયેલા કોકરોચ જનતા પાર્ટીના યુવા આંદોલનમાં સરકારે આંદોલનકારીઓ સાથે કરેલી સિંગલ-મીટ વાટાઘાટ પણ નિષ્ફળ રહી છે અને સીજેપીના પ્રવકતા આશુતોષ રાંકાએ જાહેર કર્યુ છે કે, એકટીવીસ્ટ સોનમ વાંગચૂકની ભૂખ હડતાલ તથા અનુસંધાન પાના નં.૪ પર

## હવે ખેડૂતોએ સરકાર સામે મોરચો માંડયો : હજારોની દિલ્હી કૂચ



નવી દિલ્હી : કાલે કોકરોચ જનતા પાર્ટીના આંદોલન બાદ આજે હવે પંજાબથી હજારો ખેડૂતો આજે દિલ્હી કૂચ માટે શંભુ બોર્ડર પર ભેગા થઈ રહ્યા છે. આ પ્રદર્શન ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર સંધિ એટલે કે જવ્ખ વિરુદ્ધ થઈ રહ્યું છે. આ સંધિ રદ કરવાની માંગણીને લઈને દેશ બચાવો મોરચાએ આ આંદોલન ચલાવ્યું છે. આ બધા વચ્ચે સોમવારે ભારતીય કિસાન યુનિયન (ચઢૂની)ના પ્રમુખ ગુરનામ સિહ ચઢુનીને દિલ્હીમાં પ્રસ્તાવિત કિસાન મહાપંચાયતમાં સામેલ થવા માટે જતા સમયે હરિયાણા પોલીસે અટકમાં પણ લીધા હતા.વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે અને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૬૩ લાગૂ કરાઈ છે. બંને તરફથી રસ્તાઓ પર બેરિકેડ લગાવવામાં આવ્યા છે અને વાહનોની અવરજવર સંપૂર્ણ રીતે રોકવામાં આવી છે. અમૃતસર અને ગુરદાસપુરમાં ખેડૂતોનો કાફલો શંભુ બોર્ડર પ હોંચવાની તૈયારીમાં

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યના વહીવટી બેડામાં મોટો ફેરફાર : ૨૮ IAS અધિકારીઓની કરાઈ બદલી



કચ્છમાં અગાઉ જિલ્લા વીકાસ અધિકારી તરીકે યશસ્વી સેવા બજાવી ચૂકેલા પ્રભાવ જોષીને જી.આઈ.ડી.સી. (GIDC) ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર (Joint MD) તરીકે નિમણૂક

ગાંધીનગર: ગુજરાત સરકારે પ્રશાસનિક વ્યવસ્થાને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવાના હેતુથી રાજ્યના ૨૮ આઈએએસ અધિકારીઓની મોટા પાયે બદલીઓ અને નવી નિમણૂકોના આદેશો જારી કર્યા છે. સામાન્ય વહિવટ વિભાગના અપર મુખ્ય સચિવ ડૉ. અંજુ શર્માની સહીથી આ અંગેનું વહીવટી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજ્ય સરકાર દ્વારા વહીવટી સુગમતા, કાર્યક્ષમતા અને ઝડપી કામગીરીના ભાગરૂપે રાજ્યના વહીવટી માળખામાં મોટાપાયે ફેરફારો કરવામાં આવ્યા છે. ભુપેન્દ્ર પટેલ સરકાર દ્વારા એક જ ઝાટકે ભારતીય વહીવટી સેવા ના ૨૮ જેટલા ઉચ્ચ અધિકારીઓની બદલી તથા નવી નિમણૂકો અંગેના આદેશો જારી કરવામાં આવ્યા છે.રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, વિવિધ વિભાગોની કામગીરીને વધુ સુદ્રઢ અને સક્રિય બનાવવા માટે આ બદલીઓ કરવામાં આવી છે. રાજ્યના અગ્ર સચિવો, કલેક્ટરો, ડીડીઓ અને નિગમોના વડાઓ સહિતના મહત્વના હોદ્દાઓ પર નવા અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.“““આ મોટાપાયે કરાયેલા ફેરફારોથી વિવિધ જિલ્લાઓ અને નિગમોની સરકારી યોજનાઓના અમલીકરણમાં વધુ ઝડપ આવશે તેમ માનવામાં આવી રહ્યું છે. મળેલી પ્રાથમિક વિગતો રાજકોટના પૂર્વ કલેક્ટર પ્રભાવ જોષીની જી.આઈ.ડી.સી. ના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.એચ. જે. પ્રજાપતિ ઉચ્ચ અધિકારી એચ. જે. પ્રજાપતિને અમરેલી જિલ્લાના નવા જિલ્લા

અનુસંધાન પાના નં.૪ પર


## ગુજરાત સરકારમાં GAS કેડરના ૧૩ Class-૧ અધિકારીઓની બદલી, નવી નિમણૂકો જાહેર

**GIDC, ગુજરાત ટૂરિઝમ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત વિવિધ વિભાગોમાં નવી જવાબદારીઓ સોંપાઈ**

ગાંધીનગર : ગુજરાત સરકારે ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (GAS)ના Class-1 (Selection/Senior Scale) કેડરના ૧૩ અધિકારીઓની બદલી તથા નવી નિમણૂકોના આદેશો જાહેર કર્યા છે. રાજ્યના વિવિધ મહત્વપૂર્ણ વિભાગો, નિગમો અને જિલ્લા કચેરીઓમાં આ અધિકારીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.જાહેર કરાયેલા આદેશો મુજબ વી. કે. પટેલને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, એ. કે. પ્રજાપતિને અરવલ્લી-મોડાસા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર, ડી. એન. સાતાણીને ગાંધીનગર સિવિલ સપ્લાય્સ વિભાગના જોઈન્ટ ડિરેક્ટર, જી. વી. મિયાણીને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સેક્રેટરી અને વાય. એસ. ચૌધરીને ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશનના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

અનુસંધાન પાના નં.૪ પર

## ટ્રમ્પની ઈરાનને આકરી ચેતવણી! સતત ૧૦માં દિવસે પણ અમેરિકાની એરસ્ટ્રાઈક



### ક્રૂડના ભાવ ૮૮ ડોલરને પાર

નવી દીલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ચરમસીમા પર પહોંચી ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરીથી ખોલાવવાના હેતુથી અમેરિકન સેનાએ ઈરાન પર સતત ૧૦મી રાત્રે પણ જોરદાર હવાઈ હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સોશિયલ મીડિયા પર કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું છે કે, ‘જ્યારે પણ ઈરાન કોઈ અમેરિકન સૈનિકની હત્યા કરશે, ત્યારે તેણે તેની ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે!’બીજી તરફ ઈરાની મીડિયાના અહેવાલો અનુસાર, અમેરિકન હુમલામાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે અને ૫૧૭ લોકો ઘાયલ થયા છે, જ્યારે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં ૧૭ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે, ‘આ હુમલાઓનો મુખ્ય હેતુ હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજો પર હુમલો કરવા માટે વપરાતી ઈરાની સૈન્ય ક્ષમતાઓને નષ્ટ કરવાનો છે. અમેરિકન હવાઈ હુમલામાં ઈરાની મિલિટ્રી

અનુસંધાન પાના નં.૪ પર

### ઈરાન પ્રવાસ માટે ભારતે જાહેર કરી એડવાઈઝરી, પ્રવાસ મુલતવી રાખવા અને દેશ છોડવા અપીલ

નવી દીલ્હી :પશ્ચિમ એશિયામાં વધી રહેલા સૈન્ય તણાવ અને સુરક્ષાની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત સરકારના વિદેશ મંત્રાલય તથા તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા તમામ ભારતીય નાગરિકો માટે એક મહત્વપૂર્ણ સલાહ જાહેર કરવામાં આવી છે. ભારતીય દૂતાવાસે તમામ નાગરિકોને આગામી સૂચના સુધી ઈરાનની બિન-જરુરી યાત્રા ટાળવા કડક વિનંતી કરી છે.ભારતમાં રહેતા નાગરિકોને હાલ પુરતો ઈરાનનો પ્રવાસ મુલતવી રાખવા જણાવવામાં આવ્યું છે. જે ભારતીયો પહેલેથી જ ઈરાનમાં વસવાટ કરી રહ્યા છે અથવા કામે ગયા છે, તેમને અત્યંત સાવધાની વર્તવા, સંવેદનશીલ વિસ્તારોથી દૂર રહેવા અને સતત આસપાસની પરિસ્થિતિ પર નજર રાખવા સલાહ આપવામાં આવી છે.

## રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની દેશભક્તિ અને ઉત્કૃષ્ટ સેવાઓનું મોટું સન્માન



**વર્ષ ૨૦૨૬ના પ્રતિષ્ઠિત ‘લોકમાન્ય ટિલક રાષ્ટ્રીય પુરસ્કાર’થી કરવામાં આવશે વિભૂષિત**

નવી દિલ્હી: ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલના ખાતામાં વધુ એક ગૌરવવંતી સિદ્ધિ ઉમેરાઈ છે. દેશની આંતરિક સુરક્ષાને મજબૂત બનાવવા, વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં અદમ્ય સાહસ દાખવનાર અને રાષ્ટ્રસેવામાં જીવન સમર્પિત કરનાર અજિત ડોભાલને આ વર્ષના અત્યંત પ્રતિષ્ઠિત ગણાતા ‘લોકમાન્ય ટિલક રાષ્ટ્રીય પુરસ્કાર’થી સન્માનિત કરવામાં આવશે. દેશના સુરક્ષા ક્ષેત્રે તેમના દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક અને અતુલ્ય યોગદાનને ધ્યાનમાં રાખીને આ વર્ષના આ એવોર્ડ માટે તેમની પસંદગી કરવામાં આવી છે, જેને લઈને સુરક્ષા અને રાજકીય વર્તુળોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર વિતરણ સમારોહ મહારાષ્ટ્રના પુણે શહેરમાં યોજાશે. આગામી ૧ ઓગસ્ટના રોજ ભારતના મહાન ક્રાંતિકારી અને સ્વતંત્રતા સંગ્રામના અગ્રેસર નેતા લોકમાન્ય બાલ ગંગાધર ટિલકની ૧૦૬મી પુણ્યતિથિ મનાવવામાં આવશે. આ જ પવિત્ર અને ઐતિહાસિક અવસર પર પુણે ખાતે યોજાનારા એક વિશેષ અને ભવ્ય સમારોહમાં અજિત ડોભાલને આ એવોર્ડ સત્તાવાર

અનુસંધાન પાના નં.૪ પર

## સિક્કીમમાં નિર્માણાધીન સુરંગમાં ભૂસ્ખલન અને મિથેન ગેસ લીક થતા ૮ મજુરોના મોત

ગંગટોક : દક્ષિણ જિલ્લામાં નિર્માણાધીન સમારડુંગ સુરંગમાં થયેલા ભૂસ્ખલન અને ત્યારબાદ મીથેન ગેસ લીકની ઘટનામાં ૮ લોકોના મોત નિપજ્યા છે, જ્યારે ૧૯ લોકો હજુ પણ અંદર ફસાયાની આશંકા છે. સુરંગમાં મિથેન ગેસના લીકેજથી બચાવકર્મીઓ માટે અંદર પ્રવેશવું મુશ્કેલ બન્યું છે.

આ મામલે વધુમાં જાણવા મળતી વિગત મુજબ આ સુરંગ તીસ્તા સ્ટેજ-૬ જલવિદ્યુત પરિયોજના અંતર્ગત પટેલ એન્જીનીયરીંગ દ્વારા બનાવવામાં આવી રહી છે. મૃતકોના મૃતદેહને ગંગટોકની સિંગતમ જિલ્લા હોસ્પિટલ અને નમચી જિલ્લા હોસ્પિટલ લાવવામાં આવ્યા છે.સુરંગમાં ફસાયેલા અન્ય લોકોને બચાવવા એસડીઆરએફ, એનડીઆરએફ, સિક્કીમ પોલીસ, ફાયરબ્રિગેડ અને ઈમરજન્સી સેવાઓ, સ્વાસ્થ્ય વિભાગ અને અન્ય સંબંધીત વિભાગો સાથે મળીને

અનુસંધાન પાના નં.૪ પર

## આંતકવાદી મોડ્યુલ કેસમાં મોટો ખુલાસો

**વડોદરામાં થઈ હતી સીક્રેટ મીટિંગ, ATS દ્વારા કાશ્મીરી કનેક્શન અંગે સઘન**



ગાંધીનગર :પાટણમાંથી ગુજરાત એટીએસ દ્વારા ઝડપી પાડવામાંઆવેલાઆતંકીઓના તાર હવે વડોદરા સુધી લંબાયા છે. તપાસ દરમિયાન અત્યંત વિસ્ફોટક ખુલાસો થયો છે કે પાટણથી પકડાયેલા આતંકીઓ પૈકી કેટલાકે થોડા સમય પહેલાં વડોદરાની મુલાકાત લીધી હતી અને ત્યાં એક સીક્રેટ બેઠક યોજી હતી. આ ખુલાસા બાદ ગુજરાત એટીએસની ટીમોએ વડોદરામાં ધામા નાખીને સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.કાશ્મીરી વ્યક્તિ સાથે ગુપ્ત બેઠક કરી હોવાની ચર્ચામળતી વિગતો અનુસાર, પકડાયેલા આતંકીઓએ વડોદરામાં રહેતા એક કાશ્મીરી વ્યક્તિ સાથે ગુપ્ત બેઠક કરી હતી. આ કાશ્મીરી શખ્સ કોણ છે અને તેનો આતંકી મોડ્યુલ સાથે શું સંબંધ છે તે દિશામાં એટીએસ દ્વારા ઊંડાણપૂર્વક પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે.જોકે, નવાઈની વાત એ છે કે એટીએસ દ્વારા વડોદરામાં કરવામાં આવી રહેલી આ હાઈ-પ્રોફાઈલ કાર્યવાહી અને પૂછતાછથી સ્થાનિક પોલીસ તંત્ર તદ્દન અજાણ અને બેખબર હોવાનું સામે આવ્યું છે.એટીએસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે વડોદરાની આ બેઠકમાં શું ષડયંત્ર રચાયું હતું, શું કોઈ આર્થિક વ્યવહારો કે હથિયારો અંગે ચર્ચા થઈ હતી અને ગુજરાતમાં અન્ય ક્યાં-ક્યાં

અનુસંધાન પાના નં.૪ પર

## ટ્રમ્પે વધુ એક ટેરિફ બોમ્બ ફોડયો

**કેનેડાએ અમેરિકન ઓટોમોબાઇલ, દારૂ અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયપૂર્ણ ભેદભાવ કર્યો છે: ટ્રમ્પ**

વોશિંગ્ટન : અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટાભાગની કેનેડિયન માલ પર ૫૦% ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. તેમણે તેમના નિર્ણય માટે કેનેડાના તાજેતરના પગલાંને જવાબદાર ઠેરવ્યા છે. ટ્રમ્પે સોમવારે દાવો કર્યો હતો કે કેનેડાએ અમેરિકન વાહનો, વાઈન અને ડેરી ઉત્પાદનો સાથે અન્યાયી વર્તન કર્યું છે. તેથી, તેઓ કેનેડિયન માલ પર ૫૦% ટેરિફ લાદી રહ્યા છે, જે એક પગલું છે જે ફરી એકવાર બંને દેશો વચ્ચેના સંબંધોને તણાવપૂર્ણ બનાવી શકે છે.

આ નિર્ણયથી આર્થિક અસ્થિરતાની નવી લહેર ઊભી થઈ શકે છે. તેના કારણે મોંઘવારી વધવાનો ભય છે અને ટ્રમ્પના ફરીથી વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા

અનુસંધાન પાના નં.૪ પર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....
અષાઢ સુદ-૮, તા.૨૧ જૂલાઇ, મંગળવાર

# સંસદમાં ઘૂસણખોરી એક મોટી લાલબત્તી

**લોકશાહીનું સર્વોચ્ચ મંદિર અસુરક્ષિત કેમ? : ભૂતકાળમાં ૨૦૦૧ના સંસદ પરના આતંકી હુમલાના કાળા ઈતિહાસમાંથી આપણે ઘણું શીખ્યા હોવાનો દાવો કરવામાં આવે છે. તેમ છતાં, જો પ્રદર્શનકારીઓ લોબી અને ગૃહની ગરિમા સુધી પહોંચવામાં સફળ રહે છે, તો તે સ્પષ્ટ કરે છે કે સુરક્ષા પ્રોટોકોલમાં ક્યાંક મોટું ગાબડું પડ્યું છે**

ભારતની સંસદ માત્ર એક ઈમારત નથી, પરંતુ તે દેશના ૧૪૦ કરોડ નાગરિકોની આસ્થા, લોકશાહીના મૂલ્યો અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વનું સર્વોચ્ચ પ્રતીક છે. જ્યારે આવા પરમ પવિત્ર અને અતિસંવેદનશીલ ગણાતા સ્થળે પ્રદર્શનકારીઓ તમામ સુરક્ષા કોર્ડનને તોડીને અંદર સુધી ઘૂસી જાય અને સુરક્ષા એજન્સીઓ સાથે ઘર્ષણ પર ઉતરી આવે, ત્યારે તે ઘટના માત્ર સુરક્ષાની ખામી નથી રહેતી, પણ રાષ્ટ્રીય સુરક્ષા માટે એક અત્યંત ગંભીર લાલબત્તી બની જાય છે.સંસદ ભવનની સુરક્ષા ત્રિ-સ્તરીય હોય છે, જ્યાં પરિંદો પણ પર ન મારી શકે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. ભૂતકાળમાં ૨૦૦૧ના સંસદ પરના આતંકી હુમલાના કાળા ઈતિહાસમાંથી આપણે ઘણું શીખ્યા હોવાનો દાવો કરવામાં આવે છે. તેમ છતાં, જો પ્રદર્શનકારીઓ લોબી અને ગૃહની ગરિમા સુધી પહોંચવામાં સફળ રહે છે, તો તે સ્પષ્ટ કરે છે કે સુરક્ષા પ્રોટોકોલમાં ક્યાંક મોટું ગાબડું પડ્યું છે. આ ઘટના એજન્સીઓ વચ્ચેના સંકલન અને ઈન્ટેલિજન્સ નિષ્ફળતા તરફ આંગળી ચીંધે છે.સુરક્ષાકર્મીઓ સાથે પ્રદર્શનકારીઓનું ઘર્ષણ એ દર્શાવે છે કે કાયદો અને વ્યવસ્થા પ્રત્યેનો ડર ઓગળી રહ્યો છે. લોકશાહીમાં વિરોધ પ્રદર્શન કરવાનો દરેક નાગરિકને અધિકાર છે, પરંતુ વિરોધ પ્રદર્શનના નામે દેશની સુરક્ષા વ્યવસ્થાને બંધક બનાવી શકાય નહીં. સંસદ પરિસરની અંદર સુધી ઘૂસણખોરી કરવાની આ હિંમત આવતીકાલે કોઈ મોટી દેશવિરોધી તાકાતો કે આતંકી તત્વો માટે નવો રસ્તો ખોલી શકે છે, જેની કલ્પના માત્ર ધ્રુજારી લાવી દે તેવી છે.આવી ઘટનાઓ વખતે પરસ્પર આક્ષેપબાજી કે રાજકીય રોટલા શેકવાને બદલે રાષ્ટ્રીય સુરક્ષાને સર્વોપરી ગણવી જોઈએ. સંસદની અંદર જો ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ જ સુરક્ષિત ન હોય, તો દેશની સામાન્ય જનતામાં સુરક્ષાને લઈને કેવો સંદેશ જશે? આ સવાલનો જવાબ ગૃહ અને શાસક પક્ષે સંયુક્ત રીતે આપવો પડશે.“ “હવે આગળ શું? કડક પગલાં અનિવાર્ય .આ ભયજનક ઘટના બાદ હવે માત્ર તપાસ સમિતિઓ રચવાથી કે નિવેદનો આપવાથી ચાલશે નહીં. સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક ધોરણે નીચેના પગલાં ભરવા પડશે સુરક્ષામાં આટલી મોટી ચૂક કોના કારણે થઈ તેની નૈતિક અને વહીવટી જવાબદારી નક્કી કરી કડક શિક્ષાત્મક પગલાં લેવાવા જોઈએ.ઝીરો ટૉલરન્સ નીતિ: લોકશાહીના આ મંદિર પર તરાપ મારવાનો પ્રયાસ કરનાર દરેક તત્વ સામે એવો દાખલો બેસાડવો જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ આવું દુ:સાહસ ન કરી શકે.આ ઘટના દેશ માટે એક આકરા જાગૃતિના સંદેશ સમાન છે. ભારત જેવા મજબૂત રાષ્ટ્રની સંસદમાં આવી અરાજકતા સાંખી શકાય નહીં. સુરક્ષા એજન્સીઓએ લોખંડી કાયદા સાથે ફરીથી દેશનો વિશ્વાસ જીતવો પડશે કે આપણી સંસદ અભેદ્ય છે અને હંમેશાં રહેશે.

# કવીઓ જૈન મહાજન ભુજ દ્વારા ‘મહાજનનું મામેરૂં’ અંતર્ગત ૨૭૯મી દીકરીના લગ્ન ધામધૂમથી સંપન્ન



ભુજ - કચ્છઉદય : ભુજ ખાતે ક.વી.ઓ. જૈન મહાજન ભુજના વડીલ મુરબ્બી, અનશનવ્રતધારી અને જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી તથા સંસ્થાના પ્રમુખ જિગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ ‘મહાજનનું મામેરું’ યોજના અંતર્ગત ૨૭૯મી દીકરીના લગ્નનો પ્રસંગ ઉત્સાહભેર યોજાઈ ગયો છે. આ શુભ પ્રસંગ સંસ્થાના પટાંગણમાં આવેલા શાંતિલાલ કાનજી ગડા પાર્ટી પ્લોટ મધ્યે યોજાયો હતો, જેમાં નખત્રાણા તાલુકાના મોટી વિરાણી નિવાસી સ્વ. કાનજીભાઈ ગરવાની પુત્રી ચિ. મનીષાના લગ્ન ભુજ નિવાસી મોહનભાઈ ગરવાના પુત્ર ચિ. મનીષ સાથે સાજન-મહાજનની પ્રેરક ઉપસ્થિતિમાં ધામધૂમથી સાજન મહાજનની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા. આ મંગલ પ્રસંગે વિવિધ ઉદારમના દાતાઓના સૌજન્યથી કન્યાને વિવિધ પ્રકારની ઉપયોગી ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવી હતી. સામાજિક આગેવાનો અને વડીલોએ નવદંપતીને સુખી દાંમ્પત્ય જીવનની શુભેચ્છા સાથે આશીર્વાદ આપ્યા હતા. ક.વી.ઓ. જૈન મહાજન ભુજ સંસ્થા સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સદાય અગ્રેસર રહી છે. ગરીબ તથા મધ્યમવર્ગીય પરિવારોની દીકરીઓના શુભ લગ્ન સરળતાથી થઈ શકે તે હેતુથી છેલ્લા ૧૫ વર્ષથી ચાલતી ‘મહાજનનું મામેરું’ યોજના આશીર્વાદરૂપ પૂરવાર થઈ રહી છે. આ યોજના હેઠળ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં કુલ ૨૭૯ દીકરીઓને મામેરું અર્પણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ જિગર તારાચંદભાઈ છેડાએ ખુશી વ્યક્ત કરતાં વધુમાં વધુ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને આ યોજનાનો લાભ લેવા માટે ભાવભર્યો અનુરોધ કર્યો હતો.

# ગાંધીધામમાં સગીરા સાથે જાતીય સતામણી કરનાર આરોપી ગણતરીના સમયમાં ઝડપાયો



ગાંધીધામ : ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે પોક્સો (જાતીય સતામણી)ના ગંભીર ગુનામાં ઝડપી કાર્યવાહી કરીને આરોપી મહેશભાઈ નરશીભાઈ બગેરીયા (ઉ.વ. ૩૮)ને ગણતરીના સમયમાં ઝડપી પાડ્યો છે.

ફરિયાદ મુજબ, તા. ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ સગીર વયની કિશોરી ટ્યુશનથી ઘરે પરત ફરી રહી હતી ત્યારે જાહેર માર્ગ પર આરોપીએ અશ્લીલ હરકતો કરી જાતીય સતામણી કરી હતી. બનાવ અંગે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૭૫(૧)(૨), ૭૫(૧)(૪) તથા પોક્સો એક્ટની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધાયો હતો.

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર, સરહદી રેન્જ ભુજના આઈજી ચિરાગ કોરડીયા તથા નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.જે. રાઠોડે સર્વેલન્સ અને ટેકનિકલ સોર્સીસના આધારે અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેના પરિણામે આરોપીને ગણતરીના સમયમાં ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# અમરવાંઢ ખાતે પશુ સારવાર, ગર્ભ પરીક્ષણ અને રસીકરણ કેમ્પનું કરાયું આયોજન



નલિયા - કચ્છઉદય : અબડાસા તાલુકાના અમરવાંઢ ગામે પશુધનના સ્વાસ્થ્ય અને સંભાળને ધ્યાનમાં રાખીને કેમ્પ સ્થળ અમરવાંઢ ખાતે પશુ સારવાર કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં ગામના પશુપાલકોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પમાં પશુ ચિકિત્સક ડો. શેરસિંહ ચૌહાણ તથા ડો. મિતેશ પટેલ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબો દ્વારા ૫૦ જેટલા પશુઓનું ગર્ભપરીક્ષણ (ગર્ભધારણ ટેસ્ટ) કરવામાં આવ્યું હતું અને તપાસના પરિણામ આધારે પશુઓને જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ગામના અન્ય પશુઓને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે રસીકરણ કરવામાં આવ્યું હતું અને તેમને યોગ્ય સારવાર તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમમાં નલિયા પશુ દવાખાનાના કર્મચારી હાથુભા સોઢા, ગામના પશુપાલકો કાદરછા પીરઝાદા. લતીફછા, હાસમ મંધરા, અબ્દુલા કેર અબ્દુલાછા, ઈમામછા, અમીનછા, સીધીક કેર. ઈબ્રાહીમ કેર વગેરે પશુ માલિકો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પશુ ચિકિત્સકો દ્વારા પશુપાલકોને પશુઓની યોગ્ય સંભાળ, પોષણ અને મોસમી બીમારીઓથી રક્ષણ મેળવવા અંગે ઉપયોગી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થતાં ગ્રામજનો અને પશુપાલકોએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

# ગાંધીધામમાં ભયજનક પાર્કીંગ અંગે પાંચ ગુના નોંધાયા

ગાંધીધામ: ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નેશનલ હાઈવે પર વાહનોને અડચણરૂપ અને ભયજનક રીતે પાર્કિંગ કરવા અંગે તેમજ જીવલેણ અકસ્માત સર્જવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ કુલ ૦૫ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

નેશનલ હાઈવે પર પડાણા રામદેવપીર મંદિર પાસે ભચાઉથી ગાંધીધામ આવતા રોડ પર બસ (નં. AR-01-T-8100) ના ચાલક ભરતભાઈ રામજીભાઈ સોલંકી (રહે. આદિપુર) એ પોતાની બસ કોઈપણ જાતના ઈશારા કે આડાશ વગર બેદરકારીથી ઉભી રાખી હતી. આ દરમિયાન પાછળથી આવતી કાર (નં. GJ-39-CC-7399) બસ સાથે ભટકાતાં અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કારમાં સવાર લયભાઈ અંતાણીને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે ફરિયાદીને સામાન્ય ઈજાઓ થઈ હતી. પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી એન.બી.બામ્ભા આ મામલે આગળની તપાસ ચલાવી રહ્યા છે. બીજીતરફ જવાહરનગર પુલ પાસે પોલીસ કોન્સ્ટેબલ હાર્દિક મનસુખભાઈ છેલાવડા દ્વારા કરાયેલી કાર્યવાહીમાં હાઈવે પર ભયજનક રીતે ટ્રક ઉભી રાખવા બદલ ટ્રક નં. GJ-12-DQ-0353 ના ચાલક યશ ગણેશભાઈ સથવારા (રહે. ભારતનગર, ગાંધીધામ) સામે ગુનો નોંધાયો. તો વળી આજવા પાર્કિંગ સામે ટ્રાફિક શાખાના પો.કોન્સ. ભરતભાઈ વિક્રમભાઈ લુણસર દ્વારા કાર્યવાહી કરવામા આવી છે. ઉપરાંત ટ્રક નં. GJ-36-T-9282 ના ચાલક કેશુરભાઈ ઉકાભાઈ વાવણોતીયા (રહે. જસાપર, જામનગર) સામે ગુનો નોંધાયો. ટ્રક નં. GJ-03-AT-1832 ના ચાલક હંશરાજભાઈ અરજણભાઈ આહિર (રહે. વંગ, નખત્રાણા-કચ્છ) સામે ગુનો નોંધાયો. અકસ્માત નિવારણ અને જાહેર જનતાની સુરક્ષા માટે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ દ્વારા નેશનલ હાઈવે પર અડચણરૂપ વાહનો ખડકનારાઓ સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

# નખત્રાણામાં ધાણીપાસાનો જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા



નખત્રાણા - કચ્છઉદય : પોલીસે જુગાર રમતા સાત ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં રસલીયા ગામના સતાર અલાના કુંભાર (ઉ.વર્ષ ૩૭), કોટડા (જ) ગામના સલીમ ઓસમાણ કાઠી (ઉ.વર્ષ ૩૧), તથા ખોભડી મોટી ગામના નવીન નારણગર ગૌસ્વામી (ઉ.વર્ષ ૪૪), મામદ કરીમ ખલીફા (ઉં.વર્ષ ૩૮), રમજુ હુસેન લુહાર (ઉં.વર્ષ ૫૦) અને મુબારક ઈસ્માઈલ લુહાર (ઉં.વર્ષ ૪૦) તેમજ મથલ ગામના મામદ મીઠુ હજામ (ઉં.વર્ષ ૪૫) નો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન પોલીસ ટીમે જુગારના અડ્ડા પરથી રોકડા રૂપિયા ૧૧,૪૦૦, અંદાજિત રૂપિયા ૧૦,૫૦૦ની કિંમતના ત્રણ નંગ મોબાઈલ ફોન અને જુગાર રમવાના સાધન તરીકે ઉપયોગમાં લેવાતા બે નંગ ધાણીપાસા મળીને કુલ રૂપિયા ૨૧,૯૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

EARN ATTRACTIVE
8.05% Interest Rate
FIXED INCOME FROM YOUR INVESTMENT
Backed by the Government of India
Regular Interest Payouts
For more details contact
Jignesh Chawda
9016318735
7069744422

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૧૮/૨૦૨૬

શ્રી બાંભણીયા વાલજીભાઇ બેચરાભાઇ, રહે. પ્રાગપર, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, પ્રાગપર, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી બાંભણીયા વાલજીભાઈ બેચરાભાઈ, રહે. પ્રાગપર, તા. રાપર વાળાએ તા.૧૮/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી બાંભણીયા હેતલબેન વાલજીભાઈ નો જન્મ મોજેઃ પ્રાગપર, તા. રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૧૯૯૭ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ પ્રાગપર, તા. રાપર-કચ્છના વર્ષ-૧૯૯૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૧૮/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૨૯/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૫૬/૨૦૨૬

શ્રી હબીબભાઈ ઉમરભાઈ સોઢા, રહે. સેલારી, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સેલારી, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી હબીબભાઈ ઉમરભાઈ સોઢા, રહે. સેલારી, તા. રાપર વાળાએ તા.૦૮/૦૭/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર રહેમાન હબીબ સોઢા નો જન્મ મોજેઃ સેલારી, તા.રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૧૯૮૭ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ સેલારી, તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૫૬/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ,સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૨૦/૦૭/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી.વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ.** — જન્મ નોંધણી અરજી રજિ. નં.૩૫૨/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી કિશોરકુમાર ભગવાનજી સોની, રહે.કીડીયાનગર, તા.રાપર-કચ્છ. ....અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, કીડીયાનગર, તા.રાપર-કચ્છ. .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી કિશોરકુમાર ભગવાનજી સોની, રહે.કીડીયાનગર, તા.રાપર વાળાએ તા.૦૪/૦૭/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજે-કીડીયાનગર, તા.રાપર-કચ્છ મુકામે તા. ૦૫/૦૪/૧૯૭૩ના રોજ થયેલ છે, પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ કીડીયાનગર, તા.રાપર-કચ્છના વર્ષ ૧૯૭૩ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહુ જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં. ૩૫૨/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે, જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તા. ૨૦/૦૭/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — (એચ.બી.વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — મરણ નોંધણી અરજી રજિ નં.૧૦૦/૨૦૨૬

શ્રી મોર ગેલાભાઈ નાનજીભાઈ, રે. હમીરપરમોટી, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, હમીરપરમોટી, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી મોર ગેલાભાઈ નાનજીભાઈ,રે.હમીરપરમોટી,વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા નાનજી ડોસા મોર નુ અવસાન મોજેઃ હમીરપરમોટી, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૫/૧૦/૨૦૦૯ ના રોજ થયેલ છે.પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃ હમીરપરમોટી, તા.રાપર-કચ્છના વર્ષ:-૨૦૦૯.ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૦૦/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — મરણ નોંધણી અરજી રજિ નં.૯૫/૨૦૨૬

શ્રી બારવડીયા જેસા રવા, રે. સેલારી, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સેલારી, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી બારવડીયા જેસા રવા,રે. સેલારી, વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા રવા હરી બારવડીયા નુ અવસાન મોજે.સેલારી, તા.રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૬/૧૯૯૬ ના રોજ થયેલ છે.પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃસેલારી, તા. રાપર-કચ્છના વર્ષ:-૧૯૯૬.ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૯૫/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — મરણ નોંધણી અરજી રજિ નં.૯૯/૨૦૨૬

શ્રી કોલી ડાયાભાઈ ઘનાભાઈ, રે. પ્રાગપર, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, પ્રાગપર, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી કોલી ડાયાભાઈ ઘનાભાઈ,રે. પ્રાગપર, વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા ઘના રૂડા કોલી નુ અવસાન મોજેઃ પ્રાગપર, તા. રાપર-કચ્છ મુકામે તા.૨૬/૦૨/૨૦૦૯ ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃપ્રાગપર, તા. રાપર-કચ્છના વર્ષ:-૨૦૦૯.ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૯૯/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**બી.વી.ચાવડા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અંજારની કોર્ટમાં**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી રજિ. નં.૪૨/૨૦૨૬

શ્રી અસગરઅલી ઇસ્માઇલ આગરીયા, રહે, ખોખરા ..... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, અને તલાટી સહ મંત્રીશ્રી, ખોખરા ગ્રામ પંચાયત, તા.અંજાર .... સામાવાળા

**વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટિસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી અસગરઅલી ઈસ્માઈલ આગરીયા, રહે, ખોખરા તરફથી તા. ૧૨/૦૫/૨૦૨૬ વાળી અરજીથી તેઓના પુત્રી આગરીયા ફિરદોશ અસગરઅલીનો જન્મ તા.૧૫/૦૨/૨૦૦૬ના રોજ અંજાર તાલુકાના ખોખરા મધ્યે થયેલ છે પરંતુ તેમની જન્મ નોંધણી કરાવી શકાયેલ ના હોવાનું જણાવી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મ નોંધણી રજિ. નં.૪૨/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ જન્મ નોંધણી જે-તે વખતે શરતચુક તથા કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ. સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં વાંધો રજૂ કરવો. જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

તા. ૧૨/૦૬/૨૦૨૬ — કોર્ટનો સિક્કો — (બી.વી.ચાવડા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર અંજાર

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — મરણ નોંધણી અરજી રજિ નં.૧૦૧/૨૦૨૬

શ્રી મોર ગેલાભાઈ નાનજીભાઈ, રે. હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, હમીરપરમોટી, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી મોર ગેલાભાઈ નાનજીભાઈ, રે.હમીરપરમોટી,વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬.વાળી અરજીથી જણાવેલ છે કે તેમના માતા કંકુબેન નાનજી મોર નુ અવસાન મોજેઃ હમીરપરમોટી, તા. રાપર-કચ્છ મુકામે તા.૦૧/૦૧/૧૯૮૪ ના રોજ થયેલ છે.પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરતચુકના કારણે મરણ અંગેની નોંધણી મોજેઃ હમીરપરમોટી, તા.રાપર-કચ્છના વર્ષ:-૧૯૮૪.ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે, જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૦૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૨૬૮/૨૦૨૬

શ્રી હાથીયાણી માના ગોવા, રહે. હમીરપરમોટી, તા.રાપર-કચ્છ ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, હમીરપરમોટી, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી હાથીયાણી માના ગોવા, રહે.હમીરપર મોટી, તા.રાપર વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી અમરત માના હાથીયાણી નો જન્મ મોજેઃહમીરપરમોટી, તા.રાપર-કચ્છ મુકામે તા.૧૪/૦૬/૧૯૮૬ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ હમીરપરમોટી,તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૮૬ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૬૮/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ,સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૧૭/૨૦૨૬

શ્રી ભાસડીયા વશરામ વેલા, રહે. પ્રાગપર, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, પ્રાગપર, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી ભાસડીયા વશરામ વેલા, રહે. પ્રાગપર.તા.રાપર વાળાએ તા.૧૯/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર વાલજી વશરામભાઈ ભાસડીયા નો જન્મ મોજેઃ પ્રાગપર, તા. રાપર-કચ્છ મુકામે તા.૧૦/૦૬/૧૯૮૭ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ પ્રાગપર, તા. રાપર-કચ્છના વર્ષ-૧૯૮૭ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૧૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ,સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિન:૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in — ફેક્સ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ** — અરજી નં. ૧૦૯/૨૦૨૬

શ્રી લક્ષ્મી રામાભાઈ ખાંભલા(રબારી) રહે. ગામ-શિવપર, પડાણા, જામનગર-૩૬૧૨૮૦ ......... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ......... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

**સંદર્ભ:- શ્રી લક્ષ્મી રામાભાઈ ખાંભલા(રબારી), રહે.ગામ-શિવપર, પડાણા, જામનગરની તા.૧૯/૦૬/૨૦૨૬ વાળી અરજી**

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી લક્ષ્મી રામાભાઈ ખાંભલા(રબારી), રહે.ગામ-શિવપર, પડાણા, જામનગર વાળાની ઉકત સંદર્ભવાળી અરજીથી તેમના પુત્ર વિક્રમ રામાભાઈ ખાંભલાનો તા.૦૯/૦૬/૧૯૯૨ના રોજ મચ્છુનગર, ગાંધીધામ-કચ્છ મધ્યે થયેલ છે. પરંતુ તેમના પુત્રના જન્મની નોંધ મહાનગરપાલિકા ગાંધીધામના જન્મના રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૧૦૯/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૧૭/૦૭/૨૦૨૬ — એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૩૫૧/૨૦૨૬

શ્રી પંકજ લાલજી વાવીયા રહે. પાલનપર, તા.રાપર-કચ્છ. ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, પાલનપર, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી પંકજ લાલજી વાવીયા, રહે,પાલનપર,તા.રાપર વાળાએ તા.૨૩/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમનો જન્મ મોજેઃપાલનપર, તા.રાપર-કચ્છ મુકામે તા.૨૦/૦૬/૧૯૮૨ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃપાલનપર, તા. રાપર-કચ્છના વર્ષ-૧૯૮૨ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૫૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૨૯/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
**ડાભુંડા રોડ, રાપર-કચ્છ**

**જાહેર નોટીસ** — જન્મ નોંધણી અરજી રજિ નં.૨૭૧/૨૦૨૬

શ્રી બાભણીયા ખીમાભાઈ રાજાભાઈ, રહે. સઈ, તા.રાપર-કચ્છ ......... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સઈ, તા. રાપર-કચ્છ. ......... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે,અરજદારશ્રી બાભણીયા ખીમાભાઈ રાજાભાઈ, રહે. સઈ, તા.રાપર વાળાએ તા.૨૧/૦૫/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્ર દિપેશ ખિમજી બાંભણીયા નો જન્મ મોજેઃ સઈ, તા. રાપર-કચ્છ મુકામે તા.૧૪/૦૭/૧૯૯૩ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજેઃ સઈ, તા.રાપર-કચ્છના વર્ષ-૧૯૯૩ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે.જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે.જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૨૭૧/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ,સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ: ૧૨/૦૬/૨૦૨૬ — (એચ.બી. વાઘેલા) એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર, રાપર-કચ્છ

**જાહેર નોટીસ**

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**:: પરીશિષ્ટ ::**

ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૭૦૮ ની જમીન હે. ૧-૩૩-૩૫ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ રામજી અરજણ પરમાર પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**મહેશ આઈ.ગઢવી** (એડવોકેટ)

**જાહેર નોટીસ**

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**:: પરીશિષ્ટ ::**

ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૧૯૯૧ ની જમીન હે. ૧-૮૬-૧૬ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ ૧) શંભુભાઈ વજાભાઈ મકવાણા, ૨) લખમણભાઈ વજાભાઈ મકવાણા પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**મહેશ આઈ.ગઢવી** (એડવોકેટ)

**જાહેર નોટીસ**

આથી હું એમ.આઈ.ગઢવી (એડવોકેટ) તે અમારા અસીલશ્રી AZURE POWER SIXTY THREE PVT. LTD. ની સૂચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત ૨૯ વર્ષ અને ૧૧ માસ માટે ભાડા પટ્ટે રાખવાના છે.

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ-વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ-૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**:: પરીશિષ્ટ ::**


ગુજરાત રાજયના કચ્છ જીલ્લાના રાપર તાલુકાના મોજે- ગેડી ગામના રે.સ.નં. ૧૭૨૨ ની જમીન હે. ૧-૫૪-૮૦ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ રામાભાઈ બાઉભાઈ ચંડેસર પાસેથી રજીસ્ટર્ડ લીઝ ડિડ થી જરૂરીયાત મુજબની જમીન ભાડાપટ્ટેથી રાખવાની છે.

તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફિસ સરનામું : મહેતા કોમ્પલેક્ષ, દેના બેંક ચોક, રાપર, મુ.રાપર, જી.કચ્છ. મો.નં.૯૬૮૭૧ ૭૬૦૮૧
તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**મહેશ આઈ.ગઢવી** (એડવોકેટ)


તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ભુજમાં ન્યુ મુરલી બેકરીનો દબદબાભેર ભવ્ય પ્રારંભ


**અંજાર બાદ હવે ભુજના સ્વાદપ્રિય શહેરીજનોને મળશે શુદ્ધ અને ગુણવત્તાયુક્ત બેકરી પ્રોડક્ટ્સ : મહંત ત્રિકમદાસજી મહારાજ અને ભગવાનદાસજી મહારાજે પાઠવ્યા આશીર્વચન : સંચાલક અલ્પેશ ઠક્કરે પ્રમાણિકતા સાથે સેવાની કટિબદ્ધતા કરી વ્યક્ત : ઉદ્દઘાટનના પ્રથમ દિવસે થયેલી તમામ આવક ગૌસેવા માટે અર્પણ**

ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજ શહેરમાં રવિવારે સાંજે એક ભવ્ય અને સ્વાદિષ્ટ મંગલારંભ થયો છે. અંજારમાં વર્ષોથી પોતાની આગવી ઓળખ અને સ્વાદ માટે જાણીતી 'મુરલી બેકરી'ની નવી શાખા 'ન્યુ મુરલી બેકરી'નું ગઈકાલે પવિત્ર સમયે ભુજ મધ્યે શાસ્ત્રોક્ત વિધિ અને ભવ્ય સમારોહ સાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

ન્યુ મુરલી બેકરીના સંચાલક અલ્પેશભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, આ વ્યવસાય તેમના પિતાનો ઘણો જૂનો વ્યવસાય છે. અંદાજે ૫૦ વર્ષ પહેલાં તેમના પિતાએ માત્ર પાવ બનાવવાથી આ બેકરી વ્યવસાયની શરૂઆત કરી હતી. ત્યારબાદ સમયની સાથે ધીમે-ધીમે એક પછી એક નવી આઇટમ ઉમેરવામાં આવી અને છેલ્લા ૧૦ વર્ષથી બેકરીની તમામ નાની-મોટી પ્રોડક્ટ્સ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આજે તેમના પિતા ૮૪ થી ૮૫ વર્ષની ઉંમરે પણ આ વ્યવસાયમાં એટલા જ સક્રિય છે. અલ્પેશભાઈ જ્યારે હાજર ન હોય ત્યારે પણ તેમના પિતા ટેલિફોનિક માધ્યમથી અથવા રૂબરૂ રહીને આખી બેકરીનું સંચાલન ખૂબ જ કુશળતાપૂર્વક સંભાળી લે છે અને માલની ગુણવત્તા બાબતે સતત માર્ગદર્શન પૂરું પાડે છે.

ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને વ્યવસાયની નીતિ વિશે વાત કરતા અલ્પેશભાઈએ એક ખૂબ જ સુંદર અને માર્મિક વાત કહી હતી. તેમણે જણાવ્યું હતું કે, જો જીવનમાં અને ધંધામાં ઈમાનદારી ન રાખવી હોય તો ખાવા-પીવાની લાઈનમાં ક્યારેય આવવું જોઈએ નહીં. આ લાઈનમાં ઈમાનદારી ખૂબ જ જરૂરી છે, કારણ કે આપણે લોકોને જે ખવડાવીએ છીએ તે શુદ્ધ અને ગુણવત્તાસભર હોવું જોઈએ. અંજાર અને ગાંધીધામમાં વર્ષો સુધી ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ જીત્યા બાદ હવે ભુજની જનતાને પણ એ જ ગુણવત્તા અને પૂર્ણ વિશ્વાસ સાથે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માલ પૂરો પાડવામાં આવશે તેવો દ્રઢ સંકલ્પ તેમણે વ્યક્ત કર્યો હતો. ન્યુ મુરલી બેકરી પરિવારના દેવ ઠક્કરે જણાવ્યું હતું કે, ગાંધીધામ અને અંજાર બાદ હવે ભુજની સ્વાદપ્રિય જનતાની સેવામાં આ બ્રાન્ચ કાર્યરત કરવામાં આવી છે. ઉદ્દઘાટનના પ્રથમ દિવસે થયેલી તમામ આવક ભુજની પાંજરાપોળમાં ગૌસેવા માટે અર્પણ કરવામાં આવી છે.

આ ભવ્ય ઉદ્ઘાટન પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પવિત્ર સંત પૂજ્ય મહંત ત્રિકમદાસજી મહારાજ અને પૂ. ભગવાનદાસજી મહારાજે રાધે-રાધેના નારા સાથે પોતાના આશીર્વચન પાઠવ્યા હતા. પૂ. ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ ગાયો ચરાવીને ગોકુળ ગામમાં પાછા ફરતા તે ગોધૂલિ સમય એટલે કે ગૌરજ સમયે કચ્છના પાટનગર ભુજમાં આ ન્યુ મુરલી બેકરીનું ઉદ્ઘાટન થયું છે જે અત્યંત આનંદ અને મંગલમય બાબત છે. મુરલી બેકરીના ઓનર અલ્પેશભાઈ ઠક્કર અને દેવ ઠક્કરે ગાદીના પરમ ભક્ત અને રસીક જીવ છે. મહારાજશ્રીએ ભગવાન નારાયણદેવ પાસે પ્રાર્થના કરી હતી કે આ સંસ્થા દ્વારા ભુજના તમામ લોકોને સારામાં સારી ક્વોલિટી મળી રહે અને ગ્રાહકોના પૂર્ણ વિશ્વાસ સાથે તેમનો વેપાર-ધંધો ઉત્તરોત્તર પ્રગતિ કરે. આ પ્રસંગે રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના અગ્રણીઓ તેમજ લોહાણા સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ નવા સોપાન માટે શુભકામનાઓ પાઠવી હતી.

# પુનડીનગરે પ.પૂ. આચાર્ય ભગવંત મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા.નો કરાયો ચાતુર્માસનગર પ્રવેશ






**નગરના પ્રવેશ દ્વારા ગુરૂભગવંતનું કરાયું ભવ્ય સામૈયું : સાધ્વી ભગવંત લિખીત અષ્ટોતરી ગ્રંથમાલા પુસ્તકનું કરાયું વિમોચન**

ગઢશીશા - કચ્છઉદય : રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત ગુણસાગર સૂરીશ્વરજી મ.સા. ના શિષ્યરત્ન આગમદિવાકર પ્રશમરસનિધિ પ.પૂ. આચાર્ય ભગવંત મહોદયસાગર સૂરીશ્વરજી મ.સા. ગણિવર્ય, પ.પૂ. ધર્મરત્નસાગરજી મ.સા. આદિઠાણા આઠનો ગઈકાલ તા. ૧૯-૭-૨૦૨૬ના રવિવારના પુનડી નગરે સકળ સંઘની ઉપસ્થિતિમાં વાજતે ગાજતે ચાતુર્માસનગર પ્રવેશ કરાયો હતો.

૫૨/૪૨ ગામોના અનેક ભાવિકો, ગુરૂભક્તો ગામની નિયાણી બહેનો અને ગામવાસીઓ જોડાયા હતા. પૂજ્ય ગુરૂદેવના ૭૪મા જન્મતિથિ નિમિતે એસ.પી. એમ. પરિવારના પ્રવિણભાઈ અમદાવાદના ટોકરશીમામા આદિ દ્વારા રજોહરણ વધામણા કરાયા હતા. ગુરૂદેવશ્રીએ આત્માનુભવની અગત્યતા અને દુર્લભતા પર પ્રકાશ પાડ્યો હતો.

આ પ્રસંગે ગુરૂદેવને સુત્ર અને ચરિત્ર વહોરાવવાનો લાભ કસ્તુરબેન રવિલાલ સંઘોઈ પરિવાર અને કુસુમબેન મુકેશભાઈ ગંગર પરિવારે લીધો હતો. તેમજ ગુરૂદેવને કામળી વહોરાવવાનો લાભ સંઘમાતા મણીબેન કુંવરજી નંદુ પરિવાર હસ્તે સરોજબેન કિશોરભાઈ નંદુએ લીધો હતો. જયારે ગુરૂપૂજનનો લાભ ડો. કસ્તૂરબેન રમણભાઈ મારૂ શ્રીમારૂ પરિવારે લીધો હતો. આયોજનને સફળ બનાવવા મહાજનના મુખ્ય ટ્રસ્ટી કિશોરભાઈ નંદુ, રાજુભાઈ સંઘોઈ, મનીષભાઈ મામણિયા, મુકેશભાઈ ગંગર, રોહિતભાઈ છેડા સહિતના ટ્રસ્ટી ગણે જહેમત ઉઠાવી હતી. પ્રારંભમાં ટ્રસ્ટી કિશોરભાઈ નંદુએ સકળ સંઘને આવકાર્યા હતા. અખિલ કચ્છ વિધિપક્ષ જૈન સંઘના જતીનભાઈ છેડાએ પોતાના વિચારો રજુ કર્યા હતા. વિવિધ મહાનુભાવોના હસ્તે સાધ્વી ભગવંત લિખિત અષ્ટોતરી ગ્રંથમાલા પુસ્તકનું વિમોચન કરાયું હતું. સુત્ર સંચાલન ધીરજભાઈ છેડા એકલવીરે સંભાળ્યું હતું. નિકેશ દેઢિયાએ સંગીત સંયોજન કર્યું હતું. દેવપર જૈન મહાજ દ્વારા ગુરૂભગવંતને જ્ઞાન શિબિરનો લાભ આપવા રજૂઆત કરી હતી.

# ભુજને સતાવતી રસ્તા ઉપર વાહનો પાર્કિંગ કરવાની પીડા

**પાર્કિંગ પ્લોટ ન હોવાના કારણે સામાન્ય જનતા જો ક્યાંય વાહન પાર્ક કરે તો દંડાવાનો આવે છે વારો : કેટલીક જગ્યાએ લોકો પણ રસ્તાને નડતર થાય તેવી રીતે આડેધડ પાર્કિંગ કરી અને ચાલ્યા જાય છે : પાર્કિંગ સુવિધા બનાવ્યા વગર જ રસ્તા ઉપર રહેલી કોમર્શિયલ બિલ્ડીંગો અને દુકાનો ખડકી દેવાઇ : ભુજની વધતી વસ્તી અને વિકાસ હવે હવે માંગે છે પાર્કિંગ માટેનું વ્યવસ્થા**

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં પાર્કિંગની કોઈપણ જાતની સુવિધા ખાનગી બિલ્ડરો દ્વારા તેમની બનાવાયેલી રસ્તા પર આવેલી કોમર્શિયલ બિલ્ડીંગમાં કે દુકાન પાસે અથવા સરકાર દ્વારા વિશેષ કરવામાં આવી નથી અને બીજીબાજુ તેના કારણે રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ કરતા વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવતા રોષની લાગણી ફેલાઈ છે.

લોકોનું કહેવું છે કે પોલીસ અને સરકારી વાહનો પણ આવી જ રીતે રસ્તા ઉપર પાર્ક કરવામાં આવે છે, ત્યારે જનતાને પાર્કિંગ માટે દંડ કેવી રીતે ફટકારી શકાય.? બીજીબાજુ પોલીસતંત્ર કહે છે કે અમે અન્ય લોકોને તકલીફ ન થાય તેના માટે જ પાર્કિંગ સામેની ઝુંબેશ ચલાવીએ છીએ. પોલીસ ટ્રાફિક તંત્રને તો આડેધડ પાર્કિંગને કારણે તેને નિયમન કરવાના વધારાના કામનો બોજો પડે છે. લોકો પણ રસ્તાની સાઈડમાં પણ લાઈનસર વાહન રાખવાની જગ્યાએ જેને જ્યાં મજા આવે તેમ આડેધડ વાહનોનું પાર્કિંગ કરી અને લાંબો સમય ચાલ્યા જાય છે. અમદાવાદ, સુરત જેવા મહાનગરોમાં પણ મોટાપાયે પાર્કિંગ રસ્તાની સાઈડમાં અથવા રસ્તાની આજુબાજુના ચોકમાં થતું જોવા મળે છે પરંતુ તેમાં એકદમ શિસ્તથી અને એક લાઈનમાં બધા વાહનો પાર્ક કરેલા હોય છે. જ્યારે ભુજના વાહન ચાલકો જ્યાં વાહન ઉભું રાખે ત્યાં જ ધમધમતી બજાર વચ્ચે વચ્ચ પાર્કિંગ કરે છે ત્યારે તેને જગાડવા માટે દંડ ફટકારવો જરૂરી છે નહીં તો રસ્તા પર આડેધડ ટ્રાફિકજામ થઈ જાય.

બીજી બાજુ ભુજમાં સ્ટેશન રોડ, બસ સ્ટેશન રોડ ટ્રાફિક જામનું એપી સેન્ટર છે. એસટી બસ સ્ટેશનની બહાર નીકળવા માંગતી એસટી બસ માંડ માંડ બહાર નીકળી શકે છે. એકબાજુ બસ સ્ટેશન અહીં જ રાખવાનો હઠાગ્રહ કરી અને વ્યવસ્થિત જરૂરી પ્રમાણમાં વાહન પાર્કિંગની સુવિધા વગર નવા બસ સ્ટેશન બનાવાયું છે. બીજી બાજુ જૂની દુકાનો તો નથી હટાવવાતી અથવા તો તેમને નવા બસ સ્ટેશનમાં લાંબા સમયથી ખાલી પડેલી નવી દુકાનોમાં રિપ્લેસ કરી આપવામાં આવતી નથી. ઉપરથી સવારે બસ સ્ટેશન પાસે શાકભાજીની માર્કેટ ભરાય છે, તેને તો કમ સે કમ બીજી જગ્યાએ ખસેડી શકાય. તેને ખસેડવા માટે ઓપનએર થિયેટરમાં પ્રયાસ પણ કરાયો હતો પરંતુએ પ્રયાસમાંથી પણ "એર" નીકળી ગઈ અને બધા શાકભાજી વેચવા વાળા ફેરીયાઓ "ઓપન"માં આવી ગયા, પણ તેનું સુરસુરિયું થઈ ગયું. ઘણા લોકો એવું સૂચવે છે કે ભુજના સેન્ટરમાં આવેલા જ્યુબેલી ગ્રાઉન્ડમાં વધારે મોટો ખર્ચો કર્યા વગર જ અને કોઈ પણ જાતના શોપિંગ સેન્ટર બનાવ્યા વગર વધારે જગ્યામાં બસ સ્ટેશન બનાવવું જોઈએ.

રમતગમત પ્રેમીઓ આ માટે વિરોધ કરે તે ચોક્કસ વાત છે પરંતુ તેમને તેની જગ્યાએ હાલમાં મિડલ સ્કૂલનું રમત ગમતનું મેદાન પણ મુક્ત કરીને અથવા નવું અન્યત્ર મેદાન રમત ગમત માટે ફાળવી દેવુ જોઈએ. નવા બસ સ્ટેશનનો ઉપયોગ નવી શાકમાર્કેટ અને અન્ય માર્કેટ તથા અને મોલ તથા શોપિંગ સેન્ટર તરીકે ઉપયોગ કરી શકાય. એવો વિચાર પણ લોકો રજૂ કરી રહ્યા છે. જોકે એમાં પણ ઘણા મત મતાંતર છે.

ભુજની મુખ્ય સ્ટેટ બેંક પણ બહારના ખુલ્લા વિસ્તારમાં આવે તો સ્ટેશન રોડનો ટ્રાફિક અડધો થઈ જાય. સ્થાપિત હિતો ભુજનો વિકાસને આડા ન ઉતરે તો આવતીકાલના ભુજનો વિચાર કરી અને ભવિષ્યનું નવું આયોજન અને નવો વિકાસ થવો જરૂરી છે કારણ કે ફક્ત ભુજની વસ્તી જ નથી વધવાની પરંતુ ભુજ તરફ લોકોનું પ્રવાસીઓનું આકર્ષણ પણ ઘણું વધી રહ્યું છે અને ઔદ્યોગિક વિકાસને કારણે હજારો નવા લોકો કચ્છમાં ઠલવાઈ રહ્યા છે.

# પશુઓ માટે પીવાના પાણી અને ખેડૂતોને રાહત પેકેજ જાહેર કરવા માંગ

**કચ્છ જિલ્લા કિસા કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્યમંત્રી સહિતને વિવિધ મુદ્દે રજૂઆત કરી**

ભુજ - કચ્છઉદય : કચ્છમાં વરસાદ ખેંચાતા સર્જાયેલી ગંભીર પાણીની અછત, સુકાઈ રહેલા પાક, પશુધન માટે પીવાના પાણીની તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા તથા ખેડૂતોને રાહત પેકેજ જાહેર મુખ્યમંત્રી, કૃષિમંત્રી, કલેકટરને રજૂઆત કરવામાં આવી છે.

કચ્છ જિલ્લા કિસાન કોંગ્રેસે જણાવ્યું હતું કે, કચ્છના ખેડૂતો અને પશુપાલકોની વિવિધ રજૂઆતોને ધ્યાને લઈ સરકાર દ્વારા ઘાસચારાની રાહતદરે વ્યવસ્થા કરવાનો સંવેદનશીલ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બદલ સમગ્ર કચ્છના ખેડૂતો અને પશુપાલકોવતી આપનો આભાર વ્યક્ત કર્યો હતો. પરંતુ હાલ કચ્છમાં વરસાદના લાંબા વિરામને કારણે અત્યંત ગંભીર અને ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ છે.

આ વર્ષે ખેડૂતો દ્વારા ભારે ખર્ચ કરીને વાવેતર કરવામાં આવ્યું છે, પરંતુ વરસાદ ખેંચાઈ જવાથી ઉભા પાક સુકાઈ રહ્યા છે.

બીજીતરફ તળાવો, ચેકડેમો, કુવાઓ અને અન્ય જળસ્ત્રોતોમાં પાણી ઝડપથી ઘટી રહ્યું છે. પશુઓને પીવાનું પાણી મળવું મુશ્કેલ બન્યું છે. અનેક ગામોમાં માનવ અને પશુ બંને માટે પાણીની સ્થિતિ ગંભીર બની રહી છે. કચ્છની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કૃષિ અને પશુપાલન પર આધારિત છે. જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થશે, પશુધન પર સંકટ ઊભું થશે અને ગ્રામ્ય અર્થતંત્ર પર ગંભીર અસર પડશે. જેથી કચ્છના તમામ અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક પીવાના પાણી માટે ટેન્કરોની નિયમિત વ્યવસ્થા કરવા, પશુઓ માટે અલગ પાણીના અવેડા તથા પાણીના પોઈન્ટ શરૂ કરવા, નર્મદા કેનાલ અથવા અન્ય ઉપલબ્ધ જળસ્ત્રોતોમાંથી શક્ય તેટલું તાત્કાલિક પાણી છોડવા, ઉભા પાકને બચાવવા માટે તાત્કાલિક સિંચાઈ માટે વૈકલ્પિક પાણી ઉપલબ્ધ કરાવવા, જિલ્લા સ્તરે વિશેષ કંટ્રોલ રૂમ બનાવી દરરોજ પાણીની સ્થિતિનું મોનિટરિંગ કરવા, દરેક તાલુકામાં કૃષિ અને પશુપાલન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરવા, વરસાદમાં વધુ વિલંબ થાય તો કચ્છ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરવાની કાર્યવાહી શરૂ કરવા, ખેડૂતોને પાક નુકસાન અંગે વિશેષ રાહત પેકેજ તથા વળતર આપવા, પશુપાલકો માટે ઘાસચારા સાથે પીવાના પાણીની સતત વ્યવસ્થા રાજ્ય સરકારના ખર્ચે કરવા, જરૂરિયાત મુજબ મહાત્મા ગાંધી નરેગા અને અન્ય રાહત યોજનાઓનો વ્યાપ વધારી ગ્રામ્ય પરિવારોને રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ કરાઈ હતી. ભારતના બંધારણમાં કલ્યાણકારી રાજ્યની ભાવના તથા ખેડૂતો અને પશુપાલકોના હિતોના સંરક્ષણને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર તાત્કાલિક માનવતા આધારિત નિર્ણય લેવામાં આવે તેવી તેવી કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિએ રજૂઆત કરી છે.

# મેઘપર બોરીચીની સો મિલમાં શ્રમિકનો ગળે ફાંસો ખાઈ આપઘાત

**અંજાર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી**

અંજાર : અંજાર તાલુકાના મેઘપર બોરીચી ખાતે સર્વે નં. ૨૫ માં આવેલી 'હાઉસ ઓફ ટ્રેડિંગ' સો મિલમાં એક યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. મૂળ આસામના વતની અને હાલ સો મિલમાં રહેતા આશાદુલ દાનતઅલી હક (ઉ.વ. ૨૩) નામના યુવકે મિલના છાપરામાં લોખંડના પાઈપ સાથે કપડું બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ લાશને પીએમ અર્થે અંજાર સી.એચ.સી. હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. અંજાર પોલીસે બીએનએસએસની કલમ-૧૯૪ મુજબ અકસ્માતે મૃત્યુની નોંધ કરી આગળની તપાસ પીએસઆઈ વી. એ. ઝા ચલાવી રહ્યા છે.

### અંજારના સંઘવી હોમ્સમાંથી ૧૯ વર્ષીય યુવક ગુમ

અંજાર: અંજારના સંઘવી હોમ્સ (મ.નં. ૫૮૮) માં રહેતા મેહુલભાઇ રવીદાનભાઇ ગઢવી (ઉ.વ. ૨૪) ગત તા. ૦૮/૦૭/૨૦૨૬ ના રોજથી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગયા છે. મેહુલભાઈ ઘઉંવર્ણ, મધ્યમ બાંધો, ૫.૫ ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેમણે બ્લેક શર્ટ અને ગ્રે પેન્ટ પહેરેલ છે તેમજ જમણા હાથ પર 'M' ત્રોફાવેલ છે. સગા-સંબંધીમાં શોધખોળ કરવા છતાં પતિ પત્તો ન લાગતાં ૧૯ વર્ષીય પત્ની ફોરમ ગઢવીએ અંજાર પોલીસ મથકે જાણવાજોગ નોંધાવી છે. હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા આ મામલે આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# ભીરંડીયારામાં પોશડોડા સાથે રાજસ્થાનના બે શખ્સ પકડાયા

ભુજ - કચ્છઉદય : ભીરંડીયારા ચેકપોસ્ટ પાસે વાહન ચેકીંગ દરમ્યાન પોશડોડા સાથે બે શખ્સ પકડાયા હતા. આ બાબતે ધોરડો પોલીસના જણાવ્યા પ્રમાણે મુળ જોધપુરના ભગીરથરામ બુધ્ધારામ પુનીયા અને બીકાનેરના ભગીરથ રામેશ્વર બિશ્નોઈને પકડી લેવામાં આવ્યા હતા. બન્ને જણા આરઈ પાર્કમાં રહે છે. તેઓ પાસેથી જી.જે.૧૨ સીવી ૦૯૯૩ નંબરની બોલેરો કબજે કરવામાં આવી હતી. ૪૭૮ ગ્રામ પોશડોડા કિંમત રૂા. ૭૫૦૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. કોઈ આધાર પુરાવા ન હોવાથી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# મેઘપર બોરીચીમાંથી પરિણિતા રોકડ રકમ અને દસ્તાવેજો સાથે ગુમ

**શાંતિનગરમાં રહેતી પરીણીતા ઘરેથી ક્યાંક ચાલી જતાં અંજાર પોલીસ મથકે જાણવાજોગ દાખલ**

અંજાર: અંજારના મેઘપર બોરીચી સ્થિત શાંતિનગરમાં રહેતા પરીણાતા (ઉ.વ. ૩૨) ગત ૧૯ જુલાઈથી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે."""પરિણિતા ઘઉંવર્ણ, મધ્યમ બાંધો, ૫.૫ ફૂટ ઊંચાઈ ધરાવે છે અને તેમણે બ્લેક જીન્સ તથા વ્હાઈટ ટોપ પહેરેલ છે. તેમના જમણા હાથ પર અંગ્રેજીમાં 'Krishna' ત્રોફાવેલ છે. તેઓ ઘરેથી રોકડા રૂ. ૬૦,૦૦૦, બેંક પાસબુક તથા મહત્વના દસ્તાવેજો સાથે લઈ ગયા છે. સગા-સંબંધાસંબંધીમાં શોધોખોળ કરવા છતાં ન મળી આવતાં પતિએ અંજાર પોલીસ મથકે ગુમ નોંધ કરાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# નવી દુધઈમાંથી ૪૭ વર્ષીય પ્રૌઢ ગુમ થતાં ચિંતા

**કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલા પ્રૌઢની શોધખોળ માટે દુધઈ પોલીસની અપીલ**

દુધઈ : દુધઈ તાલુકાના નવી દુધઈ ગામે રહેતા સામજી જેઠાભાઈ મહેશ્વરી (ઉ.વ. ૪૭) ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ સવારે પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.

ગુમ થનાર સામજીભાઈએ પીળા કલરનું ટી-શર્ટ અને ભૂખરા કલરનું પેન્ટ પહેરેલ છે. તેઓ ઘઉંવર્ણ, ૫.૬ ફૂટ ઊંચાઈ ધરાવે છે અને જમણા હાથ પર ગુજરાતીમાં 'સામજી' ત્રોફાવેલ છે. પત્ની ગવરીબેન સામજીભાઈ મહેશ્વરીની જાહેરાત આધારે દુધઈ પોલીસે ગુમ નોંધ દર્જ કરી હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ ગાગલ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## આદિપુર પોલીસની ટીમને અભિનંદન : અમદાવાદથી કૌભાંડીને દબોચ્યો

# વરસામેડીની કિંમતી જમીન હડપવાના કાંડમાં ભુજનો શખ્સ ઈશ્વર દાદલાણી અંતે પોલીસ ઝપ્ટે ચડયો

**જમીનમાં કાકાનો કોઈ હક્ક, હિસ્સો કે હિત ન હોવા છતાં, તેમાંથી પૈસા કઢાવવાના ઈરાદાથી કાકા જયચંદભાઇ અને ભુજના ઈશ્વર દાદલાણીએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક નકલી અને બનાવટી સાટા કરાર ઊભો કર્યાની ફરીયાદ આદિપુરમાં થઈ હતી દાખલ**

આદિપુર : અંજાર તાલુકાના વરસામેડી ગામની કીમતી જમીન હડપ કરવા અથવા તેમાંથી મોટી રકમ પડાવવાના બદઈરાદાથી સગા કાકાએ અન્ય એક શખ્સ સાથે મળીને પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હોવાની ચોંકાવનારી ઘટના તાજેતરમાં આદિપુર પોલીસ મથકે નોધાવવા પામી હતી. આરોપીઓએ બોગસ સાટાખત બનાવી તેને સરકારી કચેરીમાં સાચા તરીકે રજુ કરતાં આદિપુર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરીયાદીએ જમીન કૌભાંડમાં બોગસ દસ્તાવેજો બનાવવા સબબના જેની સામે ફરીયાદ નોધાવવા પામી હતી તે પૈકીના એક એવા ઈશ્વર દાદલાણીની અંતે પોલીસે ધરપકડ કરી લીધી છે અને કાયદાનો પાઠ હવે તેને પણ ભણવાનો વારો આવવા પામી ગયો હોવાની સ્થિતી સર્જાતી જોવાઈ રહી છે.

આ સંદર્ભે આદીપુર પીઆઈ શ્રી વાડાની સાથે વાતચીત કરતા તેઓએ કહ્યુ હતુ કે, ફરીયાદ થઈ હતી તેના આધારે તપાસ શરૂ

**આ જમીન ફરિયાદીએ અગાઉ વર્ષ ૨૦૨૧માં જ કાયદેસરના વેચાણ દસ્તાવેજોથી અન્ય લોકોને વેચી દીધેલી છે. આમ છતાં, આ જમીનમાં કોઈ હક્ક, હિસ્સો કે હિત ન હોવા ઉપરાંત તેમાંથી પૈસા કઢાવવાના ઈરાદાથી ભુજના ઈશ્વર દાદલાણીએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક નકલી અને બનાવટી સાટા કરાર ઊભો કર્યો હતો.: હવે આ તમામ પાસાઓની પુછતાછ બાદ થઈ શકે છે આ પ્રકરણમાં વધુ નવા ખુલાસા**

કરવામા આવી હતી અને અમદાવાદ મધ્યેથી અમારી ટીમે ઈશ્વરભાઈ દાદલાણીને આ કેસમાં ધરપકડ કરાઈ છે. હવે કોર્ટમાં રજુ કરી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવશે તેમ જણાવ્યુ હતુ.

જે ફરીયાદ નોધાઈ છે તેની જો વાત કરીએ તો "મળતી માહિતી મુજબ, આદિપુરના વોર્ડ નંબર ૩/એ, પ્લોટ નંબર ૩૫૦/૩૫૧ માં રહેતા અને જમીન લે-વેચનો

**અમદાવાદમાથી અમારી ટીમે ઝડપ્યા છે, કોર્ટમાં રજુ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવશે : શ્રી વાળા(પીઆઈ, આદિપુર પોલીસ મથક)**


ધંધો કરતા હિતેશ મહેન્દ્રભાઈ રૂપારેલ (ઠક્કર) (ઉં.વ. ૪૯) એ પોતાના સગા કાકા સહિત બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી હિતેશભાઈના સ્વર્ગસ્થ પિતાજીની માલિકીની વરસામેડી ગામની સર્વે નંબર ૫૧૨/૧ તથા ૫૧૨/૧૮૧ વાળી કીમતી જમીન આવેલી છે. આ જમીન ફરિયાદીએ અગાઉ વર્ષ ૨૦૨૧માં જ કાયદેસરના વેચાણ દસ્તાવેજોથી અન્ય લોકોને વેચી દીધેલી છે. આમ છતાં, આ જમીનમાં કાકાનો કોઈ હક્ક, હિસ્સો કે હિત ન હોવા છતાં, તેમાંથી પૈસા કઢાવવાના ઈરાદાથી કાકા જયચંદભાઇ અને ભુજના ઈશ્વર દાદલાણીએ પૂર્વ આયોજિત કાવતરું રચી એક નકલી અને બનાવટી સાટા કરાર ઊભો કર્યો હતો.

આ સાટા કરાર તદ્દન ખોટો અને બનાવટી હોવાનું જાણવા છતાં આરોપીઓએ સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર કચેરી, ભુજ-કચ્છ ખાતે અરજી કરી આ દસ્તાવેજ રજૂ કર્યો હતો. જેમાં ખોટી રકમો દર્શાવી, ખોટી સહીઓ કરી તેમજ છેકછાક કરી તેને સાચા તરીકે ચલાવવાનો ગુનો કર્યો છે. આદિપુર પોલીસે ઈશ્વર ટી. દાદલાણી (રહે. શિવમ બી/૧૭/એ, ભાનુશાલીનગર, ભુજ) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૩૯, ૩૪૦ અને ૬૧(૨) મુજબ ગુનો નોધેલો છે.



## આદિવાસી વિસ્તારો માટે પરિવહન સુવિધા મજબૂતઃ રાજ્યમાં ૧૩૯ નવી એસ.ટી. બસોનું પ્રસ્થાન





### મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ લીલી ઝંડી દર્શાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગરઃ રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં વાહનવ્યવહારની સુવિધા વધુ સુદ્રઢ અને સરળ બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આદિવાસી વિસ્તારોના નાગરિકોની સુવિધા અર્થે ૧૩૯ નવી એસ.ટી. બસો મુકવામાં આવી છે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી દ્વારા આ નવીન એસ.ટી. બસોને ફ્લેગ ઓફ (લીલી ઝંડી) દર્શાવીને જનતાની સેવામાં રવાના કરવામાં આવી હતી.

આ તમામ નવીન ૧૩૯ એસ.ટી. બસો ખાસ કરીને રાજ્યના ટ્રાયબલ (આદિવાસી) વિસ્તારોમાં દોડાવવામાં આવશે, જેથી ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના લોકોને શહેરો સાથેનું જોડાણ સરળતાથી મળી રહે."""આધુનિક પરિવહન સુવિધાઃ નવી બસોના આગમનથી આદિવાસી વિસ્તારના મુસાફરો, વિદ્યાર્થીઓ અને દૈનિક અપ-ડાઉન કરતા નાગરિકોને વધુ સુરક્ષિત, આરામદાયક અને ઝડપી પરિવહન સુવિધા પ્રાપ્ત થશે. સરકારના આ અભિગમથી આદિવાસી ક્ષેત્રોમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારી લક્ષી આવન-જાવનમાં મોટો સાનુકૂળ ફેરફાર આવશે.

## ડે.સીએમ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઇ



ગાંધીનગરઃરાજ્ય સરકાર દ્વારા વહીવટી કામગીરીને વધુ ગતિશીલ, પારદર્શી અને સુદ્રઢ બનાવવાના ભાગરૂપે આજે ગાંધીનગરમાં એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીની વિશેષ અધ્યક્ષતામાં યોજાયેલી આ અગત્યની બેઠકમાં રાજ્યના નાણા, કૃષિ, શિક્ષણ અને ગૃહ વિભાગ જેવા સંવેદનશીલ અને પ્રાથમિકતા ધરાવતા વિષયો પર સઘન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.આ સમીક્ષા બેઠકમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી પ્રદ્યુમનસિંહ વાજા તેમજ સંબંધિત વિભાગોના અગ્ર સચિવો અને ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## પહેલા પાનાથી..રાજ્યના વહીવટી બેડામાં

વિકાસ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

### બદલી પામેલા મુખ્ય અધિકારીઓ અને તેમની નવી જવાબદારીઓ

**વીજ કંપનીઓ અને ઊર્જા ક્ષેત્રઃ** ગૌરાંગભાઈ એચ. મકવાણાઃ ડાયરેક્ટર થી બદલી કરીને મેનેજિંગ ડાયરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. , મહેસાણા તરીકે નિમણૂક. કે. જે. રાઠોડઃ ડાયરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટથી બદલી કરીને MD, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. , સુરત. એમ. ડી. ચુડાસમાઃ નિવાસી અતિરિક્ત કલેક્ટર, વલસાડથી બદલી કરીને MD, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. , રાજકોટ. ડી. કે. પટેલઃ OSD, જીઓલોજી અને માઈનિંગથી બદલી કરીને ડાયરેક્ટર, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી, ગાંધીનગર. **મહાનગરપાલિકાઓ તથા શહેરી વિકાસઃ** પ્રભાવ જોશીઃ મ્યુનિસિપલ કમિશનર, જૂનાગઢથી બદલી કરીને જોઈન્ટ સ્ઢ, ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ગાંધીનગર. આઈ. આર. વાળાઃ સચિવ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતથી બદલી કરીને મ્યુનિસિપલ કમિશનર, જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન. સુથાર રાજ રમેશચંદ્રઃ CEO, સુડા થી બદલી કરીને મ્યુનિસિપલ કમિશનર, પોરબંદર મ્યુનિસિપલ કોર્પોરેશન. સ્મિત સંતોષ લોધાઃ DDO, દાહોદથી બદલી કરીને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન. આર. એન. કુચારાઃ ડાયરેક્ટર, DRDA (અરવલ્લી) થી બદલી કરીને રીજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, રાજકોટ.સી. એ. ગાંધીઃ જોઈન્ટ ડાયરેક્ટર, નાગરિક પુરવઠા નિયામક કચેરીથી બદલી કરીને રીજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ, વડોદરા. **જિલ્લા વિકાસ અધિકારીઓ ની નિમણૂકઃ** એચ. જે. પ્રજાપતિઃ મ્યુનિસિપલ કમિશનર, પોરબંદરથી બદલી કરીને DDO, અમરેલી. કે. પી. જોશીઃ MD, PGVCL થી બદલી કરીને DDO, દેવભૂમિ-દ્વારકા. ડી. કે. બ્રહ્મભટ્ટઃ MD, ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનથી બદલી કરીને DDO, ગાંધીનગર. હિરેન જિતેન્દ્રભાઈ બારોટઃ પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર, અરવલ્લીથી બદલી કરીને ઢ્ઢ્ઢ, દાહોદ. કે. એસ. ઝાલાઃ જોઈન્ટ સ્ઢ, ટુરીઝમ કોર્પોરેશનથી બદલી કરીને DDO, ડાંગ-આહવા. **નિગમો, મિશન અને અન્ય મહત્વના વિભાગોઃ**એમ. પી. પંડ્યાઃ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓથી બદલી કરીને સ્ઢ, ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન લિ., ગાંધીનગર. બી. કે. જોશીઃ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, ઢ્ઢઝ થી બદલી કરીને રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર. મહેશ શાંતિલાલ જાનીઃ ચેરમેન, રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડથી બદલી કરીને મિશન ડાયરેક્ટર, ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન, ગાંધીનગર. સી. બી. ગણાત્રાઃ રાજ્યમંત્રી (જળસંપત્તિ) ના અંગત સચિવ પદેથી બદલી કરીને સ્ઢ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ., ગાંધીનગર.એમ. કે. જોશીઃ સચિવ, પંચાયત સેવા પસંદગી મંડળથી બદલી કરીને CEO, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર. એ. કે. જોશીઃ રાજ્યપાલશ્રીના કમ્પ્ટ્રોલર ઓફ હાઉસહોલ્ડથી બદલી કરીને MD, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ. બી. એચ. પટેલઃ અતિરિક્ત કલેક્ટર (સિંચાઈ), વડોદરાથી બદલી કરીને MD, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર. ડૉ. બી. એસ. પ્રજાપતિઃ અતિરિક્ત કલેક્ટર (નર્મદા), વડોદરાથી બદલી કરીને MD, ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિ., ગાંધીનગર. પી. બી. રાઠોડઃ CEO, ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડથી બદલી કરીને ડાયરેક્ટર, સ્કિલ ડેવલપમેન્ટ, ગાંધીનગર. એ. કે. વસ્તાનીઃ ડાયરેક્ટર, DRDA (રાજકોટ) થી બદલી કરીને ડાયરેક્ટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ, ગાંધીનગર. વી. જી. પટેલઃ જોઈન્ટ કમિશનર, સુરતથી બદલી કરીને અતિરિક્ત ગ્રામ વિકાસ કમિશનર, ગાંધીનગર. ઉપરાંત, બી. એન. પટેલ (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, ગુજરાત ગૅસ લિ.) અને વી. કે. યાદવ (નિયામક, વિકસતી જાતિ કલ્યાણ) ની સેવાઓ સંબંધિત વિભાગો હેઠળ યથાવત રાખવામાં આવી છે.

## પહેલા પાનાથી...

**પેપર લીક મોટું પાપ**

ઓને જેલહવાલે કરી દેવાયા છે. પેપર લીકના વિરોધમાં 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા કરાયેલા ઉગ્ર આંદોલન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી, જેમાં ૫ આઈપીએસ અધિકારીઓ સહિત ૧૧૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે. આ ઉપરાંત ગત મોડી રાત્રે જનપથ વિસ્તારમાં તોડફોડની ઘટનાઓ પણ સામે આવી છે.વડાપ્રધાન મોદીએ સંસદીય દળની બેઠકમાં સમગ્ર મામલે સંતોષજનક જવાબો આપતાં ભવિષ્યમાં દેશના યુવાનોના ભવિષ્ય સાથે ખિલવાડ અટકાવવા કડક સિસ્ટમ બનાવવા ખાતરી આપી છે.

**વાટાઘાટ નિષ્ફળ :**

જંતર મંતરનું આંદોલન ચાલુ છે. આજે ફરી હજારો યુવાઓ સંસદભવન ભણી કુચ કરશે. પ્રવકતાએ દાવો કર્યો કે જ્યાં સુધી શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામુ નહી આપે ત્યાં સુધી આંદોલનનો અંત લવાશે નહી. ગઈકાલે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાએ આંદોલનકારીઓ સાથે વાતચીત કરી હતી. જેમાં આંદોલનકારીઓએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિત જે ત્રણ માંગ કરી હતી તેમાં સરકાર તરફથી કોઈ પ્રતિભાવ નહી મળતા હવે આંદોલન ચાલુ રાખવા જાહેરાત કરવામાં આવી છે.

**હવે ખેડૂતોએ**

છે. ખેડૂતોની સૌથી મોટી માંગણી એ છે કે ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત એફટીએ તરત રદ કરવામાં આવે.

**ગુજરાત સરકારમાં**

આ ઉપરાંત એ. કે. કલસારિયાને ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ નિયામક કચેરીમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી, એમ. આર. પ્રજાપતિને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સેક્રેટરી, કે. એસ. ડાભીને વલસાડના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર, ડી. એમ. ગોહિલને સુરત વિશલેષણ કમિટીના જોઈન્ટ કમિશનર તેમજ એ. એ. ડોડિયાને અમરેલીના રેસિડેન્ટ એડિશનલ કલેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

જ્યારે પી. સી. દવે અને બી. આર. અહીરને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. ઉપરાંત કે. બી. પટેલને કમિશનર ઓફ જિયોલોજી એન્ડ માઈનિંગના એડિશનલ ડિરેક્ટર તરીકે વધારાનો હવાલો પણ સોંપવામાં આવ્યો છે.રાજ્ય સરકારનાઆ વહીવટીફેરબદલને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે, જેનાથી વિવિધ વિભાગોની કામગીરીને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**ટ્રમ્પની ઈરાન**

કમાન્ડ સેન્ટર્સ, એર ડિફેન્સ, કોસ્ટલ સર્વેલન્સ સાઈટ્સ, મિસાઈલ અને ડ્રોન લોન્ચ સાઈટ્સ તેમજ કમ્યુનિકેશન નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યા છે.

**રાષ્ટ્રીય સુરક્ષા**

રીતે અર્પણ કરવામાં આવશે. આ સમારોહમાં દેશના અનેક દિગ્ગજ નેતાઓ, પદાધિકારીઓ અને પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહીને રાષ્ટ્રીય સુરક્ષા ક્ષેત્રે અજિત ડોભાલની લાંબી અને નિઃસ્વાર્થ સેવાઓનું બહુમાન કરશે.

**સિક્કીમમાં નિર્માણાધીન**

બચાવ અભિયાન ચલાવી રહ્યા છે.નમચી જિલ્લા કલેક્ટર અનુપા તામલિંગે જણાવ્યું હતું કે, એવી સંભાવના છે કે સમારકુંગ સુરંગમાં લગભગ ૨૭ કર્મચારી ફસાયેલ છે.

**આંતકવાદી**

આ મોડ્યુલના સ્લીપર સેલ સક્રિય છે. આવનારા દિવસોમાં આ મામલે વધુ ચોંકાવનારા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.

**ટ્રમ્પે વધુ એક**

બાદ અમેરિકા અને કેનેડા વચ્ચેના લાંબા સમયથી રહેલા મજબૂત સંબંધોમાં વધુ તણાવ આવી શકે છે.

# ગાંધીધામમાં ધોળા દિવસે વેપારીનું કારમાં અપહરણ : કાયદો અને વ્યવસ્થા સામે ખુલ્લો પડકાર

ગાંધીધામમાં ધોળા દિવસે વેપારીનું કારમાં અપહરણઃ કાયદો અને વ્યવસ્થા સામે ખુલ્લો પડકાર

**BSNL કચેરી સામેથી ઇમ્પોર્ટ-એક્સપોર્ટના વેપારીને સ્વિફ્ટ ડિઝાયરમાં ઉઠાવી ગયા : ઔદ્યોગિક સંકુલમાં ફફડાટ, પોલીસે યુદ્ધના ધોરણે નાકાબંધી કરી તપાસ આદરી**






ગાંધીધામઃ ગાંધીધામ શહેરના અત્યંત ધમધમતા અને ભરચક ગણાતા BSNL કચેરી સામેના વિસ્તારમાંથી ખરા બપોરે એક વેપારીનું દિનદહાડે અપહરણ થતાં સમગ્ર ઔદ્યોગિક સંકુલમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ધોળા દિવસે બનેલી આ સનસનાટીભરી ઘટનાથી સ્થાનિક વેપારી આલમમાં ભય અને ફફડાટનો માહોલ સર્જાયો છે, તેમજ શહેરની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પણ ગંભીર સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, ગાંધીધામમાં ઈમ્પોર્ટ-એક્સપોર્ટનું કામકાજ ધરાવતા અને કચેરી ધરાવતા એક વેપારીને અજાણ્યા શખ્સો સ્વિફ્ટ ડિઝાયર કારમાં બળજબરીપૂર્વક બેસાડી ઉઠાવી ગયા હોવાના અહેવાલો વહેતા થયા હતા. આ ઘટનાની જાણ થતાં જ સંકુલના વેપારી વર્ગમાં ભયનું મોજું ફરી વળ્યું છે. ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધા સાથે સંકળાયેલા આ વેપારીનું કયા અંગત કે નાણાકીય કારણોસર અથવા તો કેવા ઈરાદાથી અપહરણ કરવામાં આવ્યું છે, તે અંગે હાલ તુરંત કોઈ સ્પષ્ટ માહિતી સામે આવી નથી.

### પોલીસ તંત્ર હરકતમાં : નાકાબંધી અને સઘન તપાસ શરૂ

ગાંધીધમા : ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસ તંત્ર તાત્કાલિક મોડી રાત સુધી યુદ્ધના ધોરણે હરકતમાં આવી ગયું છેવિવિધ પોલીસ વિભાગોની અલગ-અલગ ટીમો બનાવીને બનાવ સ્થળ અને આસપાસના વિસ્તારોમાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.શહેરની બહાર નીકળતા માર્ગો અને ટોલનાકાઓ પર તુરંત અસરથી કડક નાકાબંધી લાદી દેવામાં આવી છે. શંકાસ્પદ સ્વિફ્ટ ડિઝાયર કાર તેમજ તેને મળતી આવતી તમામ ગાડીઓનું સઘન ચેકિંગ કરવા માટે પોલીસ કર્મચારીઓને સ્પષ્ટ આદેશો આપી દેવાયા છે. ધોળા દિવસે બનેલી આ ઘટનાથી તસ્કરો અને ગુનેગારોએ જાણે પોલીસ તંત્રને ખુલ્લો પડકાર ફેંક્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે વેપારીની ભાળ મેળવવા અને અપહરણકર્તાઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## પોક્સો અને અપહરણના ગુનામાં બે આરોપી રાજસ્થાનથી ઝડપાયા




રાપરઃ રાપર પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ તથા અપહરણ અંગે નોંધાયેલા ગુનામાં પોલીસે ઝડપી કાર્યવાહી કરી બે આરોપીઓને રાજસ્થાનથી ઝડપી પાડ્યા છે. જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ પોક્સો તથા અપહરણના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી પાડવા તેમજ ભોગ બનનારને શોધી કાઢવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.તા. ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાપર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૯૯૩૦૧૦૨૬૦૩૯૦ મુજબ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોક્સો એક્ટની કલમ ૧૮ હેઠળ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાતાની સાથે જ રાપર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એલ. ખટાણાએ ભોગ બનનાર તથા આરોપીઓને શોધી કાઢવા માટે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. પોલીસે ટેક્નિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસની મદદથી તપાસ આગળ ધપાવી હતી. જેના આધારે મુખ્ય આરોપી સુનિલ સત્યવીર ઓડ (ઉ.વ. ૨૪), રહે. એલનાબાદ, જી. સિરસા, હરિયાણાને ભોગ બનનાર સાથે રાજસ્થાનના સરહદી વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત ગુનામાં મદદગારી કરનાર સહઆરોપી મોહિત રઘુવીરસિંહ ઓડ (ઉ.વ. ૧૯), રહે. પાતન, જી. હિસાર, હરિયાણાને પણ ઝડપી લેવામાં આવ્યો હતો.બંને આરોપીઓ વિરુદ્ધ ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સમગ્ર કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર આર. એલ. ખટાણા, પી.એસ.આઈ. પી.એલ. ફણેજા તથા રાપર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## ભુજ કોર્ટ નજીક જાહેરમાં બે પોલીસ કર્મચારી વચ્ચે બોલાચાલી થતા ચકચાર



ભુજ : શહેરમાં કોર્ટ નજીક જાહેર માર્ગ પર છૂટા હાથે મારામારી અને બોલાચાલીનો બનાવ સામે આવ્યો છે. પ્રાથમિક માહિતી મુજબ કોઈપણ મુદ્દે બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો ઉગ્ર બનતા ત્યાંથી પસાર થતા લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. જાહેર માર્ગ પર બનેલી ઘટનાને કારણે થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બંને પોલીસદળ સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, સત્તાવાર રીતે હજુ સુધી કોઈ અધિકૃત નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

# પૂર્વ કચ્છના વાગડમાં ખનીજ માફિયાઓનો બેફામ આતંક :તંત્રનું ભેદી મૌન

### કાયદાના ખોફ વગર ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિ : રાપર અને ભચાઉ પંથકમાં વ્યાપક ખનીજ ચોરીથી પ્રાકૃતિક સંપદાનો રોષપૂર્ણ વિનાશ : ફરિયાદીઓ પર હુમલાથી ભયનો માહોલ

ભચાઉ - કચ્છઉદય : પૂર્વ કચ્છના સરહદી વાગડ વિસ્તારમાં કુદરતી સંપદાની સરેઆમ લૂંટ ચલાવતા ખનીજ માફિયાઓનો ત્રાસ દિન-પ્રતિદિન વકરી રહ્યો છે. ખાસ કરીને રાપર અને ભચાઉ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ગેરકાયદેસર ખનન અને વહનનું દૂષણ અત્યંત ચિંતાજનક સપાટીએ પહોંચી ગયું છે. કાયદા અને વ્યવસ્થાની સ્થિતિને નેવે મૂકીને બેફામ બનેલા ખનીજ ચોરો સામે જવાબદાર તંત્રવાહકો તેમજ સ્થાનિક પોલીસનો કોઈ જ ખૌફ રહ્યો ન હોય તેમ ખુલ્લેઆમ કુદરતી સંપદાનો સફાયો કરવામાં આવી રહ્યો છે.

વાગડ પંથકના ગાગોદર, કકરવા, ભરૂડિયા અને બાલાપર સહિતના અનેક નાના-મોટા વિસ્તારોમાં રાત-દિવસ જોયા વગર મોટા પાયે ખનીજ ચોરીની પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આ વિસ્તારોમાં જેસીબી અને હિટાચી જેવા વિશાળ કાય મશીનો વડે જમીનનું ઊંડું ખોદકામ કરીને સરકારી મિલકત સમાન ખનીજનો અસીમ જથ્થો તસ્કરી કરીને બારોબાર વેચી દેવામાં આવે છે. સ્થાનિક રહેવાસીઓ અને જાગૃત નાગરિકો દ્વારા આ અંગે ખાણ-ખનીજ વિભાગ તેમજ પોલીસ તંત્રને અવારનવાર વ્યાપક અને લેખિત ફરિયાદો કરવામાં આવી હોવા છતાં, સંબંધિત તંત્ર દ્વારા સેવવામાં આવી રહેલું ભેદી મૌન અનેક પ્રશ્નો ઊભા કરે છે. તંત્રના આવા નિષ્ક્રિય અને શંકાસ્પદ વલણને કારણે ખનીજ માફિયાઓને મોકળું મેદાન મળી ગયું છે.

પરિસ્થિતિ એટલી હદે વણસી ચૂકી છે કે હવે ખનીજ માફિયાઓ માત્ર પ્રકૃતિની લૂંટ ચલાવીને જ અટકી જતા નથી, પરંતુ કાયદાને પોતાના હાથમાં લેતા પણ જરાય અચકાતા નથી. જો કોઈ સ્થાનિક ગ્રામજન કે જાગૃત નાગરિક આ ગેરકાયદે પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવવાનો પ્રયાસ કરે અથવા ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરે, તો ખનીજ ચોરો તેમના પર જીવલેણ હુમલા કરવા સુધી પહોંચી જાય છે. આવા હુમલા અને ધમકીઓના કારણે સમગ્ર વાગડ પંથકમાં ભારે દહેશત અને ભયનું મોજું ફરી વળ્યું છે.

સરકારી તિજોરીને કરોડો રૂપિયાનું ખાતર પાડતી આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી પર્યાવરણને પણ અગણિત નુકસાન થઈ રહ્યું છે. જમીનનું અસંતુલિત ખોદકામ, રસ્તાઓનો વિનાશ અને કુદરતી સ્ત્રોતોની જાનહાનિ થવા છતાં સ્થાનિક પ્રશાસનની લાચારી અને નિષ્ક્રિયતા અત્યંત આશ્ચર્યજનક છે. વાગડ વિસ્તારની પ્રજા હવે આક્રોશ સાથે માગણી કરી રહી છે કે ઉચ્ચ કક્ષાએથી તાત્કાલિક ધોરણે ખાસ તપાસ ટીમોની રચના કરવામાં આવે, તમામ ગેરકાયદેસર ખાણો પર દરોડા પાડવામાં આવે અને આ ખનીજ માફિયાઓ તેમજ તેમને પરોક્ષ રીતે મદદગાર બનતા તત્વો સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

## વાગડ પટ્ટામાં બેફામ ખનીજચોરી: કયા ખાખીધારીની ભાગબટાઈ ?

### ખનીજચોરોને કોના આશીર્વાદ? ઉચ્ચ અધિકારીઓ તટસ્થ તપાસ કરાવે તો મોટા કદના ખાખીધારીઓના નામ બહાર આવવાની શક્યતા

રાપર/વાગડ: કચ્છના વાગડ પટ્ટામાં છેલ્લા કેટલાક સમયથી ખનીજચોરીની પ્રવૃત્તિ બેફામપણે ચાલી રહી છે. સ્થાનિક સ્તરે અવારનવાર રજૂઆતો અને ફરિયાદો થવા છતાં ખનીજ માફિયાઓ નિર્ભય બનીને કુદરતી સંપત્તિનું નિકંદન કાઢી રહ્યા છે, ત્યારે આ સમગ્ર કાળા કારોબારમાં સ્થાનિક પોલીસ એટલે કે ખાખીધારીઓની ભૂમિકા સામે ગંભીર શંકાની સોય ચીંધાઈ રહી છે. મુખ્ય પ્રશ્નો અને લોકચર્ચાના મુદાઓની જો વાત કરીએ તો વાગડ પટ્ટામાં મોટા પાયે થઈ રહેલી ખનીજચોરીમાં કયા 'મોટા કદના' ખાખીધારીની સીધી કે આડકતરી ભાગબટાઈ અથવા હપ્તાખોરી છે તે અંગે પંથકમાં ચર્ચાએ જોર પકડ્યું છે. પોલીસ અજાણ કે અજાણ હોવાનો ડોળ દિવસ-રાત ધમધમતા ખનીજચોરીના રોયલ્ટી વગરના વાહનો અને વિસ્તારમાં ચાલતા અનધિકૃત ઉત્ખનનથી સ્થાનિક પોલીસ કેમ અજાણ છે? કે પછી બધું જાણવા છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે? વાગડ પટ્ટામાં ખનીજચોરોને આટલી હિંમત કોના તરફથી મળી રહી છે? કયા અધિકારીઓ કે કર્મચારીઓ આ તત્વોને છાવરી રહ્યા છે તે તપાસનો વિષય બન્યો છે. ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસની માંગ"સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે જિલ્લા પોલીસ વડા **(SP)** તથા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વાગડ પટ્ટામાં ચાલતી ખનીજચોરી અને તેમાં સંડોવાયેલા સ્થાનિક ખાખીધારીઓની ઉંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરાવવામાં આવે. જો કોઈ ઉચ્ચ કક્ષાની સ્પેશિયલ ટીમ દ્વારા દરોડા પાડવામાં આવે અને તપાસ થાય, તો ખનીજચોરી પાછળનું મોટું નેટવર્ક અને તેને આશરો આપતા ખાખીધારીઓના ચહેરા ખુલ્લા પડી શકે તેમ છે.

## ખાવડા સરહદી વિસ્તારમાં ડિફેન્સ માટેની અનામત જમીન પર કંપનીઓના દબાણો હટાવવા રજૂઆત

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરીને ખાવડા બોર્ડર વિસ્તારમાં ડિફેન્સ માટે અનામત રખાયેલી જમીન પર વિવિધ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે વિવિધ સંસ્થાઓ અને અગ્રણીઓએ રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, અતિ સંવેદનશીલ ખાવડા બોર્ડર ક્ષેત્રમાં સોલાર પ્રોજેક્ટ અને પવનચક્કીના કામો માટે સક્રિય કંપનીઓ દ્વારા ઈન્ડિયન બ્રિજ પોલીસ ચેકપોસ્ટથી કરીમશાહી બેટ સુધીના માર્ગની બંને બાજુએ ભારતીય ફોજ માટે કટોકટીના સમયસર ઉપયોગ અર્થે ૫૦૦-૫૦૦ મીટર જમીન અનામત રાખવામાં આવેલી છે. જોકે, આ અનામત જમીનમાં કંપનીઓએ પોતાના ગોડાઉન, મોટા બેચિંગ પ્લાન્ટ્સ અને અન્ય બાંધકામો ઊભા કરીને મસમોટા દબાણો કરી દીધા છે.

આ ઉપરાંત, આશરે ૫૦ ટકા પવનચક્કીઓ પણ પોતાના નિયત કોઓર્ડિનેટર એરિયાથી બહાર સ્થાપિત કરી દેવામાં આવી છે. નાના અને ગરીબ માણસો પોતાની રોજીરોટી રળવા માટે કરેલા નાના દબાણો કે આસ્થાના કેન્દ્રો સમાન ધર્મસ્થાનો પર સરકારનું બુલડોઝર તરત જ ફરી વળે છે, પરંતુ રિન્યુએબલ એનર્જી પાર્કમાં દેશની સુરક્ષા માટે અનામત રખાયેલી જમીન પર કંપનીઓએ કરેલા ગેરકાયદે બાંધકામો સરકારને દેખાતા નથી. આથી દેશની સેના માટે અનામત રખાયેલી જમીન પરથી તમામ કંપનીઓના ગેરકાયદેસર દબાણો અને પ્લાન્ટ્સ તાકીદે હટાવવા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

## મુન્દ્રા તાલુકામાં ખેડૂતો માટે મફત એરંડા બીજ વિતરણનો કાર્યક્રમ યોજાયો

**ભારત સરકારના નેશનલ સીડ કોર્પોરેશન અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ લાભ લીધો**



મુન્દ્રા - કચ્છઉદય : મુન્દ્રા તાલુકાના ખેડૂતોના આર્થિક ઉત્થાન અને કૃષિ વિકાસને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે તાજેતરમાં નિઃશુલ્ક એરંડા બીજ વિતરણ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના નેશનલ સીડ કોર્પોરેશન અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે તથા કિસાનકર્મ ફાર્મર પ્રોડ્યુસર કંપની મુન્દ્રાના માધ્યમથી આ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો,

આ પ્રસંગે મુન્દ્રા તાલુકા પંચાયત પ્રમુખ સ્વરૂપસિંહ જાડેજા, કારોબારી ચેરમેન ગંગાભાઈ આહીર, તાલુકા સદસ્ય હેમંતભાઈ મહેશ્વરી, પત્રી ગામના સરપંચ ભરતભાઈ આહીર, બગડા ગામના સરપંચ મૂળજીભાઈ આહીર, કણઝરા ગામના સરપંચ શંભુભાઈ આહીર, કાંગરા ગામના દિગુભા જાડેજા તથા પૂર્વ કારોબારી ચેરમેન યુવરાજસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે તાલુકાના ખેડૂતોને ઉત્તમ ગુણવત્તા ધરાવતા એરંડાના બીજનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સફળ આયોજન વીઆરટીઆઈ સંસ્થાના રોહિતભાઈ તેમજ એફપીઓના રાઘુભાઈ ગોયલ, સુમીત ચાવડા અને વિકાસ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન હરેશભાઈ ઝરૂએ સંભાળ્યું હતું. આ કાર્યક્રમમાં મુન્દ્રા તાલુકામાંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉત્સાહભેર હાજર રહ્યા હતા અને સરકારની આ કલ્યાણકારી યોજનાનો લાભ મેળવી આભાર વ્યક્ત કર્યો હતો.

## ભચાઉના ભરૂડીયા ગામે જર્જરીત બ્રિજનું સમારકામ શરૂ

**કેનાલ પર બેરીકેટ મૂકવા અને ઓવરલોડ વાહનોની અવરજવર બંધ કરવા રજૂઆત**



ભચાઉ - કચ્છઉદય : ભચાઉ તાલુકાના ભરૂડીયા ગામે આવેલી કેનાલના પુલ પરથી મીઠાના ઓવરલોડ ડમ્ફરો ખુલ્લેઆમ પસાર થવાને કારણે પુલ અત્યંત જર્જરીત હાલતમાં મુકાઈ ગયો હતો.

આ ગંભીર સમસ્યા અંગે કચ્છ માતૃભૂમિ સંગઠન દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી સહિત સ્થાનિક કક્ષાએ આરટીઓ વિભાગ અને નર્મદા વિભાગની કચેરીએ લેખિતમાં સઘન રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતને પગલે નર્મદા વિભાગ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને કેનાલ પરના જૂના પુલના રિનોવેશનનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ સાથે જ ભવિષ્યમાં આ બ્રિજ પરથી ઓવરલોડ ડમ્પરો પસાર ન થાય તે માટે નર્મદા વિભાગ દ્વારા યોગ્ય બેરીકેટ મૂકવામાં આવે તેવી માંગ કરાઈ છે. સાથોસાથ ભરૂડીયા ગામમાંથી મીઠાના ઓવરલોડ ડમ્પરોની અવરજવર કાયમી ધોરણે બંધ થાય તેવી મક્કમ માંગણી પણ કચ્છ માતૃભૂમિ સંગઠન દ્વારા કરવામાં આવી છે.

## ગાંધીધામમાં સોનમના હત્યારા પતિને કડક સજા કરો : કોંગ્રેસ

ભુજ - કચ્છઉદય : ગાંધીધામના ભારતનગર વિસ્તારમાં જેની સાથે પ્રેમલગ્ન કરેલ તેવા તેમના પતિ સુલતાન જુસબ સુમરા દ્વારા તેમની પત્ની સોનમની ક્રુર રીતે હત્યા કરવામાં આવી છે અને આ બનાવથી સમગ્ર સમાજમાં ખુબ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને લોકોમાં ખુબ આક્રોશ છે કે માનવી કેટલી હદે ક્રુર બની અને જેની સાથે પ્રેમલગ્ન કરેલ છે તેના જ પતિ સુલતાન દ્વારા હત્યા કરવામાં આવેલ છે.

આ બનાવને કોંગ્રેસ પક્ષ વખોડે છે અને આવા ગુનેગારોને કડકમાં કડક સજા થવી જઈએ તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

ગુજરાતમાં દિવસા-દિવસ આવા બનાવો વધી રહેલ છે અને ગુનેગારોને પોલીસનો કોઈ ડર કે ભય રહેલ નથી અને અત્યારે દારૂ, ડ્રગ્સ જેવા નશીલા પદાર્થોનું સેવન કરવાનું પ્રમાણ વધ્યું છે અને જેના કારણે પણ આવા ગુનાહોને અંજામ આપવામાં આવે છે. જેની હત્યા થયેલ એ સોનમની આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના કચ્છ જિલ્લા કોગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલ દ્વારા કરાઈ હતી.

## સ્ટેટ ટીટીમાં અભિલાષ મેન્સ અને આફ્રૈન મુરાદ વિમેન્સમાં ચેમ્પિયન



ગાંધીધામ - કચ્છઉદય : ડીપીએ બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં આઠમા ક્રમના અભિલાષ રાવલે યાદગાર પુનરાગમન કરીને બે ગેમથી પાછળ હોવા છતાં ટુર્નામેન્ટના જાયન્ટ કિલર પૂજન ચંદારાણાને ૪-૩થી હરાવીને મેન્સ ટાઇટલ જીતી લીધું હતું જ્યારે સુરતની આફ્રૈન મુરાદે ભાવનગરની રિયા જયસ્વાલને હરાવીને કારકિર્દીનું પ્રથમ ટાઇટલ જીતી લીધું હતું. ટુર્નામેન્ટ અહીંના એમપી મિત્રા ઈન્ડોર સ્ટેડિયમ, હરેશ સંગતાણી સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ખાતે યોજાઈ હતી.

ટુર્નામેન્ટ ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસોસિયેશનના નેજા હેઠળ કચ્છ ડિસ્ટ્રિક્ટ ટેબલ ટેનિસ એસોસિયેશનના ઉપક્રમે યોજાઈ હતી. જેના સ્પોન્સર દિનદયાલ પોર્ટ ઓથોરિટી (ડીપીએ) હતા. તમામ ફાઈનલના પરિણામોમાં પુરુષ વર્ગમાં અભિલાષ રાવલ જીત્યા વિરુદ્ધ પૂજન ચંદારાણા ૪-૩ (૨-૧૧, ૩-૧૧, ૧૩-૧૧, ૧૧-૯, ૬-૧૧, ૧૧-૩, ૧૧-૬), તો મહિલામાં આફ્રૈન મુરાદ જીત્યા વિરુદ્ધ રિયા જયસ્વાલ ૪-૧ (૧૧-૫, ૧૨-૧૦, ૧૨-૧૦, ૧૧-૧૩, ૧૧-૭), અંડર-૧૯ જુનિયર બોયઝઃ જન્મેજય પટેલ જીત્યા વિરુદ્ધ વેદ પંચાલ ૩-૨ (૧૧-૮, ૮-૧૧, ૧૧-૬, ૯-૧૧, ૧૧-૨), અંડર-૧૯ જુનિયર ગર્લ્સઃ મૌબોની ચેટર્જી જીત્યા વિરુદ્ધ રિયા જયસ્વાલ ૪-૩ (૧૧-૬, ૧૫-૧૩, ૩-૧૧, ૯-૧૧, ૧૧-૪, ૮-૧૧, ૧૧-૩), અંડર-૧૭ બોયઝઃ દ્વિજા ભાલોડિયા જીત્યા વિરુદ્ધ માલવ પંચાલ ૩-૧ (૯-૧૧, ૧૪-૧૨, ૧૭-૧૫, ૧૧-૭), અંડર-૧૭ જુનિયર ગર્લ્સઃ મૌબોની ચેટર્જી જીત્યા વિરુદ્ધ ચાર્મી ત્રિવેદી ૩-૧ (૧૧-૯, ૬-૧૧, ૧૧-૫, ૧૧-૭), અંડર-૧૫ સબ જુનિયર બોયઝઃ રિયાન શાહ જીત્યા વિરુદ્ધ રાજવીર માધવાણી ૩-૨ (૯-૧૧, ૧૧-૯, ૭-૧૧, ૧૧-૯, ૧૧-૭), ગર્લ્સઃ દાનિયા ગોદીલ જીત્યા વિરુદ્ધ ખનક શાહ ૩-૦ (૧૧-૬, ૧૧-૫, ૧૧-૩), કેડેટ અંડર-૧૩ બોયઝઃ રેહાંશ સિંઘવી જીત્યા વિરુદ્ધ ધ્રુવ ભાંભણીયા ૩-૨ (૧૧-૮, ૬-૧૧, ૮-૧૧, ૧૧-૭, ૧૧-૮), ગર્લ્સઃ ધિમહી કાબરાવાલા જીત્યા વિરુદ્ધ મિશા લાખાણી ૩-૦ (૧૧-૮, ૧૧-૬, ૧૧-૨), હોપ્સ અંડર-૧૧ બોયઝઃ રેહાંશ સિંઘવી જીત્યા વિરુદ્ધ પવન કેલ્લા ૩-૨ (૧૧-૭, ૧૦-૧૨, ૭-૧૧, ૧૩-૧૧, ૧૧-૮), ગર્લ્સઃ પ્રિશા પારેખ જીત્યા વિરુદ્ધ સાનવી ચૌધરી ૩-૦ (૧૧-૯, ૧૧-૬, ૧૧-૫), હોપ્સ અંડર-૯ બોયઝઃ અહાન ગોયલ જીત્યા વિરુદ્ધ સયાંશ ક્રિસ્ટી ૩-૨ (૧૧-૯, ૫-૧૧, ૧૧-૮, ૧૧-૧૩, ૧૧-૯), ગર્લ્સઃ દિવિશા હિંગોરાણી જીત્યા વિરુદ્ધ દુર્વા અપૂર્વ શાહ ૩-૦ (૧૩-૧૧, ૧૧-૧, ૧૧-૯), હોપ્સ અંડર-૭ બોયઝઃ વિજેતાઃ ભ્રાજ હિંગોરાણી, રનર્સ અપ મહાંક વાઘેલા, ત્રીજો ક્રમ પુલકિત ખિયાની, ત્રીજો ક્રમઃ વિયાંશ બાગલા રહ્યા હતા.

**પાવરપટ્ટી - બન્નીમાં ખેડૂતો - માલધારીની હાલત કફોડી**

## વરસાદમાં વિલંબ થાય તો તાકીદે અછત જાહેર કરો







**પાંચ પશુપાલક દીઠ નહીં ૫૦ પશુપાલકો દીઠ ઘાસ આપો : પાવરપટ્ટી - બન્નીમાં પશુઓની સંખ્યા વધારે છે કોઈ પશુ ઘાસથી વંચિત ન રહે તે જોવા અનુરોધ : પાણીની પણ અછત : કલેકટર પાવરપટ્ટી - બન્નીની જાત મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવી સરકારને રિપોર્ટ આપે તેવી માંગ કરાઈ : ડેમો પણ તળિયા ઝાટક : નર્મદાના પાણીનો કોટો વધારવા માંગ**

નખત્રાણા - કચ્છઉદય : કચ્છમાં વરસાદ ખેંચાતા માલધારી, ખેડૂતો પર ચિંતાના વાદળો ઘેરાયા છે. પશુધન માટે ઘાસચારાની ચિંતા સાથે સીમાડે ઘાસચારો અને પાણીની તંગી પણ ઉભી થઈ છે, તેમાંય છેલ્લા કેટલાય દિવસોથી ફુંકાતા પવનએ પડ્યા પર પાટુ માર્યું છે. સીમાડે ચરિયાણ તણખલુ પણ હવે મુશ્કેલ છે, ત્યાં અબોલા જીવોની ભૂમિ ચિંતા જગાવી છે, ત્યારે નિરોણા જિ.પં.ના સદસ્યા રાજેશભાઈ મમુભાઈ આહિર અને તાલુકા કોંગ્રેસના પ્રમુખે નખત્રાણા - લખપત, અબડાસા સહિતના વિસ્તાર અને પાવરપટ્ટીના બન્નીમાં વરસાદ ખેંચાતા અછતગ્રસ્ત જાહેર કરવા માંગ કરી છે. વરસાદ લાંબા વિરામને કારણે પાવરપટ્ટી, લખપત અને બન્નીમાં ખેડૂતોના ઉભા પાક અને પશુધન માટે પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા તથા ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવા માંગ કરી છે. ખેડૂતો દ્વારા મોટા પ્રમાણમાં મોંઘાદાટ બિયારણ, દવા લઈ વાવેતર કરવામાં આવ્યું, છે પણ વરસાદ ખેંચાતા ઉભા પાક સુકાઈ રહ્યા છે. બીજીતરફ તળાવો, ચેકડેમો, કુવાઓ અને અન્ય જળ સ્ત્રોતમાં પાણીના તળ ઝડપથી ઘટી રહ્યા છે, ત્યારે નર્મદા કેનાલ અથવા અન્ય ઉપલબ્ધ જળ સ્ત્રોમાંથી શકય એટલું તત્કાલ પાણી છોડાય અને સિંચાઈ માટે વૈકલ્પિક પાણી ઉપલબ્ધ કરાય, તાલુકામાં કૃષિ અને પશુપાલન વિભાગની સંયુક્ત ટીમ દ્વારા તાકીદે સર્વે હાથ ધરાય ઉપરાંત મનરેગા અને અન્ય રાહત યોજનામાંથી લોકોને રોજગારી મળે તેવી માંગ કરી છે. વધુમાં કહ્યું કે, પાવરપટ્ટી, બન્ની, લખપત, અબડાસા વિસ્તારમાં માલધારી પાસે મોટા પ્રમાણમાં પશુધન છે. રાજ્ય સરકાર દ્વારા રાહતદરે ઘાસ આપવાની જાહેરરાત કરાઈ છે, પણ એક ઘાસકાર્ડ દીઠ પાંચ ઢોરોનો સમાવેશ કરાયો છે, તેનાથી પશુપાલકોમાં કચવાટ ફેલાયો છે. આ વિસ્તારમાં પશુપાલકો પાસે ૫૦થી વધુ પશુઓ છે, તો પાંચ સિવાય બીજા પશુઓનો નિભાવ કેમ કરે કારણ કે, આ વિસ્તારના માલધારીઓની આજીવિકા પશુપાલકો છે. વર્ષ ૨૦૧૭માં દુષ્કાળ વખતે કરેલ કેમ્પમાં એક પશુપાલક દીઠ ૪૦ પશુઓને છુટ આપવામાં આવતી હતી, ત્યારે આ વખતે પણ આ પ્રકારનો નિર્ણય લેવાય તેવુ પશુપાલકોની માંગ છે. તેમણે કહ્યું કે, બન્ની - પાવરપટ્ટીમાં દોઢથી પોણા બે લાખ પશુઓની સંખ્યા છે. ત્યારે સરકારના આ નિયમો હેઠળ ૪૦ હજાર પશુઓને લાભ મળે બાકીના પશુઓને ઘાસ કયાંથી આપવા માટે કોઈ પશુઓ ઘાસથી વંચિત ના રહે અને ઘાસચારા કાર્ડની સમય મર્યાદા પણ વધારવામાં આવે ઉપરાંત કચ્છ કલેકટર બન્ની, પાવરપટ્ટીમાં જાત મુલાકાત લઈને પરિસ્થિતિથી વાકેફ થાય અને સરકારને રિપોર્ટ મોકલે તેવી રજૂઆત પણ આહિર દ્વારા કરવામાં આવી છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

**સતત અકસ્માતો વચ્ચે**

ટોલ વસુલવામાં આવ્યો હતો. આ સિવાય અવારનવાર રતનાલ સહિતના રસ્તા પર અકસ્માત થાય છે. અગાઉ આંદોલનો થયા છે તેમ છતાં કોઈ જાતની મરંમત કરવામાં આવતી નથી. કુકમા ટોલનાકે તકનીકી ખામીથી ટ્રાફીક જામ પણ થાય છે. ટોલ વસુલવા કરતા લોકોને સુવિધા મળે તે વધુ જરૂરી બની રહે છે.

**બંગાળની ખાડીમાં**

દિવસોમાં બંગાળની ખાડીની સિસ્ટમ કચ્છમાં વિધિવત રીતે સક્રિય થતાં પાણીની અછત અનુભવતા આ વિસ્તારના જળાશયો અને ધરતીપુત્રો માટે આ વરસાદ સંજીવની સમાન સાબિત થશે. તા. ૨૬ પછી કચ્છના વાતાવરણમાં મોટો પલટો આવશે અને રણપ્રદેશમાં ધોધમાર વરસાદી માહોલ જામશે.

**કચ્છના દરિયાકાંઠે**

અને હોમગાર્ડનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વહીવટીતંત્રની ખાસ અપીલ:"જિલ્લા વહીવટીતંત્ર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવું અને માત્ર સત્તાવાર હવામાન બુલેટિન અને સૂચનાઓનું જ પાલન કરવું. દરિયાઈ વિસ્તારમાં કોઈપણ ઈમરજન્સી પરિસ્થિતિમાં સ્થાનિક તંત્ર અથવા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

**પશ્ચિમ કચ્છ એસપીની ધાક બેસાડતી કાર્યવાહી**

## ભુજમાં કોમ્બિંગ દરમિયાન બે શખ્સ ઝડપાયા, તલવાર-ધારિયા સહિત ૩૪ ઘાતક હથિયારો કબજે

**શેખ ફળિયામાં બી ડિવિઝન, એસઓજી અને એલસીબીની કાર્યવાહી**

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ચાલી રહેલી કોમ્બિંગ ડ્રાઈવ દરમિયાન ભુજ શહેર બી ડિવિઝન પોલીસે એસઓજી અને એલસીબીની ટીમ સાથે કાર્યવાહી કરીને શેખ ફળિયા વિસ્તારમાંથી બે શખ્સોને ઘાતક હથિયારો સાથે ઝડપી પાડ્યા હતા. બંને પાસેથી તલવાર, ધારિયા, છરી, કોઈતા, કુહાડી, લોખંડના પાઈપ અને લાકડાના ધોકા સહિત કુલ ૩૪ હથિયારો કબજે કરવામાં આવ્યા છે. પ્રથમ કાર્યવાહીમાં પોલીસે રાજ ફર્નિચરની બાજુમાં આવેલા શેખ ફળિયામાં રહેતા અલીશા કરીમશા શેખ (ઉં.વ. ૩૦)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી ૨૧ છરી, એક તલવાર, એક ધારિયું, ચાર કોઈતા, બે લોખંડના પાઈપ અને બે લાકડાના ધોકા મળી કુલ ૩૧ હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. બીજી કાર્યવાહીમાં સરપટ નાકા બહાર શેખ ફળિયામાં રહેતા રમજાનશા ઉર્ફે રમજુ કાસમશા શેખ (ઉં.વ. ૩૦)ને એક છરી, એક કુહાડી અને એક ધારિયાં સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





# લાકડિયા ખાતે ૧૦૩.૬૫ કરોડના ડ્રગ્સનો નાશ

## ૪૪૬ કેસમાં જપ્ત ૧૫ હજાર કિલો નાર્કોટિક્સ ભઠ્ઠીમાં નષ્ટ







ગાંધીધામ - કચ્છઉદય : રાપર તાલુકાના લાકડિયા સ્થિત સૌરાષ્ટ્ર એનવાયરો પ્રા. લિ. ખાતે આજે ગુજરાત પોલીસ દ્વારા વિવિધ જિલ્લાઓમાં એન.ડી.પી.એસ.ના ગુનાઓમાં જપ્ત કરાયેલા નાર્કોટિક્સ ડ્રગ્સનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં અંદાજે ૧૦૩ કરોડ ૬૫ લાખના મુદ્દામાલ તેમજ ૪૪૬ કેસોમાં જપ્ત કરાયેલા આશરે ૧૫ હજાર કિલો નાર્કોટિક્સ ડ્રગ્સ, જેમાં ચરસ, એમડી ડ્રગ્સ, ગાંજો, પોપી સ્ટ્રો (પોસડોડા) સહિતના પ્રતિબંધિત કેફી પદાર્થોનો કંપનીની વિશેષ ભઠ્ઠીમાં નાશ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે એડીજીપી ખુર્શીદ આહેમદ, આઈજીપી કે.એન. ડામોર, બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા, પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર, પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડા, સુરેન્દ્રનગર એસપી પ્રેમસુખ ડેલું, રાજકોટ ડીસીપી હેતલ પટેલ, ગાંધીધામ નાયબ પોલીસ અધિક્ષક એ.વી. રાજગોર, પૂર્વ કચ્છ એસઓજી પીઆઈ બી.વી. બોરીસાગર, એલસીબી પીઆઈજે.એમ.વાળા, લાકડિયા પીઆઈ ચિરાગ કુસંગિયા સહિત અનેક પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારએ જણાવ્યું હતું કે ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી બાદ કોર્ટના આદેશ મુજબ જપ્ત કરાયેલા પ્રતિબંધિત નશીલા પદાર્થોનો વૈજ્ઞાનિક રીતે નાશ કરવામાં આવ્યો છે.

# અદાણી મેડિકલ કોલેજમાં સિસ્ટેમેટિક રિવ્યૂ અને મેટા એનાલિસીસ વિષય પર મેડિકલ સંશોધન વર્કશોપ યોજાયો

ગાંધીધામ - કચ્છઉદય : અદાણી મેડિકલ કોલેજના ફાર્મેકોલોજી વિભાગ અંતર્ગત વૈશ્વિક સ્તરે વૈજ્ઞાનિક અને પુરાવા આધારિત તબીબી સારવારના વધતા જતા મહત્વના ભાગ રૂપે રાજ્યની જુદી જુદી કોલેજોના તબીબો રેસિ. ડોક્ટર્સ અને સંશોધકો માટે સિસ્ટેમેટિક રિવ્યૂ અને મેટા એનાલિસીસ વિષય પર બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૩૦ જેટલા તબીબોએ ભાગ લીધો હતો. કોલેજના ડીન ડો.અજીતકુમાર ખીલનાનીની ઉપસ્થિતિમાં ગોરખપુર AIIMSના ફાર્મેકોલોજીના એડિશનલ પ્રોફે.ડો.તેજસ પટેલે માર્ગદર્શન આપતા કહ્યું કે, દર્દીઓને અપાતી સારવાર સંદર્ભે જો સિસ્ટેમેટિક રિવ્યૂ કરાય તો સરકારને દર્દીઓની સારવાર માટે સચોટ અને પુરાવા આધારિત નીતિ બનાવવામાં મોટી મદદ મળી શકે અને સારવાર વૈજ્ઞાનિક પુરાવા પર આધારિત કરી શકાય. સિસ્ટેમેટિક રિવ્યૂ શું છેઃ સિસ્ટેમેટિક રિવ્યૂ એટલે વ્યવસ્થિત સમીક્ષા જેના દ્વારા કોઈ બીમારી કે સારવાર પર દુનિયાભરમાં થયેલા તમામ સંશોધન પેપર્સને એક ચોક્કસ પદ્ધતિથી એકત્ર કરી, તેની ગુણવત્તા તપાસી ચોક્કસ તારણ ઉપર આવવું. આ વર્કશોપમાં આસિ.ડીન. ડો.હિતેશ આસુદાની, ડો. અમિત મહેશ્વરી અને ડો. સચિન પાટીલ જોડાયા હતા. જ્યારે કોલેજના ફાર્મોકોલોજી વિભાગના એસો.પ્રોફે.ડો.હિરલ ગોલકિયા, આસિ.પ્રોફે.નિલેશ ખૂટેટા, આસિ.પ્રોફે.ડો.પુનિતા વસાણી, ડો.શિલ્પા હિરાણી અને ડો.મીમાંસા ઠાકર જોડાયા હતા. વર્કશોપમાં ડેટા સર્ચ અને સ્ક્રીનીંગ ઉપર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



**ગોરખપુર AIIMSના એડિ.પ્રોફે.આપ્યું માર્ગદર્શન**

## પાપી પેટ કા સવાલ હૈ



મુન્દ્રા - કચ્છ ઉદય : જિંદગીની સૌથી મોટી મજબૂરી એટલે ભૂખ... જીવનમાં પેટ ભરવા માટે ગમે તેવા કામો કરવા પડે છે. ખાવા માટે કમાવીએ છીએ કે કમાવવા માટે એ પ્રશ્ન છે. ઉપરોક્ત તસવીરમાં ૮ થી ૧૦ વર્ષના ભાઈ-બહેન દરરોજ મુન્દ્રાના વિવિધ વિસ્તારોમાં કચરો, પ્લાસ્ટિક ભેગુ કરી ઘરમાં ચૂલો બળે તે માટે કામ કરે છે. જ્યાં તેમને ભણવા - રમવાની વય છે ત્યાં પાપી પેટનો ખાડો ભરવા દરરોજ આ કામ કરવું પડે છે.

તો બીજી બાજુ લગ્ન પ્રસંગ હોય કે અન્ય કાર્યક્રમોમાં જમણવારમાં થાળીમાં ન ખવાય તેટલું લઈ તેને કચરામાં ફેંકી દે છે અને ગરીબો આ જુઠાણું ભેગુ કરી ઘરે લઈ પરિવારને ખવડાવે છે ત્યારે આપણે મહાસતા, વિશ્વગુરૂ બનવાની વાતો કરીએ છીએ તે કેટલું વ્યાજબી છે.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

# અવસાન નોંધ

**આદિપુર** : ગં.સ્વ. અમૃતબેન દ્વારકાદાસ ઠક્કર (ઉ.વ. ૭૬) તે સ્વ. દ્વારકાદાસ ભવાનજી ઠક્કરના પત્ની, લહેરીભાઈ, પ્રતિમાબેનના માતા, આરતીબેન લહેરીભાઈ ઠક્કર, સુરેશ વેલજી બારૂ (પોસ્ટ ઓફિસ)ના સાસુ, સ્વ. જેન્તીલાલ, મથુરાદાસ, સ્વ. શશિકાન્ત, મણિલાલ, માધવજી, સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. શારદાબેન, લક્ષ્મીબેન, સ્વ. સીતાબેન, વસંતબેન, ભગવતીબેન, રાધાબેન, જ્યોતિબેન, ચંદ્રિકાબેનના ભાભી, સ્વ. રણછોડદાસ ધરમશી ઠક્કર (ઐડા)ના પુત્રી, સ્વ. અરવિંદભાઈ, મહેશભાઈ, પરેશભાઈ, રસીલાબેનના બહેન, જયેશ, જેકી, દીપેશ, ઉષા, કલ્પના, ચેતના, હેતલ, સ્વાતિના મોટીમા, શ્રેયાના દાદી, દર્શ (શિવમ)ના નાની તા. ૧૯-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૭ના મંગળવારે સાંજે ૪થી ૫ લોહાણા મહાજનવાડી, આદિપુર ખાતે.

**આદિપુર** : મૂળ ભુજના હાલે અંતરજાળના વડનગરા નાગર લય (પિન્ટુ) (વાઈસ પ્રિન્સિપાલ પી.એન. અમરશી હાઈસ્કૂલ) (હાઉઝી કિંગ) તે હિમાંશુ નટવરલાલ અંતાણી (નિવૃત્ત ઈફકો)- સ્વ. અ.સૌ. જ્યોતિકાબેનના પુત્ર, સ્નેહાના પતિ, ખુશના પિતા, ઈલાબેન કમલેશભાઈ વૈષ્ણવના જમાઈ, વિમળા નટવરલાલ અંતાણીના પૌત્ર, સ્વ. રૂક્ષ્મણિબેન હરેન્દ્રરાય ધોળકિયાના દોહિત્ર, ગીરા જયપ્રકાશ ગરવાલ, નિધિ મૌલેશભાઈ માંકડના ભાઈ, શિરીષ અંતાણી, દર્શક અંતાણી, વિભાકર અંતાણી (નિવૃત્ત પોલિટેકનિક), ગં.સ્વ. જયશ્રી પરિમલભાઈ ધોળકિયાના ભત્રીજા, સ્વ. નરેન્દ્ર એચ. ધોળકિયા (નિવૃત્ત મામલતદાર), પ્રહલાદભાઈ ધોળકિયા (નિવૃત્ત ટ્રેઝરી)ના ભાણેજ, આઈશ્રી અને પ્રિયાંશના મામા, અવનીના બનેવી તા. ૨૦-૭ના અવસાન પામ્યા છે. તા. ૨૨-૭ના સાંજે ૫થી ૬ ઉઠમણું મૈત્રી સ્કૂલ, આદિપુર ખાતે, જ્યારે પ્રાર્થનાસભા તા. ૨૩-૭ના સાંજે ૫થી ૬ હાટકેશ કોમ્પ્લેક્સ, ભુજ ખાતે.

**અંજારઃ** ગં.સ્વ.ઉર્મિલાબેન ઉ.૭૦, જગદીશભાઈ લવજીભાઈ ઠા.ના ધર્મપત્ની, જૈમિન ભાઈ, મયુરભાઈના માતુશ્રી, કરીશ્માબેન, ઉર્વિબેનના સાસુ, સ્વ.હિરાલાલભાઈ, સ્વ.દિનેશભાઈ,સ્વ.રાધાબેન, સ્વ. નર્મદાબેન,ભારતીબેન, બટુકભાઈના ભાભી, ગોરધનદાસ કુંવરજી ઠાનાસુપુત્રી, મુક્તાબેન (ધનબાદ), સ્વ.ચમનલાલ, વિનોદભાઈ, સ્વ.જગદીશભાઈ, ગીતાબેન (કલકતા), નીતિનભાઈ, હરીશભાઈ ના બહેન, તા.૨૦/૦૭/૨૦૨૬ના રોજ રામશરણ પામ્યા છે.સદ્દગતની બંન્નેપક્ષની ભાઈઓ બહેનો ની સાથે પ્રાર્થનાસભા બુધવાર તા.૨૨/૦૭/૨૦૨૬ સાંજે ૫. થી ૬. ક. દરમ્યાન શ્રી અંજાર લોહાણા મહાજન વાડી રાજેન્દ્ર કોડરાણી માર્ગ સવાસરનાકા અંજારે રાખેલ છે.

**ભુજ** : ખત્રી હારૂન આદમ (વિંઝાણવાળા) (ઉ.વ. ૭૨) તે ઈશાક, સિધિકના ભાઈ, મહંમદ આરીફ (આર્ટિસન બાંધણી), મહંમદ સોહેલ, સલમાબેન મહંમદ રફીક (નલિયા), રિઝવાનાબેન અસલમ (એમ. એસ. ખત્રી)ના પિતા તા. ૨૦-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૨-૭ના બુધવારે સવારે ૧૧થી ૧૨ સિદી જમાતખાના, ભુજ ખાતે.

**માંડવી** : કચ્છી પરજિયા પટણી સોની કિશોરભાઈ પ્રેમજીભાઈ કાગતડા (ઉ.વ. ૭૯) તે મણિબેન પ્રેમજીભાઈના પુત્ર, નાનાલાલભાઈ નરભેરામભાઈ ઝવેરી (ભુજ)ના જમાઈ ભારતીબેનના પતિ, જય અને રોનકના પિતા, દીપાલી અને વિપુલ ચંદુભાઈ ધકાણના સસરા, વરૂણના દાદા, જેની, વેદિકાના નાના, કીર્તિભાઈ (એડવોકેટ), જિતેન્દ્રભાઈ (જીતુભા), નીલેશભાઈ, વિપિનભાઈ, સ્વ. મંજુલાબેન છોટાલાલભાઈ (ભુજ), સ્વ. વસંતબેન લીલાધરભાઈ ચલ્લા, સ્વ. પુષ્પાબેન રવિલાલભાઈ ધકાણ, સ્વ. પ્રભાબેન વસંતલાલ પટણી, ઉષાબેન મુકેશભાઈ પરજિયાના ભાઈ, નિકુંજબેન, કુસુમબેન, મીનાબેનના જેઠ, સ્વ. વીણાબેન રવિલાલભાઈ વાયા, શરદભાઈ નાનાલાલભાઈ ઝવેરી, સ્મિતાબેન સુનીલભાઈ ધકાણના બનેવી તા. ૧૮-૭ના સુરત ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૭ના મંગળવારે સાંજે ૪થી ૫ સાગરવાડી, માંડવી ખાતે.

**મુંદરા** : ચાકી જેનાબાઈ (ઉ.વ. ૭૦) તે ચાકી દાઉદભાઈ હાજી વલીમામદના પત્ની, અનવર, ઈમ્તિયાઝ, મામદહુસૈનના માતા, મ. હાસમભાઈ, મ. હાજી આરબ (દુધઈ)ના ભાભી, મ. મીઠુભાઈ, જુસબભાઈ, સુલેમાનભાઈ (પત્રી)ના બહેન, જુનૈદ, સુફિયાન, રીઝવવાન, દાનિશ, જીસાનના દાદી, રજાકભાઈ હાજીહુસેન (બારોઈ), હાજીયુનુસ હાજીલતીફ (ભુજ), રફીકભાઈ (કોડાય), રીઝવાનભાઈ (ભુજ)ના સાસુ, હાજીરજાક, ગુલામહુસેન હાજીકાદર, ખાલીદ, યાસીન હાજીઆરબ (દુધઈ), ઈરશાદના મોટીમા, અસગર, અલતમસ, તાજમલના નાની તા. ૨૦-૭ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૨-૭ના બુધવારે સવારે ૧૦થી ૧૧ શાહ મુરાદ બુખારી દરગાહ કમ્પાઉન્ડ, મુંદરા ખાતે.

**વિરાણી મોટી (તા. નખત્રાણા)** : ગં.સ્વ. લીલવંતીબેન પ્રધાનવન ગોસ્વામી (ઉ.વ. ૯૦) તે સ્વ. પ્રધાનવન પરસોત્તમવનના પત્ની, સ્વ. પરષોત્તમપુરી હરિપુરી ગોસ્વામી (નુંધાતડ)ના પુત્રી, સ્વ. ભગવાનવન (રાજકોટ), રામવન (ભુજ), સ્વ. વેલાબેન શિવપુરી (કાદિયા નાના)ના ભાભી, સ્વ. નર્મદાબેન, સ્વ. મંજુલાબેનના જેઠાણી, સરસ્વતીબેન કિશોરગર (રાજકોટ), ગંગાબેન મહેશગર (નવસારી), નવીનવન, રમેશવન, વિનોદવનના માતા, અરવિંદવન, દીપકવન, યોગેશવન, જયેશન, નીતિનવન, હિનાબેન જિતેન્દ્રગિરિ (ભુજ), નીતાબેન પરેશભારથી (નારાણપર)ના મોટા મા, દક્ષાબેન, અરૂણાબેન, હેમલતાબેનના સાસુ, જ્યોતિબેન, વાસંતીબેન, જયશ્રીબેન, ગૌરીબેન, પ્રભાબેન, ટ્વિંકલબેનના મોટા સાસુ, રાજેશ, નિરાલી, રિદ્ધિ, પાર્થ, ઓમ, માનસી, મિતુલ, કશ્યપ, હેનીશ, શિવાંગીબેન રવિકુમાર (રાજકોટ), દામિની, કાજલબેન દિલીપગર (ભુજ), ચાંદનીબેન નીરવભાઈ (અમદાવાદ), મહેક, મયંક, મનન, હેનસી, કિયારા, નીતિના દાદી, શૈલેશ, ભાવિકા, જિજ્ઞા, હિતેશ, નિલેશ, જાગૃતિ, હેત, હેન્સી, વિશ્વાના નાની, પ્રેમપુરી, જેરામપુરી, માધુપુરી, નારણપુરી, મોહનપુરી, લક્ષ્મીબેન (કોઠારા), કમળાબેન (વિંઝાણ), હીરાબેનના બહેન તા. ૧૯-૭ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૧-૭ના મંગળવારે સાંજે ૪થી ૫ પાટીદાર સમાજવાડી, વિરાણી ખાતે.

**વાયોર (તા. અબડાસા)** : મૂળ દેવીસરના ચંદુલાલ નાનજી આચાર્ય (ઉ.વ. ૫૯) તે સ્વ. ગંગાબેન નાનજી શિવજી આચાર્યના પુત્ર, વર્ષાબેનના પતિ, સ્વ. ગૌરીશંકર, સ્વ. જેઠાલાલ અને ગં.સ્વ. જવેરબેન સુરશ્યામ કેવડિયા (ભુજ)ના ભત્રીજા, ગં. સ્વ. ભાનુબેન ગૌરીશંકર કેવડિયા (વાયોર), શાંતિલાલ આચાર્ય (નવસારી), પ્રતાપભાઈ આચાર્ય (નવસારી), સ્વ. રૂક્ષ્મણીબેન પ્રવીણભાઈ જોષી (માતાનામઢ)ના ભાઈ, જ્યોત્સનાબેન, પારૂલબેનના જેઠ, નવીન, દીપક, જયદીપના પિતા, લક્ષ્મીબેન નવીનના સસરા, નિકુંજભાઈ, પ્રિયાબેન ગુંજનભાઈ વાલાણી, ઈશિકાબેન ચિરાગ કેવડિયા, અર્પિતા, મયંક, દ્રષ્ટિના મોટાબાપા, આશિષ, કેતન, કોમલ પ્રશાંતભાઈ, મિત્તલ અક્ષયભાઈના મામા, વૈભવી નિકુંજભાઈના મોટા સસરા, સ્વ. લક્ષ્મીદાસ ભગવાનદાસ રાજગોર (દેવીસર)ના ભાણેજ, હરિદાસ બોડા (મુંબઈ)ના જમાઈ તા. ૨૦-૭ના વાયોર ખાતે અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૨-૭ના બુધવારે બપોરે ૩થી ૫ નવરાત્રિ ગ્રાઉન્ડ, ઠાકર મંદિર, વાયોર ખાતે.

# છાત્રો કી ગુંજ પ્રોગ્રામ અંતર્ગત રાહુલ ગાંધી કપ નાઈટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



ગાંધીધામ - કચ્છઉદય :છાત્રો કી ગુંજ પ્રોગ્રામ અંતર્ગત રાહુલ ગાંધી કપ નાઈટ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કચ્છ જિલ્લા પૂર્વ કોંગ્રેસના પ્રમુખ મુસ્તાક સોઢા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી જોબ જોહન જિલ્લા યુવક કોંગ્રેસ મહામંત્રી શાનવાઝ વોરા ગાંધીધામ વિધાનસભા પ્રમુખ વિશાલ ધેડા અંજાર તાલુકાના પ્રમુખ ઈદ્રીશ જામ દ્વારા કરવામાં આવ્યો હતો જેનું ઓપનિંગ સેરેમની કરવામાં આવી હતી જે ૧૬ ૧૭ અને ૧૮ તારીખ સુધી ચાલશે જેમાં ફાઈનલ મેચમાં જે ટીમ જીતશે તેને ટ્રોફી અને ૮૦૦૦ રોકડ રકમ ઈનામમાં આપવામાં આવશે જેમાં મુખ્ય મહેમાન ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ પ્રમુખ ડૉ પ્રવીણસિંહ વણોલ ઉપસ્થિત રહેશે તેમના હસ્તે આપવામાં આવશે અને પહેલી મેચ રાષ્ટ્રીય ગીતથી શરૂ કરવામાં જેનું ટોસ સિનિયર કોંગ્રેસ આગેવાનો દ્વારા કરવામાં આવ્યુ જેમાં ગાંધીધામ શહેર કાર્યકારી પ્રમુખ નિલેશ ભાનુશાલી, ગાંધીધામ શહેર કોંગ્રેસ પૂર્વ પ્રમુખ સંજયભાઈ ગાંધી, મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખ અમૃતાદાસ ગુપ્તા, એસ સિ સેલ ગુજરાત પ્રદેશ મહામંત્રી કોકિલાબેન ધેડા, કે કે સી સેલ પ્રમુખ ભરતભાઈ સોલંકી, ગાંધીધામ તાલુકાના પૂર્વ પ્રમુખ ઓસમાણગનીહાજી માંજોટી, શબ્બીરભાઈ કુરેશી, કિશોરભાઈ ધેડા, લક્ષ્મીબેન, જયદાસ ગુપ્તા હાજર રહ્યા જેમાં આજે ૮ ટીમો વચ્ચે મેચ રમાડવામાં આવ્યા જેમાં એક ટીમ સેમી ફાઈનલ સુધી પહોચી ગઈ જેમાં યુવક કોંગ્રેસ ના હોદેદારો દ્વારા બધી વ્યવસ્થા કરવામાં આવી જેમાં દિન સૈયદ, રમેશ આહિર, તબરેઝ શેખ, અફસર શેખ, રિઝવાન ખાન, ફેઝાન ખાન, ઉસ્માન ચાયણ, પરેશ મકવાણા, ફારૂક મિયા, ઉમર સાયચા, રેહાન અન્સારી, નવાબ કેવર, નસીમ શેખ, મિત પટેલ, કાના પટેલ બધાએ મહેનત કરી પ્રોગ્રામ ને સફળ બનાવ્યો હતો.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન લાયજાના વિમળાબેન શાંતિલાલ ગડા (ઉં. વ. ૮૪) ૧૯-૦૭ના અવસાન પામેલ છે. દેવકાબેન વિજપાર કેશવજીના પુત્રવધૂ. વર્ષા, ચેતના, ઈલા, નીલા, મેહુલ, વિનયના માતા. કોડાય લહેરકીબાઈ ધનજી આણંદજીના પુત્રી. નાનાલાલ, ભૂજપુર તારાબેન જયંતીલાલના બહેન. પ્રા.વ. સ્થા. જૈન શ્રી સં.કરશન લઘુ નિશર હોલ, દાદર (પૂ.) ૪ થી ૫:૩૦.

# રાપર ખાતે આહિર સમાજ દ્વારા વીર સપૂત દેવાયત બોદરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું






રાપરઃઆહિર સમાજના આદરણીય એવા વીર સપૂત દેવાયત બોદર ની પ્રતિમાનું અનાવરણ રાપર તાલુકા અને ખડીર આહિર સમાજ દ્વારા રાપર શહેર ના ત્રંબૌ ચોકડી ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા .જંગી અખાડા ના મહંત વેલજીદાદા તથા વૃજવાણી મંદિર ના પૂજારી રામદાસ બાપુ ના હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ ઢીલા નગરપાલિકાના પ્રમુખ ચાંદ ભાઈ ભીંડે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન વાઘજી ભાઈ છાંગા રાપર તાલુકા આહિર સમાજ ના પ્રમુખ હરીભાઈ વરચંદ જિલ્લા ભાજપ મંત્રી ઉમેશ ભાઈ સોની ધારાસભ્યના કાર્યાલય મંત્રી વિનુભાઈ થાનકી જિલ્લા પંચાયત ના સદસ્યો જયદિપસિંહ જાડેજા જેરામભાઈ સોનારા ભચાઉ તાલુકા ભાજપ પ્રમુખ નારણભાઈ આહિર, રાપર તાલુકા ભાજપ પ્રમુખ નશાભાઈ દૈયા, મદુભા વાઘેલા, દેવીબેન આહિર, માદેવભાઈ આહિર, વેલજીભાઈ પટેલ, રણછોડ ભાઈ આહિર, મહેન્દ્રિસંહ વાઘેલા, ડોલરભાઈ ગોર, ખોડાભાઈ આહિર, ભગાભાઈ આહિર, ભાણજીભાઈ ભ્રાંસડીયા, ભરતભાઈ મઢવી, કેશુભા વાઘેલા, ખેગારભાઈ આહિર, બબાભાઈ આહિર, કાનાભાઈ આહિર, લાલજી ભાઈ આહિર, કાનજીભાઈ આહિર, ખોડાભાઈ આહિર, હિરજી આહિર, મેકસ લનરેશ ભાઈ, વરચંદ લાલજી ભાઈ મણવર, પચાણભાઈ સોનારા, દેવીબેન મણવર, રણછોડ ભાઈ આહિર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ દેવાયત બોદર ની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ આહિર સમાજવાડી ખાતે સન્માન સમારોહ યોજાયો હતો જેમાં સંતો મહંતો તથા આગેવાનો ના સન્માન કરવામાં આવ્યું હતું ત્યારબાદ દેવાયત બોદર અંગે ભગાભાઈ આહિર રણછોડભાઈ આહિર ઉમેશભાઈ સોની રાજેશ ઢીલા જયદિપસિંહ જાડેજા નારણભાઈ આહિર વિગેરે એ વક્તવ્ય આપ્યું હતું તેમના બલીદાન તથા તેમના પરિવાર ની ઝાંખી રજુ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન હિરજી આહિર મેકસ દ્વારા કરવામાં આવ્યું હતું આભારવિધિ કાનજીભાઈ આહિર દ્વારા કરવામાં આવી હતી કાર્યક્રમમાં રાપર ખડીર રામવાવ ખેગારપર ગવરીપર આડેસર માંજુવાસ કુડા ચોબારી ભચાઉ તાલુકામાં થી બહોળી સંખ્યામાં આહિર સમાજ ના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કુડા જામપરથી જયરામભાઈ ઢીલા, અમરસીભાઈ ઢીલા , લાલાભાઈ વરચંદ , હરીભાઈ વરચંદ, રાજેશભાઈ વરચંદ, રામવાવથી હમીરભાઈ સરપંચ શ્રી બીજલભાઈ વરચંદ, નામેરીભાઈ મણવર , સવાભાઈ વરચંદ, લાલાભાઈ મણવર, પચાણભાઈ સોનારા, પ્રભુભાઈ સોનારા, ભુરાભાઈ વરચંદ, ખેગારપર થી સામજીભાઈ સરપંચ શ્રી રણછોડભાઈ ઢીલા, હરીભાઈ ઢીલા, સામજીભાઈ મણવર હમીરભાઈ માજી સરપંચ ગોવિંદભાઈ મણવર , ભારૂભાઈ ચાવડા, ગવરીપર લખમણભાઈ ઢીલા, વાલજીભાઈ પુર્વ રાપર તા.પ.સદસ્ય માદેવભાઈ વરચંદ, સવાભાઈ ઢીલા, ખેગાભાઈ મણવર, અમરાપર નારણભાઈ ઢીલા, માદેવાભાઈ ચાવડા, ગણેસપર અરજણભાઈ સરપંચ શ્રી , ખીમજીભાઈ પુર્વ સરપંચ આડેસર માદેવાભાઈ મકવણા રાણાભાઈ મકવાણા દિપકભાઈ આહિર , લખાગઢ નાથાભાઈ સરપંચ શ્રી રાઘવભાઈ આહિર, માજુવાસ વાલાભાઈ ડાંગર ,, નાગદાનભાઈ ડાંગર , મોમાયમોરા ખોડાભાઈ પુર્વ સરપંચ ડાવરી રણમલ ભાઈ આહિર સુખપર ભચાભાઈ આહિર, નારણભાઈ આહિર , કુંભારીયા કાનાભાઈ પુર્વ સરપંચ મોજભાઈ આહિર રાપર સહેર રમેશભાઈ માતા, ભીમાભાઈ આહિર, દિનેશભાઈ ઢીલા , રાજેશભાઈ ઢીલા , ગણેશભાઈ આહિર, મહેસભાઈ આહિર, હરેશભાઈ આહિર, જગદીશભાઈ આહિર, નારણભાઈ આહિર ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છનોંધ

**મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ**

● મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા યોજનારા શિક્ષણ સન્માન કાર્યક્રમ માટે ધો.૧૦થી કોલેજ સુધીના તમામ વિદ્યાર્થીઓએ તેમની માર્કશીટની નકલ તેમજ વિગતો ફોર્મમાં ભરી તા.૨૫-૭ સુધી સંજીવ અરવિંદભાઈ બુદ્ધભટ્ટી, રાજલક્ષ્મી ટ્રાવેલ્સ, કંસારા બજાર ચોક ખાતે સવારે ૧૧ થી ૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન આપી જવી. ધો.૧ થી ૯ના તમામ વિદ્યાર્થીઓએ પોતાના માર્કશીટની ઝેરોક્ષ સન્માન સ્થળ ખાતે સાથે લાવવી. આ ઉપરાંત રાજ્ય અથવા રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવનારે પોતાની વિગતો ફોર્મમાં ભરી પ્રમાણપત્રની ઝેરોક્ષ આપી જવી. વધુ માહિતી માટે શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિના કન્વીનર ડૉ. ચેતનભાઈ આઈ. બારમેડાનો સંપર્ક કરવો.

## રત્નકણિકા

**હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ તે પ્રગટ હોહિ મૈ જાના.- ગોસ્વામી તુલસીદાસજી**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. સફર-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૩, અષાઢ સુદ-૮ દૂર્ગાષ્ટમી તા.૨૧ જુલાઈ ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૬, ચિત્રા નક્ષત્ર, સિધ્ધ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સવારે ૭:૫૫ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રાવસ દ્વારા લાભ થાય.

**વૃષભ** – મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.

**મિથુન** – ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.

**કર્ક** – અગત્યના કાર્યોમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.

**સિંહ** – સ્નેહિથી મતભેદ સર્જાય. કૌટુંબિક મહત્વના પ્રશ્નોનો ઉકેલ મળે.

**કન્યા** – પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.

**તુલા** – પુરૂષાર્થ વધારવાથી કાર્ય સફળતા મળે. અકારણ ચિંતા રહે.

**વૃશ્ચિક** – વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.

**ધન** – આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.

**મકર** – શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.

**કુંભ** – કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**મીન** – આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સફળતા મળે.

# અબડાસા અને લખપતના વિવિધ સરહદી વિસ્તારોમાં મરીન કમાન્ડો દ્વારા કવાયત હાથ ધરાઈ





ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના સરહદી અને સંવેદનશીલ દરિયાઈ વિસ્તારની સુરક્ષા વ્યવસ્થાને વધુ અભેદ્ય બનાવવા માટે દરિયાકાંઠાના વિસ્તારોમાં શંકાસ્પદ શખ્સોની હિલચાલ, શંકાસ્પદ વસ્તુઓ, ડ્રગ્સના પેકેટ, બિનવારસી બેગ તેમજ ડ્રોનની ગતિવિધિઓ, દાણચોરી અને કેફી પદાર્થોની ગેરકાયદેસર હેરાફેરી જેવી બાબતો પર તપાસ કરવામાં આવી હતી.

અધિક પોલીસ મહાનિદેશક અમિતકુમાર વિશ્વકર્મા અને નાયબ પોલીસ મહાનિરિક્ષક (દરિયાઈ સુરક્ષા) એ. એમ. મુનિયાની ખાસ સૂચનાઓ તેમજ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર એસ. જે. પરમારના સીધા માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર લીડરની કચેરી, કોટેશ્વર દ્વારા સઘન ચેકિંગનું આયોજન કરાયું હતું.

જેમાં નાયબ પોલીસ અધિક્ષક બી. કે. ઝાલા, પોલીસ ઈન્સ્પેક્ટર આર. ડી. ઝાલા સહિત પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને મરીન કમાન્ડોની ટીમોએ લક્કીનાળાથી શરૂ કરીને રામેન્દ્રા વિસ્તાર સુધીના દરિયાઈ કાંઠા પર પાંચ કિલોમીટર કરતાં પણ વધુ અંતરનું કપરૂં ફુટ પેટ્રોલિંગ એટલે કે પગપાળા પ્રવાસ કરીને સઘન કોસ્ટલ પેટ્રોલિંગ કરાયું હતું. આ તરફ જખૌ સેકટર મરીન ટાસ્કફોર્સના ડીવાયએસપી આર.એમ. ચૌધરીના નેતૃત્વમાં ટીમ દ્વારા ખીદરત ટાપુ, શિયાળબારી, ભારત સોલ્ટ, સીધોડી બીચ, મીઠા પોર્ટ સહિતના વિસ્તારમાં ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ડ્રાઈવ દરમિયાન સુરક્ષા દળો દ્વારા સમગ્ર વિસ્તારમાં ઝીણવટભર્યું સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક કક્ષાએ શંકાસ્પદ જણાતા ઈસમોની પૂછપરછ કરવામાં આવી હતી તેમજ શંકાસ્પદ વાહનો અને દરિયામાં અવરજવર કરતી શંકાસ્પદ બોટોની પણ સઘન તપાસ કરાઈ હતી.

આ ઉપરાંત કાંઠા વિસ્તારમાં આવેલા અવાવરુ અને સુમસામ સ્થળોને પણ ખાસ ચેક કરવામાં આવ્યા હતા જેથી ભવિષ્યમાં કોઈપણ અનિચ્છનીય ઘટના કે સુરક્ષામાં ચૂક થવાની શક્યતાઓને અટકાવી શકાય.

# નખત્રાણા તેમજ ધુણઈ પાસે ખનિજ ભરેલા ટ્રેઈલર પકડાયા



નખત્રાણા - કચ્છઉદય : નખત્રાણા પોલીસે રોયલ્ટી કે પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ડસ્ટ (ભુંસી) ભરીને જતું ટાટા કંપનીનું ટી.સી. ડમ્પર પકડી પાડ્યું હતું.

પોલીસે ૧૦ લાખનું ડમ્પર જીજે ૦૮ વાય ૫૮૧૭ કબ્જે કરીને ડીટેઈન કર્યું છે. લખપત તાલુકાના ભાડરા ગામના ચાલક કાનાભાઈ વંકાભાઈ રબારી પાસે આધાર પુરાવા મળી આવ્યા ન હતા.

બીજીતરફ એલસીબીએ માંડવીના ધુણઈ ગામના પાટિયાથી પુનડી જતા રસ્તા પર બેન્ટોનાઈટ ભરેલા બે ટ્રેઈલર ડીટેઈન કર્યા હતા.

# ભચાઉમાં જાહેરનામાનો ભંગ કરી છરી સાથે રખડતો યુવક ઝબ્બે

ભચાઉઃ ભચાઉ પોલીસે જાહેરનામાના ભંગ સામે ઝુંબેશ ચલાવીને કમરે છરી રાખીને ફરતા એક યુવકની ધરપકડ કરી છે. ભચાઉ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મોહનભાઈ સોનારાએ બટીયા પુલ પાસેથી રમેશ લઘધીરભાઈ કોલી (ઉ.વ. ૨૬, રહે. જુનાવાડા, ભચાઉ) ને પોતાની કમરમાં છરી રાખીને જાહેર જગ્યામાં ફરતો ઝડપી લીધો હતો. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાતુર્માસ એ આત્મજાગૃતિ અને આત્મકલ્યાણ તરફનો એક પવિત્ર અભિયાન

**ભુજના નવનીત નગર - કોવઈ નગર ખાતે આવેલ અમરસન્સ ઉપાશ્રય મધ્યે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ**



ભુજ - કચ્છઉદય : અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંઘના ચેરમેન જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ ભુજ કવીઓ જૈન સંઘ સંચાલીત ભગવાન મુનિસુવ્રત સ્વામિ જીનાલય નવનીત નગર - કોવઈ નગર મધ્યે આવેલ અમરસન્સ ઉપાશ્રય ખાતે આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી સંપ્રદાયના કચ્છ કેસરી આ.ભ. પ.પૂ. પૂનમચંદ્રજી મ.સા. તથા અનશન આરાધિકા પ.પૂ. સુનંદાબાઈ મહાસતીજીના સુશિષ્ય પ.પૂ. જીતેન્દ્રમુનિ મ.સા. તથા કાર્યવાહક પ.પૂ. તારાચંદમુનિ મ.સા.ની આજ્ઞાનુવર્તીએ પ.પૂ. નિપુણાબાઈ મહાસતીજી (નવીનાળ), પ.પૂ. અર્પણાબાઈ મહાસતીજી (મોટી ભુજપર) આદિ ઠાણા બેનો ચાર્તુમાસ પ્રવેશનો કાર્યક્રમ ભક્તિસભર વાતાવરણમાં ઢોલ -શરણાઈની સુરાવલી સાથે વાજતે ગાજતે સામૈયા સાથે પ.પૂ. સાધ્વી ભગવંતોએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો ત્યારે સમગ્ર પરિસર જૈનમ જંયતી શાસનના નારા સાથે ગુંજી ઉઠયું હતું.

સ્વાગત પ્રવચન કરતા સંસ્થાના અધ્યક્ષ જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, પ.પૂ. સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં આ ચાર્તુમાસ દરમ્યાન યથા શકિત ધાર્મિક ક્રિયાઓ કરી મનુષ્યભવને પ્રભુ ભકિતમાં લીન કરવા અનુરોધ કર્યો હતો. પ.પૂ. સાધ્વી ભગવંત મ.સા.એ માંગલીક પ્રવચનમાં ચાર્તુમાસ અંગે સમજ આપતા જણાવ્યું હતું કે, ચાતુર્માસ એ માત્ર ધાર્મિક પરંપરા નથી, પરંતુ આત્મજાગૃત્તિ અને આત્મકલ્યાણ તરફ એક પવિત્ર અભિયાન છે. આ પવિત્ર અવસરે ઉપસ્થિત સૌ લોકોએ યથા શકિત ધર્મ આરાધના, તપ અને સંયમ દ્વારા મનુષ્ય જીવને પવિત્ર બનાવવનો સંકલ્પ કરીએ એજ ચાતુર્માસની સાચી સાર્થકતા છે. ચાર્તુમાસ દરમ્યાન જે વાંચન થનાર સુત્ર પ.પૂ. સાધ્વીજી મ.સા.ને વ્હોરાવાનો લાભ વંદનાબેન લક્ષ્મીકાંત પ્રેમજી કારાણી પરિવારે, ચરિત્ર વહોરાવાનો લાભ જયશ્રીબેન અભયકુમાર શાહ પરિવારે, જયારે ગુરૂપૂજનનો લાભ વંદનાબેન લક્ષ્મીકાંત પ્રેમજી કારાણી પરિવાર, કામળી વહોરાવાનો લાભ વાસંતીબેન મોતા, ઉર્મિલાબેન જયંતભાઈ છેડા પરિવારે, મતિજ્ઞાન પૂજનનો લાભ માતૃશ્રી લક્ષ્મીબેન જગશી છેડા હસ્તે જયોતિબેન ગીરીશભાઈ છેડા પરિવાર, શ્રુતજ્ઞાન પૂજનનો લાભ હંસાબેન તારાચંદભાઈ છેડા પરિવારે, અવધિજ્ઞાન પૂજનનો લાભ મહેતા ચંદુલાલ ગોવિંદજી પરિવાર, મનપ્રયાયજ્ઞાન પૂજનનો લાભ માતૃશ્રી ભાનુબેન ધારશી દેઢીયા પરિવારે અને કેવળજ્ઞાન પૂજનનો લાભ બિંદીયાબેન ગુંજન વોરા પરિવારે લીધો હતો.

આ પ્રસંગે સંઘના ચેરમેન જીગર તારાચંદભાઈ છેડા, મેનેજીંગ ટ્રસ્ટી લહેરીભાઈ છેડા, સંઘ અને મહાજનના ટ્રસ્ટીઓ, સખીવૃંદના સભ્યો, યુવા પાંખના સભ્યો, સામાજીક આગેવાન અભયભાઈ શાહ, લક્ષ્મીકાંતભાઈ કારાણી, મૌલીકભાઈ શાહ, લાખાપર, પત્રી, નવીનાળ, ભુજપુર, મુંદરા વિગેરે ગામથી પધારેલા ભાવિક ભકતજનો, સમાજના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મહાજનના ખજાનચી હરેશભાઈ ગોગરીએ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# ખ્રિસ્તી ધર્મગુરૂનું અવસાન થતાં કચ્છ-સૌરાષ્ટ્રમાં શોક



ભુજ - કચ્છઉદય : ખ્રિસ્તી સંપ્રદાયના ધર્મગુરૂ તથા કચ્છ-સૌરાષ્ટ્રના વડામથક રાજકોટ ડાયોસીસના ભૂતપૂર્વ વડા, રેવ. બિશપ ગ્રેગરી કરોટેમ્પરલનું ૧૯-૭ના રાજકોટ ખાતે ૯૩ વર્ષની વયે અવસાન થયેલ છે, તેઓ થોડા સમયથી બિમાર હતા. તેમના અવસાનથી કચ્છ, સૌરાષ્ટ્ર તથા કેરલમના ખ્રિસ્તી સંપ્રદાયમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

તેમણે પચાસ વર્ષ સુધી સેવા, પ્રેમ અને કરુણાના સિદ્ધાંતો સાથે ખ્રિસ્તી સંપ્રદાય અને સમાજ માટે કાર્ય કર્યું હતું. રાજકોટ ડાયોસીસના બિશપ તરીકે કચ્છ - સૌરાષ્ટ્રમાં આવેલી એક સોથી વધારે શાળાઓના તેઓ મુખ્ય ટ્રસ્ટ્રી હતા ઉપરાંત, કચ્છની તમામ કોન્વેન્ટ શાળાઓ કે જે કચ્છ કેળવણી મંડળના નેજા હેઠળ ચાલે છે, તેના રેવ. બિશપ ગ્રેગરી સ્થાપક પ્રમુખ હતા. વાત્સલ્ય, કરૂણા અને ઋજુતા જેવા સંવેદનશીલ ગુણોની સાથો સાથ તેઓ શિસ્તબદ્ધ અને કુશળ વહીવટકર્તા તરીકે જાણીતા તથા લોકપ્રિય હતા. ખ્રિસ્તી સંપ્રદાય સિવાય પણ લાખો વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોમાં તેમણે પોતાનાં બેનમૂન નેતૃત્વ અને સેવાપરાયણતાને કારણે અપાર સ્નેહ અને ચાહના પ્રાપ્ત કર્યા હતા.

બિશપ ગ્રેગરીના સન્માનમાં રાજકોટ ડાયોસીસની તમામ શાળાઓ તથા અન્ય કાર્યાલયોમાં રજા તથા એક અઠવાડિયાના શોકની જાહેરાત રાજકોટની રેવ. બિશપ જોશ દ્વારા કરવામાં આવી છે.

# માતા મરણના કેસોની જિલ્લા સ્તરીય સમીક્ષા બેઠક જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને યોજાઈ

ભુજ - કચ્છઉદય : માતા મરણ દરમાં ઘટાડો લાવવા, સગર્ભા મહિલાઓને સમયસર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તેમજ ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભાવસ્થાના કેસોનું અસરકારક સંચાલન સુનિશ્ચિત થાય તે હેતુથી જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન જિલ્લામાં નોંધાયેલા માતા મરણના દરેક કેસોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. માતા મરણના મૂળ કારણો, ગર્ભાવસ્થા દરમિયાન આપવામાં આવતી આરોગ્ય સેવાઓ, ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભાવસ્થાની સમયસર ઓળખ, સંસ્થાગત પ્રસૂતિ, સમયસર રેફરલ, પ્રસૂતિ બાદની સંભાળ તેમજ આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો લાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે જણાવ્યું હતું કે, માતા મરણનો દરેક કેસ ગંભીરતાથી લઈ તેનું મૂળ કારણ જાણી ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે અસરકારક અને સમયબદ્ધ કાર્યવાહી કરવી જરૂરી છે. તેમણે તમામ આરોગ્ય અધિકારીઓને સગર્ભા મહિલાઓનું સમયસર નોંધણીકરણ, નિયમિત પ્રસૂતિ પૂર્વ તપાસ, ઉચ્ચ જોખમ ધરાવતી ગર્ભાવસ્થાની વહેલી ઓળખ, સમયસર સારવાર અને રેફરલ તેમજ પ્રસૂતિ બાદ માતા અને નવજાતની સતત દેખરેખ સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. બેઠકમાં તાલુકાવાર માતા મરણના સૂચકો, માતૃત્વ આરોગ્ય સેવાઓની કામગીરી, રેફરલ વ્યવસ્થા, ૧૦૮ ઈમરજન્સી સેવા, બ્લડની ઉપલબ્ધતા, ઈમરજન્સી પ્રસૂતિ સેવાઓ તથા વિવિધ માતા અને બાળ આરોગ્ય કાર્યક્રમોની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. સાથે જ માતા મરણના દરેક કેસનું રૂટ કૉઝ એનાલિસિસ કરી ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે જરૂરી સુધારાત્મક પગલાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, પ્રજનન અને બાળ આરોગ્ય અધિકારી, તમામ તાલુકા આરોગ્ય અધિકારીઓ તથા આરોગ્ય વિભાગના સબંધિત અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકના અંતે જિલ્લા વિકાસ અધિકારીએ રાજ્ય સરકારની માર્ગદર્શિકા અનુસાર માતા અને બાળ આરોગ્ય સેવાઓને વધુ મજબૂત માટે તમામ અધિકારીઓને સંકલિત, જવાબદારીપૂર્વક અને ગુણવત્તાયુક્ત કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

# લાલન કોલેજ ખાતે સંસ્કૃત કક્ષનું કરાયું ઉદ્ઘાટન

**બીએ તથા બીએસસીના સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો**



ભુજ - કચ્છઉદય : આર. આર. લાલન કોલેજ ભુજ ખાતે પ્રથમ વર્ષ બી.એ. તેમજ બીએસ.સી.ના વિદ્યાર્થીઓનાં પ્રવેશ નિમિત્તે અને કોલેજ ખાતે નવી શિક્ષણનીતિ સંદર્ભે સાતમું સેમેસ્ટર શરૂ થતાં વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે સંસ્કૃત ભાષાના પ્રચાર પ્રસાર માટે ગુજરાત સરકારની નીતિ હેઠળ કૉલેજ ખાતે એક સંસ્કૃતકક્ષ તૈયાર કરવામાં આવ્યો જેનું ઉદ્ઘાટન મહાનુભાવોને હસ્તે કરવામાં આવ્યું હતો. આરંભે પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓ રબારી હેતલ અને ગુસાઈ દિયાએ સરસ્વતીવંદનાની પ્રસ્તુતિ કરી હતી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો.

પ્રવેશોત્સવમાં અતિથિ તરીકેભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, તાલુકા પંચાયત ભુજના પ્રમુખ લક્ષ્મીબેન ખેતાણી, રાજકોટ લો કોલેજના આચાર્ય ડૉ. કમલેશભાઈ બુધ્ધભટ્ટી, આર. આર. લાલન કોલેજ-ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના પ્રમુખ મુરબ્બી જોરાવરસિંહ રાઠોડ, ઉપપ્રમુખ ઝવેરીભાઈ સોનેજી, ઉપપ્રમુખ ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સર્વે મહેમાનોનું શાલ અને પ્રતીક ભેટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. સી. એસ. ઝાલાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ તબક્કે મહેમાનોના હસ્તે બીએ, બીએસસી અને દિવ્યાંગ વિદ્યાર્થી તરીકે ત્રણ વિદ્યાર્થીઓ- શર્મા પ્રીત સંજીવભાઈ, વરસાણી સાહિલ કરસનભાઈ અને મહેશ્વરી અર્જુન ભીમજીભાઈનું કીટ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. સેમેસ્ટર સાતમાં આ વર્ષથી શરુ થનાર ઓનર્સમાં પ્રવેશ મેળવનાર નાકરાણી કૃપા જયેશભાઈને પણ સમગ્ર વિદ્યાર્થીઓના પ્રતિનિધિરૂપે આવકાર આપવામાં આવ્યો. કાર્યક્રમના અતિથિ કેશુભાઈ પટેલે વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો અને કારકિર્દી ઘડવા સક્ષમ બનવા પ્રેરિત કર્યા હતા સાથે તેમણે ઓડીટોરીયમમાં પંખાની સવલત કરાવી આપવા માટે જાહેરાત કરી હતી. સૌએ તેમના આ વચનોને વધાવી લીધાં હતા. પધારેલા મહેમાન જોરાવરસિંહ રાઠોડ અને કે.કે. બુધ્ધભટ્ટીએ કોલેજમાં નૂતન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પ્રેરક વચનો કહ્યાં હતાં તેમજ સ્વઓળખ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં જોડાવા સૂચન કર્યું હતું. સપ્તધારાના કો-ઓર્ડીનેટર અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. મેહુલ શાહે કૉલેજની વિવિધ ધારાઓનો તેમજ કૉલેજનો પ્રાથમિક પરિચય આપ્યો હતો. સંચાલન ગુજરાતી વિભાગના ડૉ. ચૈતાલી ઠક્કરે કર્યું હતું. આભારદર્શન ડૉ. મેહુલ શાહે કર્યું હતું.

# ગઢશીશામાં નાસ્તાની લારીએ થયેલી બોલાચાલીમાં યુવાનની હત્યાનો પ્રયાસ

ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકાના ગઢશીશા ગામે માંડવીથી નખત્રાણા જતા હાઈવે પર પારસીયા ગેરેજની બાજુમાં યુવાનની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ફરીયાદી નખત્રાણાના જેસરવાંઢમાં રહેતા હિંમતસિંહ હીરાસંગજી જાડેજાએ જણાવ્યું કે, આરોપી ગઢશીશાના સ્વરૂપસિંહ સમરથસિંહ સોઢા, મંગલસિંહ સમરથસિંહ સોઢા, શક્તિસિંહ સમરથસિંહ સોઢા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ફરીયાદી અને સાહેદો ગઢશીશા ગામે સરકારી હોસ્પિટલની બાજુમાં નાસ્તાની લારી પર નાસ્તો કરતા હતા ત્યારે આરોપી સાથે નાસ્તો કરવા બાબતે બોલાચાલી થઈ હતી. ત્યાંથી નિકળી ગયા બાદ રસ્તામાં આરોપીઓએ પીછો કરી આવી બાઈક ઉભું રખાવી માર માર્યો હતો. ચાકુ વડે જાનથી મારી નાખવાના ઈરાદે છાતી અને પેટના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોચાડી હતી. જે અંગે ગઢશીશા પોલીસે હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ગુનો દાખલ કર્યો હતો.

## માપર અને નલિયામાં મોપેડ સ્લીપ થતા બે ઘવાયા

ભુજ - કચ્છઉદય : અબડાસા તાલુકાના નલિયામાં કોસ્ટગાર્ડ યુનિટ સામે બાઈક લઈને જતી વખતે સામેથી ગાડીવાળાએ ટક્કર મારતા સુરેન્દ્રસિંઘ નામના જવાનને ઈજાઓ થવાથી સારવાર માટે જી.કે.માં લઈ આવ્યા હતા, જયારે માંડવી તાલુકાના માપર ગામે બાઈક પર જતી વખતે શ્વાન આડું આવતા મોપેડ સ્લીપ થવાથી દરશડીના કોલી રવજી સુમાર અને કોલી હરેશ બચુને ઈજાઓ થવાથી ૧૦૮ મારફતે જી.કે.માં દાખલ કરવામાં આવ્યા હતા.

# ગાંધીધામમાં દારૂ પીને બાઇક ચલાવતો પલ્સર ચાલક ઝડપાયો

**નંબર પ્લેટ વગરની પલ્સર સાથે કેફી પીણું પીધેલી હાલતમાં 'એ' ડિવિઝન પોલીસે યુવકની અટકાયત કરી**

ગાંધીધામઃ ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસની ટીમે ખોડીયારનગર ઝૂંપડા રમણ ચોરાયા પાસે રોડ પરથી નશાની હાલતમાં વાહન હંકારતા એક યુવકની અટકાયત કરી છે.

પોલીસ હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ ચૌધરીએ આગળ-પાછળ નંબર પ્લેટ વગરની બજાજ પલ્સર-૨૨૦ મોટરસાયકલ (કિં. રૂ. ૨૫,૦૦૦) લઈને નીકળેલા ઈમરાન નુરમામદ ધોસા (ઉ.વ. ૨૪, રહે. ખારી રોહર, ગાંધીધામ) ને રોકી તપાસ કરતા તે ગેરકાયદેસર રીતે કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે **M.V. Act** ની કલમ-૧૮૫ તથા પ્રોહિબિશન એક્ટની કલમ-૬૬(૧)(બી) હેઠળ ગુનો દાખલ કરી વાહન કબ્જે કર્યું છે.

## માધાપરમાં અગાઉના ઝઘડાના મનદુઃખે મારામારી

ભુજ - કચ્છઉદય : તાલુકાના માધાપર ગામે પોલીસ સ્ટેશનની બાજુમાં ટ્રી ટોપ હોટલની સામે શ્રી રામ કાંટા પાસે મારામારી થઈ હતી. ફરીયાદી ઈબ્રાહીમ હાસમ ખલીફાના જણાવ્યા પ્રમાણે આરોપી મતીયા કોલોનીમાં રહેતા અમન શંકર મહેશ્વરી તેમજ દયારામ શંકર મહેશ્વરીએ ચારેક મહીના અગાઉ ફરીયાદી સાથે ઝઘડો થયો હતો. જેનું મનદુઃખ રાખી ફરીયાદીને પથ્થરો મારી ઈજાઓ પહોચાડવામાં આવી હતી. જે બાબતે માધાપર પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

# ભુજના જ્યુબીલી સર્કલ પાસે થયેલી મારામારીમાં સામ સામે ફરિયાદ

ભુજ - કચ્છઉદય : શહેરમાં વીડી હાઈસ્કૂલથી જયુબીલી જતા રોડ પર સંતોષી માતાજીના મંદિરની આગળ રાત્રે મારામારી કરવામાં આવી હતી. જે અંગે સામ સામે બી ડીવીઝનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરીયાદી માધાપરમાં દિનેશ આશાભાઈ જોગીના જણાવ્યા પ્રમાણે આરોપી કપિલ ચૌહાણ (ગોસ્વામી), રવિ પરમાર (ગોસ્વામી) અને કનકસિંહ ઉર્ફે લાલોએ ફરીયાદીના ઘરે આવી પરિવાર સાથે ગેરવર્તન કરી ફરીયાદીને જયુબીલી સર્કલ પાસે બોલાવી, ધોકા વડે માર મારી મુઢ ઈજાઓ પહોંચાડી હતી. સામે પક્ષે મીરજાપરમાં રહેતા કપિલ કલ્યાણજી ચૌહાણે જણાવ્યું કે, આજથી દસેક દિવસ અગાઉ આરોપી દિનેશ જોગી સાથે ફોનમાં સ્ટેટસ રાખવા બાબતે બોલાચાલી થઈ હતી. જે બાદ ફરીયાદી અને સાહેદો આરોપીના ઘરે ગયા હતા ત્યારે આરોપી હાજર ન હતો. બાદમાં જયુબીલી સર્કલ પાસે ઝઘડો કરી ધોકા વડે માર મારવામાં આવ્યો હતો. બી ડીવીઝન પોલીસે સામ સામે ફરીયાદ નોંધી ગઈકાલે સાંજે ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું.

## ધમડકા પાસે હાઇવે પર ટ્રેક્ટર અડચણરૂપ રાખનાર સામે કાનૂની કાર્યવાહી

ગાંધીધામ : ભુજ-ભચાઉ નેશનલ હાઈવે પર વાહનવ્યવહારને અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક કરનારાઓ સામે દુધઈ પોલીસે લાલ આંખ કરી છે. દુધઈ પોલીસ સ્ટેશનના એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલાએ ધમડકા ગામની સહયોગ હોટલ પાસે રોડ પર પોતાના કબ્જાનું પાવરટેક ટ્રેક્ટર (નં. GJ-39-CC-1328) ભયજનક અને ટ્રાફિકને અવરોધાય તે રીતે ઉભું રાખવા બદલ ચાલક સલીમ સુલતાન નોડે (ઉ.વ. ૨૨, રહે. જગતપર, તા. અંજાર) સામે બીએનએસની કલમ-૨૮૫ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.


**કચ્છ લાઈફ કેર હોસ્પિટલ**
24X7 ICU સેવા તેમજ ઈમર્જન્સી સેવા ઉપલબ્ધ


ડો.દીપ ઠક્કર
MBBS, MD
MEDICINE
જનરલ ફિઝીશીયન


ડો.વિજય ગોસ્વામી
MD, FICM, FCCM, FCCS, FIPM
એનેસ્થેસિયોલોજીસ્ટ
ક્રિટીકલ કેર સ્પેશિયાલીસ્ટ

ધબકારા વધી જવા, અચાનક પરસેવા થી રેબઝેબ થવું, શ્વાસ મુંઝાવા જેવું લાગવું, છાતી માં દુઃખાવો ઉપડવો બેભાન અવસ્થા થઈ જવી, જો એવા કોઈ પણ લક્ષણો લાગે તો તરત જ

કચ્છ લાઈફ કેર હોસ્પિટલ

પહોંચી આવશો તમારી સારવારની સંભાળ અને સચોટ નિદાન માટે અમે કટિબદ્ધ છીએ

KLC Kutch Life Care A Multi-Speciality Hospital & Trauma Centre
सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया।

સ્થળ : કચ્છ લાઈફ કેર હોસ્પિટલ સનરાઈસ ટાવર, યશ બેંકની બાજુમાં, ભુજ-કચ્છ.

નામ લખાવવા માટેઃ 95372 22108 02832-222108


## રાપર નગરપાલિકા જિલ્લો-કચ્છ

**ટેન્ડર નિવિદા વર્ષ :- ૨૦૨૬/૨૭ (બીજો પ્રયત્ન)**

રાપર નગરપાલિકા જી. કચ્છ-ભુજ (ફોન નં.૦૨૮૩૦ ૨૨૦૦૧૧) દ્વારા ઓનલાઈન ટેન્ડર ઈજારદારશ્રીઓ/વેપારીઓ પાસેથી રાપર નગરપાલિકાની જુદી-જુદી શાખાઓના વર્ષ-૨૦૨૬/૨૦૨૭ માટે માલસામાન ખરીદી તેરજ રીપેરીંગ કામના વાર્ષિક ભાવો હેઠળના કામના ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર રૂબરૂ સ્વીકારવામાં આવશે નહીં. તેમજ ઓફલાઈન ટેન્ડર નીચેની વિગતે નગરપાલિકા કચેરીએથી મેળવવાના રહેશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર કચેરીએથી લઈ જવાની તારીખ :- | તાઃ૨૦/૦૭/૨૦૨૬ થી ૨૮/૦૭/૨૦૨૬ના ૧૮:૦૦ કલાક સુધી લઈ જવા |
| ઓનલાઈન ટેન્ડરના ભાવો ભરી રજી. એડીથી પરત કરવાની તારીખ :- | તાઃ૦૧/૦૮/૨૦૨૬ના ૧૮:૦૦ કલાક સુધી (રજી. પોસ્ટ દ્વારા) |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ. | તાઃ૦૩/૦૮/૨૦૨૬ના સમય ૧૨:૦૦ કલાક |

તારીખ :-૧૮/૦૭/૨૦૨૬
(નામાનિ/કચ્છ/૪૬૧/૨૦૨૬-૨૭)

ચીફ ઓફિસર
રાપર નગરપાલિકા

## જિલ્લા તિજોરી કચેરી, ભુજ-કચ્છ

સેવા સદન, મુંદ્રા રોડ, ભુજ, જિલ્લો-કચ્છ. પીનઃ૩૭૦૦૦૧
Email : treasury-kut@gujarat.gov.in
phone : 02832-231202

**વિષય : ઝેરોક્ષ, પ્રિન્ટ અને બાઈડીંગની કામગીરી માટેના ભાવ પત્રક બાબત.**

જિલ્લા તિજોરી કચેરી, ભુજ-કચ્છ ખાતે વહિવટી કામગીરી માટે ઝેરોક્ષ, પ્રિન્ટ અને બાઈડીંગની કમાગીરી કરવા મટો પ્રતિષ્ઠિત એજન્સીઓ/દુકાનદારો/ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં ભાવ પત્રક મંગાવવામાં આવે છે.

(૧) કામગીરીની ટુંકી વિગત :- ઝેરોક્ષ, પ્રિન્ટ અને બાઈડીંગની સંબંધિત કાગમીરી (પ્રતિ પેજ ભાવ આધારીત)
(૨) કામનો સમયગાળો :- ૮ માસ (તા.૦૧/૦૮/૨૦૨૬ થી ૩૧/૦૩/૨૦૨૭) સુધી
(૩) ટેન્ડર સંબંધિત મહત્ત્વની તારીખો અને વિગતો :-

| વિગત | તારીખ અને સમય |
|---|---|
| ભાવ પત્રક સબમિટ કરવાની છેલ્લી તારીખ | તા.૨૪/૦૭/૨૦૨૬ |
| ભાવપત્રક ખોલવાની તારીખ | તા.૨૮/૦૭/૨૦૨૬ |
| અંદાજીત કામગીરી (વાર્ષિક ધોરણે) | ઝેરોક્ષ :- ૧૨૦૦૦<br>પ્રિન્ટ :- ૭૨૦૦૦<br>બાઈડીંગ-૫૦ નંગ |

**મુખ્ય શરતો અને નિયમો :**
૧. ભરેલ ભાવ પત્રક સીલબંધ કવરમાં ફક્ત રજીસ્ટર એ.ડી. (R.P.A.D.) /સ્પીડ પોસ્ટ દ્વારા જ સ્વીકારવામાં આવશે. રૂબરૂ કે કુરિયર દ્વારા મોકલેલ ભાવ પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.
૨. કવર ઉપર સ્પષ્ટ અક્ષરે "ઝેરોક્ષ, પ્રિન્ટ અને બાઈડીંગની કામગીરીના ભાવ પત્રક માટે" એમ લખવું ફરજિયાત છે.
૩. તેમજ અન્ય શરતો માટે જિલ્લા તિજોરી કચેરી ભુજથી માહિતી મેળવવી રહેશે.

(નામાનિ/કચ્છ/૪૬૫/૨૦૨૬-૨૭)


**શ્રી યદુવંશી સોરઠિયા આહીર નું ગૌરવ**

એક વિચાર - એક લક્ષ્ય - રાષ્ટ્ર સર્વોપરી


**શ્રી ત્રિકમભાઈ બી. છાંગા**
મંત્રીશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ધારાસભ્ય શ્રી અંજાર.


**શ્રી દિપેશભાઈ રતીલાલભાઈ કાતરીયા**
પ્રદેશ કારોબારી સભ્ય
પ્રભારી સુરેન્દ્રનગર જિલ્લા


**શ્રી અશ્વિનભાઈ સોરઠીયા**
મહામંત્રીશ્રી, અંજાર શહેર ભાજપ


**શ્રી સંજયભાઈ પેડવા**
ઉપપ્રમુખશ્રી, અંજાર શહેર ભાજપ


**શ્રી પરેશભાઈ માલસતર**
ઉપપ્રમુખશ્રી, અંજાર નગરપાલિકા


**શ્રી પાર્થભાઈ કે. સોરઠીયા**
કાઉન્સીલરશ્રી, વોર્ડ-૯, અંજાર ન.પા.
પૂર્વ કારોબારી ચેરમેન અંજાર ન.પા.


**શ્રી જયેશભાઈ કે. બલદાણીયા**
કાઉન્સીલરશ્રી, વોર્ડ-૧, અંજાર ન.પા.


**શ્રી હિતેનભાઈ હડીયા**
મહામંત્રીશ્રી, અંજાર શહેર યુવા મોરચો


**શ્રીમતી હર્ષાબેન યોગેશભાઈ ચોટારા**
કાઉન્સીલરશ્રી, વોર્ડ-૯, અંજાર ન.પા.


**શ્રીમતી વૈશાલીબેન સોરઠીયા**
મહામંત્રીશ્રી, અંજાર શહેર ભાજપ મહિલા મોરચો

શ્રી યદુવંશી સોરઠીયા આહિર અંજારના નવનિયુક્ત ભારતીય જનતા પાર્ટીના સર્વે હોદેદારોશ્રી / પદાધિકારીશ્રીઓને ખુબ ખુબ અભિનંદન.... આપશ્રીઓ રાજકીય તેમજ સામાજીક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી વધુને વધુ નામના મેળવો તેવી અંતરની શુભકામના સાથે ખુબ ખુબ અભિનંદન....

::: શુભેચ્છકો :::

**હરિશભાઈ કાતરીયા**
**રોહિતભાઈ પેડવા**

# કાલે રાષ્ટ્રીય ધ્વજ દિવસ : રાષ્ટ્રધ્વજની સૌપ્રથમ કલ્પનાથી આજ સુધીનો ઇતિહાસ




૧૯૦૫માં સ્વામી વિવેકાનંદના શિષ્યા સિસ્ટર નિવેદિતાએ પહેલીવાર રાષ્ટ્રધ્વજની કલ્પના કરી અને આવો રાષ્ટ્રધ્વજ સૌપ્રથમવાર બનાવ્યો હતો



૧૯૦૬માં શચિન્દ્રપ્રસાદ બોઝે આવો ધ્વજ બનાવી અને કલકત્તામાં ફરકાવ્યો હતો



૧૯૦૭માં મેડમ ભીખાઈજી કામાએ સૌપ્રથમ વિદેશની ધરતી ઉપર ફરકાવેલો આ પ્રકારનો ભારતનું ધ્વજ ''સપ્તર્ષિ'' ધ્વજ તરીકે ઓળખાયો હતો.


૧૯૩૧માં સ્વરાજ માટેના આંદોલન દરમિયાન આ ધ્વજને ''સ્વરાજધ્વજ'' તરીકે માન્ય કરાયો હતો


૧૭મી જુલાઈએ સર્વાનુમતે નક્કી થયા પછી ૨૨ જુલાઈ ૧૯૪૭ના ભારતની આન, બાન, શાન સમાન વર્તમાન રાષ્ટ્રીય ધ્વજને માન્યતા મળી હતી.

ભુજ - કચ્છઉદય : આવતીકાલે ભારતનો રાષ્ટ્રીયધ્વજ દિવસ છે. આઝાદી પહેલા વર્ષ ૧૯૪૭માં ૨૨મી જુલાઈએ બંધારણ સભાએ પિંગાલી વેંક્યાએ તૈયાર કરેલા ત્રિરંગાના ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકાર્યો હતો. આ પ્રસંગે ભારતના રાષ્ટ્રધ્વજની સૌપ્રથમ કલ્પના કોણે કરી હતી અને કેવા કેવા ફેરફાર થયા તે ખૂબ જ રસપ્રદ ઈતિહાસ પ્રસ્તુત છે.

ભારતના રાષ્ટ્રધ્વજની સૌ પ્રથમ કલ્પના સ્વામી નિવેકાનંદના શિષ્યા સિસ્ટર નિવેદિતા દ્વારા ૧૯૦૫માં કરવામાં આવી હતી. ત્યારબાદ તેમાં ક્રમશઃ અનેક ફેરફારો કરવામાં આવ્યા. સ્વામી વિવેકાનંદના શિષ્યા નિવેદિતા બાદ શચિન્દ્રપ્રસાદ બોઝ દ્વારા તારીખ ૭ ઓગસ્ટ, ૧૯૦૬ના રોજ કોલકાતાના પારસી બાગાન ચોકમાં ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. વિશ્વની ધરતી પર પ્રથમ વખત જો કોઈએ ભારતીય ધ્વજ ફરકાવ્યો હોય તે હતા મેડમ ભીખાઈજી કામા. તેમણે જર્મનીના સ્ટટગાર્ટ ખાતે તારીખ ૨૨ ઓગસ્ટ ૧૯૦૭માં આંતરરાષ્ટ્રીય સોશ્યલિસ્ટ કોંગ્રેસના અધિવેશનમાં ભારતીય ધ્વજ લહેરાવ્યો હતો. આ ધ્વજને અત્યારે 'સપ્તર્ષિ ઝંડા' તરીકે ઓળખવામાં આવે છે. ઈ.સ. ૧૯૨૧માં પાંચમા ક્રમમાં આંધ્રપ્રદેશના પિંગલી વેંકૈયા દ્વારા બિજાવાડા ( જે હાલ વિજયવાડા તરીકે ઓળખાય છે) ખાતે ગાંધીજીની સૂચના અનુસાર સફેદ, લીલા અને લાલ રંગોમાં પ્રથમ 'ચરખા-ધ્વજ' ડિઝાઈન કરવામાં આવ્યો. આ ધ્વજ 'સ્વરાજ - ઝંડા' તરીકે ઓળખાયો. બાદમાં આપણો તિરંગો તૈયાર થયો જેને ભારતના દરેક લોકો ઓળખે છે. દેશભરમાં તેને માન્યતા આપી દેવામાં આવી. આજથી ચાર વર્ષ પહેલાં એટલે કે ૨૦ જુલાઈ ૨૦૨૨ના રોજ ભારતીય ધ્વજ સંહિતામાં ફરીથી કેટલાક ફેરફાર કરવામાં આવ્યા. અગાઉ ધ્વજ માત્ર ખાદીમાંથી બનેલ હોવો જરૂરી હતો જ્યારે હવે તેને પોલીએસ્ટર, સુતરાઉ, રેશમી તથા ઊની કાપડમાંથી પણ બનાવી શકાય છે. સૌપ્રથમ તો સૂર્યાસ્ત પછી તિરંગો લહેરાતો રાખવાની મનાઈ હતી પણ ૨૦૦૯થી રાતે તિરંગો ફરકાવવાની પરવાનગી આપવામાં આવી, જો દંડ ખૂબ ઉંચાઈ પર હોય અને વ્યવસ્થિત રીતે પ્રકાશ ધ્વજ પર પડતો હોય. આ શરતને પણ ૨૦૨૨થી દૂર કરવામાં આવી છે.

## કાળા ડુંગરના ખડકો પૃથ્વીના પેટાળની આંતરિક હિલચાલ અને ફેરફારોને જાણવા માટે અતિ મહત્વના

### કાળો ડુંગર અને પૃથ્વીનું ચુંબકીય ક્ષેત્ર સ્થાનિક વિસંગતતા અને વૈશ્વિક સંશોધન વચ્ચેનો સંબંધ

ભુજ-કચ્છઉદય:તાજેતરમાં સંપન્ન થયેલા સંશોધનો દર્શાવે છે કે પૃથ્વીનું વિશાળ ચુંબકીય ક્ષેત્ર એક અદ્રશ્ય રક્ષણાત્મક છત્રીની જેમ કાર્ય કરે છે, જે સૂર્યમાંથી આવતા વિનાશક સૌર પવનોની ગતિ ધીમી પાડે છે અને પૃથ્વીના વાતાવરણ ઉપરાંત ચંદ્રના નજીકના ભાગને પણ આંશિક રક્ષણ આપે છે. આખી પૃથ્વી પોતે એક વિશાળ વિજ્ઞાનિક ચુંબકની જેમ વર્તે છે. જોકે, ભૂસ્તરશાસ્ત્રીય દ્રષ્ટિએ કચ્છનો પ્રખ્યાત 'કાળો ડુંગર' પણ સ્થાનિક ચુંબકીય વિશેષતાઓને કારણે વૈજ્ઞાનિકો માટે ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભાતીગળ પ્રદેશ કચ્છના મોટા રણમાં દરિયાઈ સપાટીથી લગભગ ૪૫૮ મીટરની ઊંચાઈ પર આવેલો કાળો ડુંગર ભૂસ્તરશાસ્ત્રની દ્રષ્ટિએ અત્યંત પ્રાચીન છે.

આ વિસ્તારની જમીન અને ખડકોની રચનામાં કેટલીક વિશિષ્ટતાઓ જોવા મળે છે જેમાં આ ડુંગર અને તેની આસપાસના વિસ્તારમાં જમીનની નીચે લોખંડ તથા અન્ય ભારે ચુંબકીય ધાતુઓ ધરાવતા ખડકોનું પ્રમાણ સવિશેષ છે. કાળા ડુંગરના ખડકોમાં રહેલું લોહતત્વ પૃથ્વીના મુખ્ય ચુંબકીય ક્ષેત્ર સાથે પ્રતિક્રિયા કરે છે. પરિણામે, અહીં પૃથ્વીનું સ્થાનિક ચુંબકીય ક્ષેત્ર સામાન્ય જગ્યાઓ કરતાં થોડું અલગ નોંધાય છે. આ ક્ષેત્રમાં હોકાયંત્રની સોય ક્યારેક દિશા ભટકી જાય છે અથવા ક્ષણિક વિચલન દર્શાવે છે.

જોકે પૃથ્વીના વૈશ્વિક ચુંબકીય ક્ષેત્ર અને કાળા ડુંગરના ક્ષેત્ર વચ્ચે કોઈ સીધો સંપર્ક નથી, પરંતુ બંને પાછળ કામ કરતો વૈજ્ઞાનિક સિદ્ધાંત એકસમાન છે. પૃથ્વીનું મુખ્ય ચુંબકીય ક્ષેત્ર હજારો કિલોમીટર ઊંચાઈ સુધી ફેલાયેલું છે અને તે સૂર્યના હાનિકારક કણોને રોકીને આખા ગ્રહનું રક્ષણ કરે છે. કાળા ડુંગરનું ક્ષેત્ર માત્ર સ્થાનિક ખડકો પૂરતું જ મર્યાદિત છે. તે સ્થાનિક સ્તરે ઉત્પન્ન થતી વિસંગતતા છે અને તે સૌર પવનોને રોકવા જેટલું શક્તિશાળી નથી. જેમ ચંદ્રની માટી પૃથ્વીના પ્રાચીન ચુંબકીય ક્ષેત્રના ઈતિહાસનો રેકોર્ડ સાચવી રાખે છે, તેમ વૈજ્ઞાનિકો કાળા ડુંગર જેવા પ્રાચીન વિસ્તારોના ખડકો અને માટીના નમૂનાઓનું પરીક્ષણ કરીને પૃથ્વીના કરોડો વર્ષ જૂના ભૂસ્તરશાસ્ત્રીય ઈતિહાસને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાળા ડુંગરના ખડકો પૃથ્વીના પેટાળની આંતરિક હિલચાલ અને તેના ભૂતકાળના ચુંબકીય ફેરફારોને જાણવા માટે અતિ મહત્વના સાબિત થઈ રહ્યા છે.

## કચ્છમાં વિલંબિત ચોમાસા વચ્ચે ઘુડખરના અસ્તિત્વ સામે ગંભીર સંકટ

ભુજ - કચ્છઉદય : મેઘતૃષ્ણાનાં મુલક સમા રણપ્રદેશ કચ્છમાં આ વર્ષે ચોમાસું નબળું નીવડતાં સમગ્ર પંથકમાં ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાની કૃપા ન થવાને કારણે કચ્છના રણમાં આવેલા વિશ્વપ્રસિદ્ધ 'ઈન્ડિયન વાઈલ્ડ એસ સેન્ચ્યુરી'માં વસતા દુર્લભ વન્યજીવો માટે પીવાના પાણી અને ઘાસચારાની વિકટ સમસ્યા ઊભી થઈ છે.

વન વિભાગના આંકડા મુજબ, રણ વિસ્તારમાં અત્યારે ૫,૦૦૦ થી વધુ જંગલી ગધેડાં 'ઘુડખર' વસવાટ કરે છે. પરંતુ સતત સૂકા હવામાનને લીધે રણના કુદરતી પાણીના કુંડ સંપૂર્ણપણે ખાલી થઈ ગયા છે અને ગોચર સુકાઈ જતાં ઘાસચારો ખૂટી પડ્યો છે.

આ પરિસ્થિતિના કારણે ખોરાક અને પાણીની શોધમાં ખરના ટોળાઓ હવે રણની સીમ છોડીને અંજાર, ભચાઉ, નખત્રાણા અને ધ્રાંગધ્રા આસપાસના ગ્રામીણ વિસ્તારો તેમજ ખેતરો તરફ હિજરત કરવા મજબૂર બન્યા છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, નીલગાયની જેમ હવે જંગલી ગધેડાં પણ પાણી અને ખોરાકની શોધમાં ગામની શેરીઓ અને મુખ્ય માર્ગો પર જોવા મળી રહ્યા છે. રાત્રિના અંધકારમાં માર્ગો ક્રોસ કરતી વખતે આ અબોલ જીવો વાહનોની ચપેટમાં આવવાની ઘટનાઓ અને ગંભીર અકસ્માતોનું જોખમ નોંધપાત્ર રીતે વધી ગયું છે. પર્યાવરણપ્રેમીઓ અને સંરક્ષણકારોનું કહેવું છે કે જો આગામી દિવસોમાં તાત્કાલિક વરસાદ નહીં થાય, તો વન વિભાગે રણ વિસ્તારમાં માનવસર્જિત કૃત્રિમ કુંડ બનાવી પાણી ભરાવવું પડશે અને બહારથી ઘાસચારાની તાકીદની વ્યવસ્થા કરવી પડશે. અન્યથા ખરની વસ્તી ઉપરાંત રણની ઈકોસીસ્ટમ પર તેની અત્યંત વિપરીત અસર પડી શકે છે. હાલમાં પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગના અધિકારીઓ સમગ્ર રણ વિસ્તાર અને આસપાસના ગામો પર સતત નજર રાખી રહ્યા છે.

## કાલે વોઇસ ઓફ ધ મિલેનિયમ ''મુકેશ''ની જન્મજયંતી

ભુજ - કચ્છઉદય : હિન્દી ફિલ્મ જગતના અમર પાર્શ્વ ગાયક ''મુકેશ''ની આવતીકાલે જન્મજયંતી છે તેઓ વોઇસ ઓફ ધ મિલેનિયમ અને ટ્રેજેડી કિંગ સિંગર ગણાય છે. તેમનું મૂળ નામ મુકેશચંદ માથુર હતું અને જન્મ દિલ્હીમાં તથા મૃત્યુ અમેરિકામાં થયું હતું. એમના દૂરના સગા મોતીલાલ. મુકેશના બહેનના લગ્નમાં એમને ગાતા સાંભળી મોતીલાલ ખૂબ જ પ્રભાવિત થયા હતા અને મુકેશને મુંબઈ લઈ આવ્યા હતા અને એમના ઘરમાં રહેવા કહ્યું. મુકેશને ગાવાનું પ્રશિક્ષણ આપવા માટે પણ એમણે વ્યવસ્થા કરી આપી હતી. મોતીલાલની ઓળખાણથી મુકેશને હિન્દી ફિલ્મ નિર્દોષ (૧૯૪૧)માં મુખ્ય કલાકાર તરીકે કામ મળ્યું હતું. ૧૯૪૫માં રજુ થયેલી ફિલ્મ પહલી નજરમાં એમને પાર્શ્વ ગાયક તરીકે ગાવાનો પ્રથમ મોકો મળ્યો હતો. મુકેશે હિન્દી



મુકેશની સ્મૃતિમાં બહાર પડાયેલી ટપાલ ટિકિટ

ફિલ્મ માટે ગાયેલું પહેલું ગીત હતુ દિલ જલતા હૈ તો જલને દે જેમાં મોતીલાલ એ કામ કર્યુ હતુ.તેમને મળેલાં પુરસ્કારોમાં રજનીગંધા (૧૯૭૩) ફિલ્મનું કઈ બાર યું હી દેખા હૈ.. ગીત માટે તેમને શ્રેષ્ઠ પુરૂષ પાર્શ્વ ગાયક ફિલ્મફેર એવોર્ડ મળેલ છે. મુકેશ અભિનેતા રાજકપૂર, મનોજ કુમાર, દિલીપ કુમાર તેમજ સુનિલ દતના અવાજ તરીકે પ્રખ્યાત હતા.મુકેશે એક અભિનેતા તરીકે તેમની કારકિર્દીની શરૂઆત ૧૯૪૧માં રજૂ થયેલી ફિલ્મ નિર્દોષથી કરી. આ ફિલ્મમાં નલિની જયવંત મુખ્ય અભિનેત્રી હતાં. તેમની બીજી ફિલ્મ અદબ અર્જ (૧૯૪૩) હતી. ૧૯૫૩માં રાજકપૂરને મુખ્ય ભૂમિકામાં દર્શાવતી ફિલ્મ આહમાં મહેમાન ભૂમિકા ભજવી હતી. આ જ વર્ષે આવેલી ફિલ્મ માશૂકામાં તેમણે મુખ્ય અભિનેતાનું પાત્ર ભજવ્યું હતું. ફિલ્મની મુખ્ય અભિનેત્રી સુરૈયા હતી. ફિલ્મ અનુરાગ (૧૯૫૬) માં તેઓ મુખ્ય અભિનેતા ઉપરાંત સહ નિર્માતા અને સંગીતકાર પણ હતા. ૧૯૫૧માં આવેલી ફિલ્મ મલ્હારના નિર્માતા પણ મુકેશ જ હતા. તેમનો જીવનકાળ ૨૨મી જુલાઈ ૧૯૨૩થી ૨૭મી ઓગસ્ટ ૧૯૭૬ સુધીનો રહ્યો હતો.

## કાલે પાર્શ્વગાયિકા અને અભિનેત્રી ધ્વનિ ભાનુશાલીનો જન્મદિવસ

ભુજ - કચ્છઉદય : આવતીકાલે પાર્શ્વગાયિકા ધ્વનિ ભાનુશાલીનો જન્મદિવસ છે. તેમનો જન્મ ૨૨મી માર્ચ ૧૯૮૮ના મુંબઈમાં થયો હતો. તે તેમના ''વાસ્તે'' ગીત માટે દેશભરમાં લોકપ્રિય બન્યા છે. તેમણે હિન્દી ફિલ્મોમાં અને રંગભૂમિમાં અભિનયના ઓજસ પણ પાથર્યા છે. ૨૦૨૪માં આવેલી તેમની કોમેડી ફિલ્મ ''કહાં સુરૂ કહા ખતમ ''લોકપ્રિય બની હતી. આ ઉપરાંત તેમણે અન્ય ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેઓ પોપ સંગીત અને ભારતીય પોપ ગાયકી માટે ખૂબ જ પ્રખ્યાત છે. તેમણે નેહા કક્કડ, ગુરૂ રંધાવા અને તનિષ્ક બાગચી જેવા પોપસિંગરો સાથે ધૂમ મચાવી છે. તેમનાં પિતા વિનોદ ભાનુશાલી ટી-સીરિઝનાં ગ્લોબલ માર્કેટિંગ



અને મીડિયા પબ્લિશિંગનાં પ્રમુખ છે, અને માતાનુ નામ રિંકુબેન છે. તેની એક નાની બહેન છે જેનું નામ દીયા છે. તે સપ્ટેમ્બર ૨૦૧૯માં મુંબઈ યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ કોમર્સમાં સ્નાતક થઈ. તેણે ઈન્ડિયન સ્કૂલ ઓફ મેનેજમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ, મુંબઈમાંથી બીએમઈ (બિઝનેસ મેનેજમેન્ટ અને એન્ટરપ્રિન્યોરશીપ) પણ કર્યું છે. એમના ગીતના આલ્બમ ટી સીરીઝ દ્વારા બહાર પડાયા છે અને ખૂબ જ લોકપ્રિય બન્યા છે.

## કેવડિયા ખાતે રાજ્યસંઘની કારોબારીમાં પ્રા. શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો ચર્ચાયા

ભુજ - કચ્છઉદય : ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ (સરકાર માન્ય)ની કારોબારી બેઠક તાજેતરમાં નર્મદા જિલ્લાના એકતાનગર (કેવડિયા) ખાતે યોજાઈ હતી. પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં તેમજ નાંદોદ વિસ્તારના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેન ગોવિંદભાઈ ભીલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કારોબારી સભામાં કર્મચારી મહામંડળના પ્રમુખ સતીશ પટેલ, રાજ્યસંઘના કોષાધ્યક્ષ મહેન્દ્ર વીંછિયા, સિનિયર ઉપપ્રમુખ વિક્રમસિંહ ગરાસિયા, શાંતુભાઈ મોડા, સિનિયર કાર્યાધ્યક્ષ મીઠાભાઈ પટેલ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લાઓના પ્રમુખ, મહામંત્રી, રાજ્યસંઘના હોદ્દેદારો અને રાજ્ય પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય અને મંચસ્થ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી બેઠકની શરૂઆત કરવામાં આવી હતી. નર્મદા જિલ્લા સંઘના પ્રમુખ સુરેશ ભગતે સૌને આવકાર્યા હતા. સિ. મંત્રી પ્રભાતસિંહ ખાંટે ગત સભાની પ્રોસિડિંગનું વંચાણ કર્યું હતું તો મહામંત્રી જૈમિન પટેલે વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. વિવિધ જિલ્લા સંઘો દ્વારા પ્રા. શિક્ષકોને સ્પર્શતા પડતર પ્રશ્નો રજૂ થયા હતા.જેમાં ૨૦૧૦ પહેલાંના તમામ શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુક્તિ, સને. ૨૦૦૫ પહેલાંના શિક્ષકોના જીપીએફ ખાતાં ખોલવાની કાર્યવાહી કરવા, સને. ૨૦૦૫ પછીના શિક્ષકોને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા, બદલી પામેલ શિક્ષકોને ૧૦૦% છૂટા કરવા, સીસીસી પરીક્ષાના સર્ટીફિકેટ બાબત તથા સીસીસીની મુદત વધારવા, બદલીના નિયમોમાં સુધારા કરવા સાથે બીજીવાર જિલ્લાફેર કરવા, એચટાટના તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવા, નવરચિત જિલ્લાઓના પ્રાથમિક શિક્ષકોના જીપીએફ ખાતાં ખોલવા તથા જીપીએફની રકમ ટ્રાન્સફર કરવા, તાલુકા - જિલ્લા કક્ષાની શિક્ષણ શાખાઓની કચેરીમાં પૂરતો સ્ટાફ ફાળવવા,ખાલી જગ્યાઓ ઉપર પૂરા પગારી શિક્ષકોની ભરતી કરવા, જીપીએસસી દ્વારા લેવામાં આવનાર આગામી પરીક્ષાઓમાં શિક્ષકનો અનુભવ માન્ય ગણવા, વિદ્યાસહાયકની ફિક્સ પગારી નોકરીનો ૫ વર્ષનો સમયગાળો ઘટાડવા, ડેટમ અને કન્ટીજન્સી ગ્રાન્ટની દરેક જિલ્લામાં ફાળવણી કરવા સાથે રકમમાં સુધારો કરવા, સ્વચ્છતા ગ્રાન્ટની ફાળવણીમાં વધારો કરવા, ધોરણ-૧ થી ૫ માં કોમ્પ્યુટર લેબ અથવા સ્માર્ટ ક્લાસ આપવા, શિક્ષક તાલીમ સત્રની શરૂઆતમાં અથવા વેકેશન પહેલાં યોજવા અથવા ઑનલાઈન તાલીમ યોજવા સાથે તાલીમોનો



અતિરેક બંધ કરવા, ઑનલાઈન કામગીરીઓ ઘટાડવા, ધો. ૬ થી ૮ નો વિકલ્પ લીધેલ શિક્ષકને ધો. ૧ થી ૫ માં જવા માટે એક તક આપવા, સીઈટી પરીક્ષાના કારણે વિદ્યાર્થીઓ શાળામાંથી જતા રહેતા હોઈ તેની સમીક્ષા કરવા, સીઈટી પાસ વિદ્યાર્થીઓને સરકારી શાળામાં રૂા. ૨૫,૦૦૦ શિષ્યવૃત્તિ ચૂકવવા,આચાર્યના ચાર્જ બાબતે થયેલ પરિપત્રની સ્પષ્ટતા કરવા, પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં જગ્યાઓ વધારવા, ટીપીઈઓ અને શિક્ષણ સેવા વર્ગ-૨ની સીધી ભરતીની પરીક્ષામાં પ્રાથમિક શિક્ષકોનો અનુભવ માન્ય ગણવા ,આશ્રમ શાળામાં કરેલ નોકરીને જિલ્લા શિક્ષણ સમિતિની નોકરી સાથે સળંગ ગણવા, શિક્ષક કલ્યાણ રાષ્ટ્રિયનિધિની બેઠક બોલાવવા તથા પડતર અરજીઓનો ઝડપથી નિકાલ કરવા, વસ્તી ગણતરીના હુકમો કરતા પહેલાં ચર્ચા કરવા, પ્રાથમિક શિક્ષકોને પ્રાપ્ત રજા મળતી ન હોય તો તેમને એલટીસીની ૧૦ રજા રોકડ માટે જમા મેડીકલ રજામાંથી રજા રોકડનો લાભ આપવા, શિક્ષકમાંથી સીધી ભરતીમાં કેળવણી નિરીક્ષકમાં જાય તો ફિક્સ પગારને બદલે નોકરીના રથણ સાથે સીધી ભરતીનો લાભ આપવા, ધો. ૬થી ૮ના શિક્ષકોને ૪૨૦૦ ગ્રેડ પે આપવા, એઈઆઈ સીધી ભરતીમાં પગાર રક્ષણ આપવા, ધો. ૧ થી ૫ ના શિક્ષકોને અન્ય રાજયોની સરખામણીમાં પગાર ધોરણ આપવા, પ્રિસા સોફ્ટવેર સદંતર બંધ કરી એસએએસ સોફ્ટવેરમાં કામગીરી કરવા, વિકલાંગ કર્મચારીઓને વિકલાંગ ભથ્થું બમણા દરે ચૂકવવા, તમામ પ્રકારની બિનશૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ સાથે તમામ કેડરમાંથી બીએલઓના આદેશ કરવા, શાળાના બાળકો માટેની તમામ શૈક્ષણિક સામગ્રી શૈક્ષણિક સત્રના પ્રારંભમાં જ દરેક શાળા સુધી પહોંચાડવા, સત્રની શરૂઆતમાં જ તમામ પ્રકારની ગ્રાન્ટ ફાળવવા, નોન એસઓઈ શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ કરવા, ધો-૧ થી ૫ તથા ધો-૬ થી ૮ ના મહેકમ બાબત, લાંબી રજા, નિવૃત્તિ, બદલી અથવા અન્ય કારણસર શિક્ષકની ખાલી જગ્યા પર તાત્કાલિક જ્ઞાન સહાયકોની ફાળવણી કરવા, બેક ટુ સ્કૂલ ફેઈઝ-૨ ના પુનઃ પ્રવેશ બાબતે આચાયશ્રીઓ તથા શિક્ષક મિત્રો પર અયોગ્ય દબાણ ન કરવા, પ્રા. શાળાઓમાં ધો-૬ અને બાલવાટિકાનો સમાવેશ થતાં મહેકમમાં ગણી અલગ શિક્ષક ફાળવવા, ૨૦૧૬ પહેલાંના શિક્ષકોને સળંગ નોકરી ગણતા તેમની મેડીકલ રજા જમા કરવા, આયુષ્યમાન હેલ્થ કાર્ડમાં સારી સુવિધાયુક્ત હોસ્પિટલોનો સમાવેશ કરવા, આચાર્ય એલાઉન્સમાં વધારો કરવા, સને. ૨૦૦૫માં નિમણૂંક પામેલ વડોદરા તેમજ અન્ય જિલ્લાના ૨૦૦૪ની ભરતીના વિદ્યાસહાયકોને ઓપીએસ નો લાભ આપવા,ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વારસદારને ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાંકીય સહાયના કેસો સમયમર્યાદામાં રજૂ ન થવાના કારણે નામંજુર થયેલ કેસો બાબતે પૂનઃ વિચારણા કરવા, રાજ્ય રકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે સ્થાનિક વળતર ભથ્થું/ઘરભાડા ભથ્થાની ચૂકવણી કરવા, પ્રસુતિની ૬૦ દિવસની રજા કપાત ન કરવા વગેરે બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. પ્રમુખ દ્વારા પ્રશ્નો હાલ કયા સ્ટેજે છે અને એના માટે આગામી દિવસોમાં કેવી રણનીતિ બનાવવામાં આવનાર છે તે બાબતે સમગ્ર કારોબારીને અવગત કરાવવામાં આવી હતી. કેવડિયા એકતાનગર ખાતેની આ રાજ્ય કારોબારીમાં કચ્છ જિલ્લામાંથી પ્રમુખ નયનસિંહ જાડેજા, મહામંત્રી કેરણા આહિર, રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, રાજ્ય પ્રતિનિધિઓ હરદેવસિંહ જાડેજા, રામુભા જાડેજા, જયેન્દ્રસિંહ જાડેજા, આશાભાઈ રબારી, પૃથ્વીરાજસિંહ જાડેજા, ભરતસિંહ પરમાર, દિલુભા સોઢા, રાણાજી જાડેજા, કનુભા સોઢા, મનુભા જાડેજા, સુરેશગીરી ગોસ્વામી, દિગ્વિજયસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ ગોહિલ સહિતના શિક્ષક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કારોબારી સભાને સફળ બનાવવા નર્મદા જિલ્લા સંઘ અને તાલુકા ઘટક સંઘોના હોદ્દેદારોએ જહેમત ઉઠાવી હતી.

## તાલુકા સ્વાગતમાં નખત્રાણા નગરપાલિકાનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડવા પડકાર ફેંકાયો : ૧૪ પ્રશ્નો ઉઠ્યા

નખત્રાણા - કચ્છઉદય : તાલુકા સ્વાગત સમિતિની બેઠક મામલતદાર રોકશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. આજની બેઠકમાં ૧૪ પ્રશ્નો ઉઠ્યા હતા, જેમાં જાગૃતિ નાગરિક ભીમજી મનજી વાઘેલાએ નખત્રાણા નગરપાલિકાના ચીફ ઓફિસર ભાવિન કાંધાણી દ્વારા કરોડોનો ભ્રષ્ટાચાર થયે લછે તેની તપાસ કરી જલદ પગલાં ભરવા માંગ કરી હતી. જેમાં રૂડી સતીમાની જમીન દબાણમાં છે. લાલાબાપા સ્થાનકની જમીન દબાણ, દલિતવાસમાં રામદેવ પીર મંદિર વિકા શા માટે નહીં, આનંદનગર ગેટ પાસેના કુવાની જમીન પર દુકાનો બની છે. આ બાબતે નગરપાલિકાના જવાબદાર અધિકારી જવાબ



આપતા નથી તેની સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી. જીતુભા સોઢા દ્વારા દનણા ગામે ખાનગી જમીનમાં મોટા પ્રમાણ ધોવાણ લાભ, જગદીશ દવે દ્વારા લેન્ડ ગ્રેબીગની અરજી વાળી, લંગા મજીદ દ્વારા એલપીજી ગેસ કનેકશન બાબત, રતનસિંહ રાઠોડ દ્વારા નાના કાદિયા તળાવ ઉભો ઉભો કરેલ વીજપોલ, રમેશ માવાણી દ્વારા નખત્રાણા - સાળંગપુર એસટી બસ ચાલુ કરવા, વાઘજી આહિર દ્વારા નિરોણા ગામ નજીક વરસાદી પાણીના નિકાલ અંગે, હંસાબેન હંસરાજ પારસિયા જમીન માપણી અંગે, નીતેશ જોષી દ્વારા નગરપાલિકા વિસ્તારમાં પાણીની તંગી, વિશાલ જોષી દ્વારા સરકારી જમીન પર થયેલ દબાણ બાબતે, કુલદીપસિંહ ખીમજી સોઢા દ્વારા નિરોણા ડેમમાં પ્રાવર ગ્રીન કંપની દ્વારા મંજૂરીની શરત બાબત, ચાવડઠા મુકેશ જીતેન્દ્ર દ્વારા કોટડા (જ.)માં દેશી દારૂનું ધૂમ વેચાણ અંગે, પ્રેમસિંહ જાડેજા દ્વારા લક્ષ્મીપર ગામે કંપની દ્વારા હદ નિશાન, ફેન્સિંગ નિયમ ભંગ કરવા, રવિલાલ પટેલ દ્વારા વિથોણ ગામતળ જમીન દબાણ હટાવવા સહિતના ૧૪ જેટલા પ્રશ્નો ઉઠ્યા હતા.

બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી હાર્દિકભાઈ ગઢ્વી, શિરસ્તેદાર શિવજીભાઈ પલણ, નવીન પ્રજાપતિ, પીએસઆઈ શામળાભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# અવકાશ વિજ્ઞાનનું સૌથી મોટું રહસ્ય

## ૫૦ વર્ષ પહેલાં મળેલું "Wow!" સિગ્નલ આજે પણ અણ ઉકેલાયેલો કોયડો

મુંબઈ : અવકાશની અનંત વિશાળતામાં શું પૃથ્વી સિવાય પણ અન્ય કોઈ ગ્રહ પર જીવસૃષ્ટિ કે અજાણી સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવે છે? આ પ્રશ્નનો ઉત્તર શોધવા મથતા ખગોળશાસ્ત્રીઓ માટે ૧૫ ઓગસ્ટ ૧૯૭૭નો દિવસ ઈતિહાસનો સૌથી રોમાંચક દિવસ બની રહ્યો હતો. તે દિવસે ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના 'બિગ ઈયર' રેડિયો ટેલિસ્કોપે સુદૂર અંતરિક્ષમાંથી એક અત્યંત તીવ્ર અને અસાધારણ રેડિયો સિગ્નલ ઝીલ્યો હતો, જે સતત ૭૨ સેકન્ડ સુધી જારી રહ્યો હતો.

આ રેડિયો સંદેશ ડેટા રૂપે જ્યારે કાગળ પર પ્રિન્ટ થઈને બહાર આવ્યો, ત્યારે તેની તીવ્રતા અને પેટર્ન જોઈને તે સમયના ખગોળશાસ્ત્રી ડો. જેરી એહમેન સ્તબ્ધ થઈ ગયા હતા. ડેટાની વિશિષ્ટતાથી આશ્ચર્યચકિત થઈને તેમણે પ્રિન્ટઆઉટ પર તે ચોક્કસ આંકડાઓ પર લાલ શાહીથી ગોળ કુંડાળું કરીને બાજુમાં હાથથી "Wow!" લખી દીધું હતું. આ ઘટના બાદ આ પ્રખ્યાત રેડિયો સિગ્નલ વૈશ્વિક સ્તરે "Wow! Signal" તરીકે ઓળખાવા લાગ્યો.

આ ગૂઢ સંકેત ધનુ રાશિની દિશામાં આવેલા 'ચી સાગિતારી' તારાસમૂહની નજીકથી આવ્યો હતો. આ સિગ્નલ ૧૪૨૦ મેગાહર્ટ્ઝની આવૃત્તિ પર નોંધાયો હતો. ભૌતિક વિજ્ઞાનમાં આ હાઈડ્રોજન અણુઓની કુદરતી ઉત્સર્જન આવૃત્તિ છે. ખગોળશાસ્ત્રીઓ આ આવૃત્તિને પરગ્રહવાસીઓ સાથે સંવાદ માટે સૌથી અનુકૂળ માને છે. સૌથી આશ્ચર્યજનક બાબત એ હતી કે આ ૭૨ સેકન્ડના સિગ્નલ પછી તે ક્યારેય પુનરાવર્તિત થયો નહીં. વૈજ્ઞાનિકોએ દાયકાઓ સુધી તે ચોક્કસ ક્ષેત્રમાં રેડિયો ટેલિસ્કોપ ગોઠવીને ફરીથી એ સંકેત સાંભળવાના નિષ્ફળ પ્રયાસો કર્યા છે. છેલ્લાં પાંચ દાયકાથી આ સિગ્નલના વાસ્તવિક સ્રોત અંગે વૈજ્ઞાનિકોમાં ભારે મતમતાંતર ચાલી રહ્યા છે જેમાં

એક વર્ગનું માનવું છે કે આ બહારની દુનિયાના અતિ-બુદ્ધિશાળી જીવો દ્વારા પૃથ્વી તરફ મોકલવામાં આવેલો સ્પષ્ટ સંદેશ હોઈ શકે છે. અન્ય સિદ્ધાંતો મુજબ આ કોઈ અજાણ્યા ધૂમકેતુ, પૃથ્વીના કૃત્રિમ ઉપગ્રહ અથવા માનવસર્જિત રેડિયો તરંગોની દખલગીરીનું પરિણામ હોઈ શકે છે જોકે, અત્યાર સુધી આમાંથી એક પણ સૈદ્ધાંતિક સ્પષ્ટતા પૂર્ણપણે સાબિત થઈ શકી નથી.

આજે લગભગ ૫૦ વર્ષ વીતી ગયા પછી પણ ડો. જેરી એહમેને લાલ શાહીથી "Wow!" લખેલું તે પ્રિન્ટઆઉટ પરગ્રહવાસી જીવનની શોધ કરતા સંસ્થાન SETI (Search for Ext®aerrestrial Intelligence) ના ઈતિહાસનો સૌથી ચર્ચિત અને પ્રખ્યાત દસ્તાવેજ બની રહ્યો છે. તે આજે પણ વિજ્ઞાનજગત માટે એક અણઉકેલાયેલી રહસ્યમય પહેલી છે.

# ઈરાનને પ્રમુખ ટ્રમ્પની આખરી ચિમકી: "દરેક અમેરિકન સૈનિકના મોતની કિંમત વસૂલાશે"

વોશિંગ્ટન / મધ્ય પૂર્વ : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અત્યંત કડક શબ્દોમાં આખરી ચેતવણી આપતાં સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાની કાર્યવાહીના કારણે કોઈ પણ અમેરિકન સૈનિકનું મોત થશે, તો ઈરાને તેની 'ઘણી ગણી' ભારે કિંમત ચૂકવવી પડશે. પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટ શેર કરીને ટ્રમ્પે જાણકારી આપી હતી કે તેમણે આ અંગેના સ્પષ્ટ નિર્દેશો દેશના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ, જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન જનરલ ડેનિયલ કેન અને સૈન્યના તમામ વરિષ્ઠ અધિકારીઓને આપી દીધા છે.

ત્રણ અમેરિકન સૈનિકો શહીદ બાદ આ કડક ચેતવણી એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં જોર્ડન અને ઈરાકમાં થયેલા ઈરાની હુમલાઓમાં ત્રણ અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે એક સૈનિક હજુ પણ લાપતા છે. પેન્ટાગોને જોર્ડન સ્થિત 'મુવાફક સલતી એર બેઝ' પર થયેલા મિસાઈલ અને ડ્રોન હુમલામાં માર્યા ગયેલા બે સૈનિકોના નામ જાહેર કર્યા છે. જેમાં ટેક્સાસના ૧૯ વર્ષીય પ્રાઈવેટ ઈસાબેલા ગોન્ઝાલેઝ અને હવાઈના ૨૫ વર્ષીય ફર્સ્ટ લેફ્ટનન્ટ ટાયલર જેમ્સ ફિહાનનો સમાવેશ થાય છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, આ બંને જવાનો અમેરિકી અને ભાગીદાર દળોનું રક્ષણ કરતી વખતે શહીદ થયા હતા. આ તાજેતરની ઘટના સાથે ચાલુ સંઘર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૧૭ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે અને ૪૨૦ થી વધુ ઘાયલ થયા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, શહીદ થયેલા દેશભક્ત સૈનિકોના સન્માનમાં અને આ હુમલાના વળતા જવાબ રૂપે અમેરિકાએ ઈરાન સામે સતત નવમી રાત્રે એરસ્ટ્રાઈક કરી છે. સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે ૭ વાગ્યે ઈરાની સૈન્ય મથકો પર નવા હુમલા શરૂ કરાયા હતા. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય 'હોર્મુઝની સમુદ્રધૂની'માંથી પસાર થતાં વ્યાપારી જહાજો પર હુમલો કરવા માટે વપરાતી ઈરાનની સૈન્ય ક્ષમતાઓને સંપૂર્ણપણે ધ્વસ્ત કરવાનો છે. ટ્રમ્પે ઈરાની સેના અને પોલીસ દળોને તાત્કાલિક શસ્ત્રો હેઠા મૂકી દેવા આહ્વાન કર્યું છે, અન્યથા "નિશ્ચિત મૃત્યુ" નો સામનો કરવા તૈયાર રહેવાની ખુલ્લી ધમકી આપી છે.

બીજી તરફ, ઈરાને ટ્રમ્પની આ ધમકીઓને "ભ્રમિત અને પાયાવિહોણી" ગણાવીને ફગાવી દીધી છે. ઈરાની પ્રવક્તાએ વળતો પ્રહાર કરતાં કહ્યું કે, ઈરાનના લોકો ધમકી કે ડરની ભાષા ક્યારેય સમજતા નથી કે સહન કરતા નથી. બંને દેશો વચ્ચે ઉત્તરોત્તર વધી રહેલા ભયાનક તણાવને ધ્યાનમાં રાખીને અમેરિકાએ મધ્ય પૂર્વમાં પોતાના સૈન્યને વધુ મજબૂત કરવા માટે વધારાના F-૧૬ અને F-૩૫ ફાઈટર જેટ્સ તથા રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ રવાના કરી દીધા છે, જેનાથી આ વિસ્તારમાં મોટા યુદ્ધના વાદળો ઘેરાયા છે.

# પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોના પડતર પ્રશ્નો સંદર્ભે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને રજૂઆત કરાઈ



ભુજ - કચ્છઉદય : પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા ટીમ દ્વારા કચ્છ જિલ્લાના પ્રાથમિક શિક્ષકોના પડતર પ્રશ્નો સંદર્ભે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સંજયભાઈ પરમારને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

જિલ્લાના પ્રાથમિક શિક્ષકોના વિવિધ પ્રશ્નો જેવા કે, જિલ્લા ફેર બદલી કેમ્પ અંતર્ગત બદલી થયેલ શિક્ષકોને છુટા કરવા બાબત, વિદ્યા સહાયક શિક્ષકોએ દિવાળી વેકેશનના સમયમાં લીધેલ તાલીમની વળતર રજાનો લાભમળે તે અંગેનો પરિપત્ર કરવા બાબત, માધ્યમિક વિભાગના શિક્ષકોની જેમ પ્રાથમિક વિભાગના શિક્ષકોને સેલરી પેકેજ એમઓયુના લાભ મળે માટે એસબીઆઈ બેંક સાથે સત્વરે એમઓયુ કરવા બાબત, વર્ષ ૨૦૧૫ અને ત્યારબાદ નિમણુક પામેલ શિક્ષકોના ઓરીજનલ ડોક્યુમેન્ટ્સ પરત કરવા બાબત, ૨૦૦૫ પહેલાના જીપીએફમાં સમાવેશ થયેલ કર્મચારીઓની એનપીએસની કપાત જીપીએફમાં જમા થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા બાબત, સરહદી વિસ્તારમાં શિક્ષકોને રહેવા માટે સુવિધા પ્રાપ્ત થતી ન હોઈ આવા શિક્ષકો માટે બીએડીપી અથવા અન્ય ગ્રાન્ટ મારફત ક્વાર્ટર્સ ની સગવડો ઊભી કરવા બાબત, જિલ્લાના બહોળા મહેકમને ધ્યાને લઈ કાયમી ભરતી ન થાય ત્યાં સુધી તાલુકા - જિલ્લા કક્ષાએ શિક્ષણ વિભાગની કચેરી ખાતે આઉટસોર્સિંગ મારફત ક્લાર્કની નિમણૂક કરવા બાબત, શિક્ષકોના ચાર્જ બાબત વગેરે પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જેનો હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ આપી હતી. આ તકે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય પ્રતિનિધિ રામસંગજી જાડેજા, રાજ્ય મંત્રી રમેશભાઈ ગાગલ, એચટાટ રાજ્ય મંત્રી અમરાભાઈ રબારી, જિલ્લા અધ્યક્ષ લખધીરસિંહ જાડેજા, મહામંત્રી મયુરભાઈ પટેલ, જિલ્લા ઉપાધ્યક્ષ બળવંતભાઈ છાંગા, જિલ્લા પ્રચાર પ્રમુખ તરુણ શાહ જોડાયા હતા તેવું પ્રચાર પ્રમુખ તરુણ શાહની યાદીમાં જણાવાયું હતું

## કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનનું અભિવાદન કરાયું



ભુજ - કચ્છઉદય : પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા ટીમ દ્વાર કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેનનું અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શૈક્ષિક કચ્છ જિલ્લા ટીમ દ્વારા કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન દિનેશભાઈ રૂડાણીની મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન સૌ પ્રથમ સંગઠનનું ટેબલ કેલેન્ડર અને ભારત માતાની છબી વડે સન્માન કરી સંગઠનની ગતિવિધિઓથી માહિતગાર કરાયા હતા. આ તકે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય પ્રતિનિધિ રામસંગજી જાડેજા, રાજ્ય મંત્રી રમેશભાઈ ગાગલ, HTAT રાજ્ય મંત્રી અમરાભાઈ રબારી, જિલ્લા અધ્યક્ષ લખધીરસિંહ જાડેજા, મહામંત્રી મયુરભાઈ પટેલ, જિલ્લા ઉપાધ્યક્ષ બળવંતભાઈ છાંગા, જિલ્લા પ્રચાર પ્રમુખ તરુણ શાહ જોડાયા હતા. તેવું તરુણ શાહ ની યાદીમાં જણાવાયું હતું.

## ભુજ નાગર જ્ઞાતિમાં ધો.૧૦માં પ્રથમ આવનાર છાત્રનું બહુમાન



ભુજ - કચ્છઉદય : વડનગરા નાગર મંડળ, ભુજ દ્વારા યોજાયેલ ૧૧૦મા વાર્ષિકોત્સવમાં ભુજ નાગર જ્ઞાતિમાં પ્રથમ ક્રમ મેળવનાર અક્ષ ધૈર્ય છાયાને સ્મારક પુરસ્કાર રૂ. ૬૭૦૦, શિલ્ડ અને ખાસ ગિફ્ટ અર્પણ કરી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓ લેખક, સંશોધક જગદીશચંદ્ર છાયાના પૌત્ર છે.

# Gen-Zનો નવો ચહેરો : શાંતિ, આધ્યાત્મિકતા અને "ગ્રેવયાર્ડ ડેટિંગ" નો અનોખો ટ્રેન્ડ

મુંબઈ (એજન્સી દ્વારા) : Gen-Z એટલે કે વર્ષ ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી 'ઝેડ પેઢી' જે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના યુગમાં ઉછરીને મોટી થઈ છે. આ પેઢી માટે માનસિક સ્વાસ્થ્ય, વાસ્તવિક સંવાદ અને વ્યક્તિગત અનુભવો ખૂબ જ અગત્યના છે. પોતાના સંગી-સાથી સાથે અર્થપૂર્ણ અને 'ક્વોલિટી ટાઈમ' વિતાવવા માટે હવે આ યુવા વર્ગે એક અનોખો અને વિશિષ્ટ માર્ગ અપનાવ્યો છે, જેને "ગ્રેવયાર્ડ ડેટિંગ" તરીકે ઓળખવામાં આવી રહ્યો છે. યુવાનો હવે મોંઘા કાફે, થિયેટર કે ધમધમતા મોલ્સને બદલે પ્રશાંત કબ્રસ્તાનોમાં ડેટ પર જવાનું પસંદ કરી રહ્યા છે. યુવાનોનું માનવું છે કે કબ્રસ્તાન એ અત્યંત શાંત, ભીડભાડમુક્ત અને મોબાઈલ કે નોટિફિકેશનના વિક્ષેપ વગરની જગ્યા છે, જ્યાં તેઓ કલાકો સુધી એકબીજા સાથે ઊંડી વાતો કરી શકે છે અને પરસ્પરને વધુ સારી રીતે સમજી શકે છે. હાલમાં ઈન્સ્ટાગ્રામ અને યૂટ્યુબ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આવા વીડિયો અને રીલ્સ પણ ભારે વાયરલ થઈ રહ્યા છે.

નૂતન ટ્રેન્ડ પાછળ Gen-Z નો આધ્યાત્મિકતા પ્રત્યેનો એક અલગ અભિગમ પણ જવાબદાર માનવામાં આવે છે.વ્યવસ્થિત ધાર્મિક ચોકઠાથી થોડી દૂરી રાખતી આ પેઢી મેડિટેશન, મેનિફેસ્ટેશન, એનર્જી હીલિંગ અને સ્વોપચાર જેવા આધ્યાત્મિક માર્ગો તરફ વધુ આકર્ષાઈ રહી છે. આ ઉપરાંત જ્યોતિષ અને ભવિષ્યફળ, ટેરો કાર્ડ રીડિંગ અને બ્રહ્માંડના સંકેતો, ભૂત, પેરાનોર્મલ એક્ટિવિટીઝ અને પરલૌકિક વિષયોમાં પણ આ પેઢી રસ લઈ રહી છે. આ યુવાનો માટે શાંતિ એ જ સાચી પૂજા છે. તેઓ મૃત્યુને કોઈ ભય કે ડર તરીકે જોવાને બદલે જીવનની એક સ્વાભાવિક અને અનિવાર્ય પ્રક્રિયા તરીકે સ્વીકારે છે.

Gen-Z ના મૂળ મંત્રમાં "Authenticity" (વાસ્તવિકતા) છે. તેઓ કોઈ એક ચોક્કસ માન્યતા કે રૂઢિચુસ્તતામાં બંધાવાને બદલે વિજ્ઞાન અને આધ્યાત્મિકતા બંનેનો સંતુલિત સમન્વય કરીને પોતાનો અલગ રસ્તો બનાવી રહ્યા છે. સમાજમાં આ નવા ટ્રેન્ડને લઈને બે ભિન્ન પ્રવાહ જોવા મળી રહ્યા છે જેમાં સકારાત્મક દ્રષ્ટિકોણના આ ટ્રેન્ડને માનસિક શાંતિ, આત્મચિંતન અને સ્વ-વિચાર સાથે જોડીને સકારાત્મક ગણાવે છે જ્યારે બીજો વર્ગ નકારાત્મક દ્રષ્ટિકોણના ખ્યાલને વિચિત્ર, અસહજ અને પરંપરાથી વિપરીત માને છે.

## સંસદ કૂચ દરમિયાન પોલીસ કાર્યવાહીના વિરોધમાં સોનમ વાંગચુકના અનિશ્ચિતકાલીન ઉપવાસ યથાવત

નવી દિલ્હી : પ્રસિદ્ધ સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકે સોમવારે, ૨૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ પોતાના અનિશ્ચિતકાલીન ઉપવાસ આંદોલનને આગળ પણ ચાલુ રાખવાની સત્તાવાર જાહેરાત કરી છે. કોકરોચ જનતા પાર્ટી દ્વારા આયોજિત "સંસદ ચલો" કૂચ દરમિયાન વિરોધ પ્રદર્શન કરી રહેલા આંદોલનકારીઓ પર પોલીસ દ્વારા કરવામાં આવેલી સખત કાર્યવાહીના વિરોધમાં તેમણે પોતાના ઉપવાસ લંબાવવાનો આક્કમો નિર્ણય લીધો છે. સોનમ વાંગચુકે સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે જ્યાં સુધી તંત્ર દ્વારા તેમની વાજબી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ અન્ન-જળનો ત્યાગ કરીને આંદોલન પર અડગ રહેશે. આંદોલનનું નેતૃત્વ કરી રહેલા યુવા નેતાઓને દેશના સાંસદોને રૂબરૂ મળીને પોતાની રજૂઆત કરવાની તાત્કાલિક પરવાનગી આપવામાં આવે, જો યુવા નેતાઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય, તો તંત્ર દ્વારા સાંસદોને હોસ્પિટલ પહોંચીને પણ તેમની સાથે વાતચીત કરવાની મંજૂરી પૂરી પાડવામાં આવે તેવી માંગણી તેઓએ કરી છે.

# અનંતપુરમાં ચોમાસાને રીઝવવા દેડકાં અને ગધેડાંનાં લગ્ન કરાવતા ગ્રામજનો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : આંધ્રપ્રદેશના રાયલસીમા વિસ્તારમાં આ વર્ષે દક્ષિણ-પશ્ચિમ નૈઋત્યના ચોમાસાના અપેક્ષિત આગમન અભાવે ગંભીર દુષ્કાળ અને ભારે અસહ્ય ગરમીની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને અનંતપુર જિલ્લામાં ખરીફ સીઝન દરમિયાન પણ ચોમાસાને બદલે ઉનાળા જેવો આકરો વાતાવરણ અનુભવાઈ રહ્યો છે. ખેતી અને પશુધનને બચાવવા માટે હવે ગામડાંઓના લોકો પોતાની પ્રાચીન લોકપરંપરાઓ અને શ્રદ્ધા તરફ વળ્યા છે.કલ્યાણદુર્ગમ મંડળના બોરમપલ્લી ગામમાં ગ્રામજનોએ વરસાદના દેવતાને પ્રસન્ન કરવા માટે બે દેડકાંના પ્રતીકાત્મક વિવાહ યોજ્યા હતા. આ પ્રસંગે બાળકોની આગેવાનીમાં ગામમાં ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું. લોકમાન્યતા અનુસાર દેડકાં કે ગધેડાંના લગ્ન કરાવવાથી વરુણ દેવ પ્રસન્ન થાય છે. આ જ પરંપરા હેઠળ કુર્લાપલ્લી ગામમાં પણ બે ગધેડાંના વૈદિક હિંદુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કરાવી, સમગ્ર ગામમાં વરઘોડો કાઢી તેમના પર જલ છંટકાવ કરવામાં આવ્યો હતો.સ્થાનિક સ્તરે વરસાદને આવકારવા અન્ય કેટલાંક રસપ્રદ રિવાજો પણ જોવામાં આવ્યા છે જેમાં બોડરાઈ પરંપરા હેઠળ મદકસિરા વિસ્તારમાં ફૂલોથી શણગારેલા બળદોનું સરઘસ કાઢીને ગામના મુખ્ય પ્રવેશદ્વારે પવિત્ર જલ છાંટવામાં આવ્યું હતું. કલ્યાણદુર્ગ અને મદકસિરાના કેટલાક વિસ્તારોમાં ઘરની તૂટેલી-ફૂટેલી વસ્તુઓ એકઠી કરી પાડોશી ગામની સીમમાં ફેંકવાની કરુવુ રલ્લુ રિવાજ નામની જૂની પરંપરા પણ નિભાવવામાં આવી હતી તેમજ નદી તથા તળાવ કાંઠે આવેલા ગંગમ્મા મંદિરોમાં વિશેષ જપ-તપ અને પૂજા-અર્ચના કરી ભક્તોએ વરુણ દેવને આકુળ-વ્યાકુળ થઈ પ્રાર્થના કરી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ રિવાજો માત્ર અંધશ્રદ્ધા કે ધાર્મિક આસ્થા નથી, પરંતુ સંકટના સમયમાં સમગ્ર સમુદાયને એકતાના તાંતણે બાંધી રાખવાનો અને આશા જીવંત રાખવાનો એક સબળ પ્રયાસ છે. દરમ્યાન,હવામાન વિભાગના આંકડા મુજબ, જૂન માસ દરમિયાન આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. અનંતપુર અને શ્રી સત્ય સાંઈ જિલ્લામાં પણ તાપમાનો પારો ૪૦ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયો છે. જોકે હવામાન વિભાગે આગામી દિવસોમાં ગાજવીજ સાથે છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. હાલમાં પાક અને પાણીની વિકટ સમસ્યા સામે ઝઝૂમી રહેલા ગ્રામજનો વિજ્ઞાનની આગાહીઓની સાથે સાથે પોતાની પ્રાચીન પરંપરાઓનો સહારો લઈને મેઘરાજાની મહેરબાનીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# ફ્લોરિડાની વેલનેસ રીટ્રીટમાં $૨૦૦૦ ખર્ચ્યા બાદ ભારતીય મૂળની ટીના સોઢીનું મોત

## એક વર્ષ પછી તબીબ સામે માનવવધનો ગુનો નોંધાયો

મિયામી : અમેરિકાના ટેક્સાસના એક તબીબ સામે સેકન્ડ-ડિગ્રી ફેલોની માનવવધનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૫૧ વર્ષીય ટીના સોઢીનું ફ્લોરિડા સ્થિત એક વેલનેસ રીટ્રીટમાં ઈર,૦૦૦ (અંદાજે રૂ.૧.૬૬ લાખ) નો ખર્ચ કર્યા બાદ શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું. આ ઘટનાના એક વર્ષ બાદ હાથ ધરાયેલી તપાસમાં ચોંકાવનારા ખુલાસા થતાં તબીબ સામે કાયદાકીય શિકંજો કસાયો છે. તપાસકર્તાઓના અહેવાલ મુજબ, આ વેલનેસ રીટ્રીટમાં યોજાયેલી એક 'હાર્ટ પ્રોટોકોલ સેરેમની' દરમિયાન ટીના સોઢીને MDMA અને કેટામાઈન જેવા શક્તિશાળી ડ્રગ્સ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમને લાંબા સમય સુધી 'સોના બાથ' (Sauna Bath) માં રાખવામાં આવ્યા હતા. ડ્રગ્સના ભારે ડોઝ અને અતિશય ગરમીમાં લાંબો સમય રહેવાના કારણે તેમને ગંભીર ડીહાઈડ્રેશન થતાં તેમનું નિધન થયું હતું. આરોપી તબીબ સમુલ લીએ પોતાની સામેના તમામ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે અને પોતાને સંપૂર્ણ નિર્દોષ જાહેર કર્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને ટેક્સાસ મેડિકલ બોર્ડ દ્વારા ડો. સમુલ લીનું મેડિકલ લાઈસન્સ અસ્થાયી રૂપે રદ કરી દેવામાં આવ્યું છે. આશ્ચર્યજનક રીતે, જે જગ્યાએ આ ઘટના બની તે ફ્લોરિડા સ્થિત વેલનેસ સેન્ટર કે તેના માલિક સામે હજુ સુધી કોઈ પણ પ્રકારનો ગુનો દાખલ કરવામાં આવ્યો નથી. સેન્ટરના માલિકે આ ઘટનામાં પોતાની કોઈ પણ પ્રકારની જવાબદારી કે ભૂલ હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. હાલમાં પોલીસ અને તપાસ એજન્સીઓ આ મામલે વધુ ઊંડાણપૂર્વક કાર્યવાહી કરી રહી છે.

# પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ ભારતીય વિમાનો પરનો પ્રતિબંધ ઓગસ્ટસુધી લંબાવ્યો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ એક નવી સત્તાવાર નોટિસ જારી કરીને ભારતીય વિમાનો માટે પોતાના હવાઈ ક્ષેત્ર (એરસ્પેસ)ના ઉપયોગ પરનો પ્રતિબંધ વધુ એક મહિના માટે લંબાવી દીધો છે. પાકિસ્તાન સરકારના નવા આદેશો અનુસાર, હવે આ પ્રતિબંધ ૨૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધી યથાવત અમલમાં રહેશે.

પાકિસ્તાની એરપોર્ટ ઓથોરિટી દ્વારા સરકારના નિર્દેશ પર જારી કરાયેલ 'નોટિસ ટુ એરમેન' અનુસાર ભારતમાં નોંધાયેલા તમામ નાગરિક વિમાનો, ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત અને ભારતીય ઓપરેટરો દ્વારા લીઝ પર લેવાયેલા વિમાનો. ભારતીય સૈન્ય તથા લશ્કરી ઉડ્ડયન ફ્લાઈટ્સ પર પાકિસ્તાની એરસ્પેસના ઉપયોગ પર સંપૂર્ણ મનાઈ રહેશે. અગાઉ આ પ્રતિબંધની સમયમર્યાદા ૨૪ જુલાઈ ૨૦૨૬ ના રોજ સવારે ૪:૫૯ કલાકે પૂર્ણ થઈ રહી હતી, જેને હવે ઓગસ્ટ સુધી લંબાવવામાં આવી છે. આ નિયમ પાકિસ્તાનના કરાચી અને લાહોર બંને 'ફ્લાઈટ ઈન્ફોર્મેશન રિજન' પર સમાનરૂપે લાગુ પડશે. ઉલ્લેખનીય છે કે, બંને પાડોશી દેશો વચ્ચે હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આ ઘટનાક્રમ એપ્રિલ ૨૦૨૫ થી ચાલી રહ્યો છે. ગયા વર્ષે એપ્રિલમાં જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં પ્રવસીઓ પર થયેલા ત્રાસવાદી હુમલા બાદ ભારતે 'સિંધુ જળ સંધિ' સ્થગિત કરી હતી. તેના પ્રત્યાઘાત રૂપે ૨૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ પાકિસ્તાને ભારતીય વિમાનો માટે એરસ્પેસ બંધ કર્યું હતું, જેના જવાબમાં ભારતે પણ ૩૦ એપ્રિલ ૨૦૨૫ થી પાકિસ્તાની ફ્લાઈટ્સ પર આવો જ પ્રતિબંધ લાદ્યો હતો. મે ૨૦૨૫ માં ભારતે પાકિસ્તાનના વિવિધ સૈન્ય મથકો પર જવાબી હુમલા કર્યા હતા, જેની સામે પાકિસ્તાને પણ કાર્યવાહીનો દાવો કર્યો હતો.


## રાંચીની કિશોરીએ હાથી અને માનવ વચ્ચેનો સંઘર્ષ અટકાવવા બનાવ્યું એઆઈ આધારિત સ્માર્ટ ઉપકરણ

રાંચી (એજન્સી દ્વારા) : ઝારખંડની રાજધાની રાંચીની એક સગીર વયની છાત્રાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરીને એક એવું અદ્યતન ઉપકરણ તૈયાર કર્યું છે, જે જંગલમાંથી માનવ વસાહતો તરફ આવતા હાથીઓની હાજરી સમયસર શોધી કાઢશે. આ નવીનતમ શોધનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાં માનવ અને વન્યજીવો વચ્ચે થતા જીવલેણ સંઘર્ષને સંપૂર્ણપણે નિવારવાનો છે.

આ ટેકનોલોજી આધારિત ઉપકરણને જંગલના સંવેદનશીલ રસ્તાઓ અને ગામની સીમાઓ પર સ્થાપિત કરવામાં આવશે. જેવા હાથીઓ ગામ તરફ પ્રવેશવાનો પ્રયાસ કરશે, કે તરત જ આ ઉપકરણમાં રહેલી છેૈં સિસ્ટમ તેમની હાજરી ઓળખી લેશે. હાથીઓની ઓળખ થતાં જ સિસ્ટમ આપોઆપ ગ્રામજનો અને વન વિભાગના અધિકારીઓને એલર્ટ કે સંદેશ મોકલી આપશે. સમયસર મળતી માહિતીથી ખેડૂતોને પોતાનો પાક બચાવવાનો અને સુરક્ષિત સ્થળે ખસી જવાનો પૂરતો સમય મળી રહેશે, જ્યારે હાથીઓને પણ માનવ વસતીમાં પ્રવેશતા અટકાવી શકાશે. ઝારખંડમાં દર વર્ષે જંગલી હાથીઓના હુમલામાં અનેક ગ્રામજનો પોતાના જીવ ગુમાવે છે અને ખેતરોમાં ઉભેલા પાકને મોટું આર્થિક નુકસાન થાય છે. આ કિશોરીના નવતર પ્રયોગથી હવે આ જટિલ સમસ્યાનો ટેકનોલોજી દ્વારા કાયમી ઉકેલ મળવાની આશા જાગી છે. ઘટનાની ગંભીરતા અને ટેકનોલોજીની ઉપયોગિતા જોઈને ઝારખંડ વન વિભાગે પણ આ સ્માર્ટ ઉપકરણને પ્રાયોગિક ધોરણે ઉપયોગમાં લેવા ભારે રસ દાખવ્યો છે. આ સિદ્ધિ સાબિત કરે છે કે જો યોગ્ય પ્રોત્સાહન મળે તો દેશના યુવા વૈજ્ઞાનિકો આધુનિક ટેકનોલોજીના માધ્યમથી ગ્રામીણ ક્ષેત્રોની વાસ્તવિક અને જટિલ સમસ્યાઓનો સચોટ ઉકેલ લાવી શકે છે.


"સમાચાર વાંચવા માટે નથી સમજવા માટે છે"

જેમ પુલના છેડે ઉભા રહી સ્વીમીંગ ન શીખી શકાય – તેના માટે પુલમાં ઉતરવું જ પડે. ઊંડાણભરી ડૂબકી અખબાર જ આપી શકે.



વાંચે તે વિચારે

@RAJKOTADVERTISINGCIRCLE

ન્યુઝપેપર વાંચન ઓલ્ડ ફેશન નથી, બુદ્ધિનો ફિટનેસ ફંડા છે.

RAC RAJKOT ADVERTISING CIRCLE


જનહિતમાં જારી


# અલીનીનોથી બિહાર-કેરળ-તેલંગાણા સૌથી વધુ પ્રભાવિત

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારતમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત અત્યંત નબળી રહી છે. વર્ષ ૨૦૨૬નું ચોમાસું ૧૨૬ વર્ષના ઈતિહાસમાં પાંચમો સૌથી સૂકો જૂન મહિનો તરીકે નોંધાયું છે. ભારતીય હવામાન વિભાગના ડેટા અનુસાર, જૂન મહિનામાં દેશમાં સરેરાશ ૧૬૫.૩ મિમી વરસાદની સામે માત્ર ૯૯.૫ મિમી વરસાદ નોંધાયો છે, જે સામાન્ય કરતાં ૩૯.૮ ટકા જેટલો ઓછો છે. વર્ષ ૧૯૦૧થી હવામાનના રેકોર્ડ રાખવાની શરૂઆત થયા બાદ ૨૦૦૯ પછીનો આ વરસાદમાં સૌથી મોટો ઘટાડો છે. આ વર્ષે કેરળમાં ચોમાસાનું આગમન નિર્ધારિત સમય કરતાં ત્રણ દિવસ મોડું થયું હતું. ત્યારબાદ પશ્ચિમ ભારતના કૃષિપ્રધાન વિસ્તારોમાં તેની પ્રગતિ લગભગ બે અઠવાડિયા સુધી થંભી ગઈ હતી. એલ નીનોની અસર અને ગ્લોબલ વોર્મિંગના કારણે હવામાનમાં ભારે અસ્થિરતા જોવા મળી છે. એક તરફ જૂન મહિનામાં ચોમાસામાં ૪૦ ટકાની ઘટ નોંધાઈ હતી, તો બીજી તરફ જુલાઈની શરૂઆતમાં મુંબઈ જેવાં મહાનગરોમાં માત્ર એક જ સપ્તાહમાં આખા મહિના જેટલો ખાબકી ગયો હતો. ૧૯ જુલાઈ સુધીમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સ્તરે વરસાદ સામાન્ય કરતાં ૨૪ ટકા જેટલો ઓછો રહ્યો હતો. વરસાદની આ ખેંચની સૌથી ગંભીર અસર મધ્ય, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારત પર જોવા મળી છે. ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન મધ્ય ભારતમાં સામાન્ય કરતાં ૫૦ ટકા ઓછો વરસાદ નોંધાયો છે, જ્યારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ૪૦ ટકાની ખોટ રહી છે. દક્ષિણ દ્વીપકલ્પમાં ૨૭ ટકા અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૩૧ ટકા ઓછો વરસાદ પડ્યો છે. બિહાર, ઓડિશા, ઝારખંડ અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદની આગાહી છતાં અનેક જિલ્લાઓ કોરાધાકોર રહ્યા હતા. આ ઉપરાંત કેરળ, દરિયાકાંઠાના કર્ણાટક, તમિલનાડુ અને તેલંગાણામાં ચોમાસું સક્રિય હોવા છતાં વરસાદમાં ભારે અનિયમિતતા જોવા મળી છે. ચોમાસાના પ્રારંભિક તબક્કામાં વરસાદની ભારે અછતને કારણે ડાંગર, મકાઈ, કપાસ અને સોયાબીન જેવા મહત્વના ખરીફ પાકોનું વાવેતર વિલંબિત થયું છે. સાથોસાથ ઉત્તર ભારતના મેદાની વિસ્તારોમાં તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું હતું. દેશની લગભગ અડધી ખેતી આજે પણ વરસાદ પર નિર્ભર હોવાથી, આવા સૂકા ગાળા અને અચાનક આવતા પૂર જેવી પરિસ્થિતિને લીધે ગ્રામીણ અર્થતંત્ર, ખેડૂતોની આવક અને ખાદ્યપદાર્થોના ભાવો પર ભારે દબાણ સર્જાયું છે.

# ભારતીય ક્રિકેટ મેચોમાં લાગુ થશે ૭ નવા નિયમો

**બીસીસીઆઈએ ભારતીય ઘરગથ્થુ ક્રિકેટમાં આઈસીસીના નવા નિયમો લાગુ કરવાની જાહેરાત કરી : રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સહિતની ટુર્નામેન્ટમાં જોવા મળશે ફેરફારો : વાઈડ, ડેડ બોલ, કીપર ગ્લોઝ અંગે લેવાયો નિર્ણય**



(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : મેરીલેબોન ક્રિકેટ ક્લબ દ્વારા પ્રસ્તાવિત ક્રિકેટના નવા નિયમોને બીસીસીઆઈ ભારતીય ઘરગથ્થુ ક્રિકેટમાં લાગુ કરવા જઈ રહ્યું છે. આ નવા નિયમો રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી, સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સહિતના બીજા ઘરગથ્થુ ટૂર્નામેન્ટ્સમાં લાગુ થશે. આ નિયમ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં દિવસના આખરી ઓવરોમાં બદલાવથી લઈને હેડ કોચની મેદાનમાં એન્ટ્રીથી જોડાયેલા છે. એટલું જ નહીં વિકેટકીપરના ગ્લોઝને લઈને પણ નવો નિયમ ઘરગથ્થુ ક્રિકેટમાં લાગુ થવા જઈ રહ્યો છે. સાથે જ વાઈડને લઈને પણ નવા નિયમો લાગુ કરવામાં આવશે. આવો તમને જણાવીએ કે ભારતીય ઘરગથ્થુ ક્રિકેટમાં કયા-કયા નિયમો લાગુ થવાના છે.

નવા નિયમો મુજબ હવે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં દિવસની આખરી ઓવર પૂરી કરવી હવે જરૂરી રહેશે. એટલે કે જો દિવસની છેલ્લી ઓવરમાં જો વિકેટ પડી ગઈ તો રમત ત્યાં નહીં રોકાય. નવા બેટ્સમેને દિવસના આખરી બોલ સુધી રમવું જ પડશે. વનડે મેચો દરમિયાન ડ્રિંક્સ બ્રેકમાં હેડ કોચને મેદાનમાં એન્ટ્રીની મંજૂરી રહેશે. કોઈ ખેલાડીએ 'જાણબૂઝીને ઓછા રન લીધા' તો ફિલ્ડિંગ કેપ્ટન એ નિર્ણય કરી શકશે કે આગામી બોલનો સામનો કયો બેટ્સમેન કરશે. બોલને ડેડ કરવાનો નિયમ પણ હવે બદલાઈ ગયો છે. હવે બોલને ડેડ માનવા માટે તેનું બોલર કે વિકેટકીપર પાસે હોવું જરૂરી નથી. જો બોલ કોઈ ફિલ્ડરના હાથમાં છે કે તે જમીન પર પડેલો છે તો તે ડેડ માનવામાં આવશે. વનડે અને ટી૨૦ મેચોમાં લેગ સાઈડ વાઈડ માટે ગાઈડલાઈન્સ જાહેર થશે. બોલ ફેંકવામાં આવે તે સમયે તમામ ફિલ્ડર બાઉન્ડ્રીની અંદર હોવા જરૂરી રહેશે. રન-અપ દરમિયાન ગ્લોઝના આગળ રાખવા પર હવે વિકેટકીપર પર દંડ નહીં લગાવવામાં આવે.

## 'કુલદીપ યાદવ સાથે હંમેશા અન્યાય કેમ?' વનડેમાં સૌથી વધુ વિકેટ હોવા છતાં બહાર કરાતા દિગ્ગજ લાલચોળ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સના ઐતિહાસિક મેદાન પર રમાયેલી ત્રીજી મેચમાં ભારતીય ટીમને ૨૭ રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ પરાજય સાથે જ ભારતે ૩ મેચોની વન-ડે સીરિઝ પણ ૧-૨થી ગુમાવી દીધી છે. ઈંગ્લેન્ડે પ્રથમ બેટિંગ કરતા ૩૮૭/૩નો પહાડ જેવો સ્કોર ખડક્યો હતો, જેની સામે ભારતીય બોલરો સંપૂર્ણપણે લાચાર નજરે પડ્યા હતા. ટીમ ઈન્ડિયાની આ શરમજનક બોલિંગ અને હાર બાદ ભારતના પૂર્વ ક્રિકેટર અને જાણીતા કોમેન્ટેટર આકાશ ચોપડાએ મેનેજમેન્ટ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્ટાર સ્પિનર કુલદીપ યાદવને પ્લેઈંગ ૧૧માંથી બહાર રાખવા બદલ ગુસ્સો વ્યક્ત કરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જે વાયરલ થઈ રહ્યો છે. આકાશ ચોપડાએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરેલા વીડિયોમાં ભારતીય ટીમના બોલિંગ કોમ્બિનેશન પર આકરા સવાલો ઉઠાવ્યા છે. તેમણે ગુસ્સામાં પૂછ્યું કે, જ્યારે ઈંગ્લેન્ડની ધરતી પર અને ખાસ કરીને લોર્ડ્સ જેવી વિકેટ પર જ્યાં મિડલ ઓવર્સમાં વિકેટો ઝડપવી



અનિવાર્ય હતી, ત્યાં ભારતના સૌથી સફળ ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવને પ્લેઈંગ ૧૧માં કેમ સ્થાન ન આપવામાં આવ્યું? આકાશ ચોપડાએ જણાવ્યું,

"તમે એક તરફ કહો છો કે કુલદીપ યાદવ તમારો મેચ વિનર બોલર છે, અને આવી મહત્ત્વની ડિસાઈડર મેચમાં તમે તેને બેન્ચ પર બેસાડી રાખો છો? આ કઈ પ્રકારની વ્યૂહરચના છે? જો કુલદીપ પ્લેઈંગ ૧૧માં હોત તો ઈંગ્લેન્ડના બેટ્સમેનો ક્યારેય ૩૮૭ રનનો આટલો મોટો સ્કોર ન બનાવી શક્યા હોત." । મેચમાં ભારતીય કેપ્ટન શુભમન ગિલે પણ સ્વીકાર્યું હતું કે છેલ્લી ૩ ઓવરોમાં બોલરોએ લુટાવેલા ૬૦ રન ટીમને ભારે પડ્યા હતા. પરંતુ આકાશ ચોપડાએ માત્ર ડેથ ઓવર્સ જ નહીં પરંતુ પાવરપ્લેની બોલિંગની પણ આકરી ટીકા કરી છે. તેમણે વીડિયોમાં વિશ્લેષણ કરતા કહ્યું કે, ભારતીય બોલરોએ શરૂઆતથી જ ઈંગ્લેન્ડના ઓપનર્સ બેન ડકેટ (૧૪૧ રન) અને જેકબ બેથલ (૯૧ રન)ને ઘણી ખરાબ બોલિંગ કરી સરળ રન આપ્યા હતા. પાવરપ્લે બાદ પણ જ્યારે વિકેટની જરૂર હતી ત્યારે કુલદીપ જેવા વિકેટ ટેકિંગ બોલરની ગેરહાજરી સ્પષ્ટપણે વર્તાઈ રહી હતી. આકાશ ચોપડાએ રોહિત શર્માના ૧૩૮ રન, શુભમન ગિલના ૭૭ રન અને વિરાટ કોહલીના ૭૪ રનની લડાયક ઈનિંગ્સના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, "બેટ્સમેનોએ ૩૮૮ રનના વિશાળ ટાર્ગેટ સામે ૩૬૦ રન બનાવીને પોતાની જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી હતી. પરંતુ બોલરોના અણઘડ પ્રદર્શન અને ખોટી ટીમ પસંદગીના કારણે બેટ્સમેનોની આ ઐતિહાસિક મહેનત પર પાણી ફરી વળ્યું." આકાશ ચોપડાના આ વાયરલ વીડિયો બાદ સોશિયલ મીડિયા પર ક્રિકેટ ફેન્સ પણ ભારતીય ટીમ મેનેજમેન્ટ અને બોલિંગ લાઈન-અપની આકરી આલોચના કરી રહ્યા છે.

## દિલ્હી કેપિટલ્સના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન સામે રેપ અને મારપીટનો ગંભીર આરોપ!

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દિલ્હી કેપિટલ્સના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન અને બંગાળના ક્રિકેટર અભિષેક પોરેલ વિરુદ્ધ કલકત્તા હાઈકોર્ટે મોટો આદેશ આપ્યો છે. મેડિકલ વિદ્યાર્થીનીની ગંભીર ફરિયાદ પર નોંધાયેલા ગુનાહિત કેસમાં હાઈકોર્ટે અભિષેક પોરેલ અને અન્ય એક આરોપીની તુરંત ગિરફ્તાર કરવા આદેશ આપ્યો છે. ૨૩ વર્ષીય પોરેલ પર રેપ, મારપીટ અને ગુનાહિત ધમકી આપવાના ગંભીર આરોપો લાગ્યા છે. પીડિત મહિલા અને તેની માતાએ હુગલી જિલ્લાના મોગરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર, બંને વચ્ચે છેલ્લા ૩ વર્ષથી પ્રેમ સંબંધ હતો. મહિલાનો આરોપ છે કે પોરેલે તેની સાથે લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા. પરંતુ બાદમાં તેણે અંતર જાળવવાનું શરૂ કર્યું હતું અને લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. વિરોધ કરવા પર તેની સાથે મારપીટ કરવામાં આવી હતી અને મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી



હતી. હાલ બેંગલુરુમાં રહેલા અભિષેક પોરેલે તમામ આરોપોને પાયાવિહોણા અને ઝૂઠા ગણાવીને ફગાવી દીધા છે. પોરેલે જણાવ્યું કે, "હું હાલમાં સારું ક્રિકેટ રમી રહ્યો છું, તેથી જ મને બદનામ કરવા માટે આવી વાતો સામે લાવવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસ પૂર્ણ થયા બાદ જ હું આ અંગે વિસ્તૃત જવાબ આપીશ." ડાબોડી બેટ્સમેન અને વિકેટકીપર અભિષેક પોરેલ ૨૦૨૩ થી આઈપીએલમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહ્યો છે. આ ઉપરાંત તે ઈન્ડિયા-એ ટીમ સાથે યુકે અને ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ પણ કરી ચૂક્યો છે. તેણે બંગાળ તરફથી ૩૨ ફર્સ્ટ-ક્લાસ અને ૨૩ લિસ્ટ-એ મેચો રમી છે.

## ટીમ ઈન્ડિયાએ છેલ્લા 3 વર્ષથી તક ન આપી : હવે ચહલ ઈંગ્લેન્ડમાં કાઉન્ટી ક્રિકેટમાં રમશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : સ્ટાર ભારતીય લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલ છેલ્લા કેટલાક સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સતત અવગણનાનો સામનો કરી રહ્યા છે. ચહલ છેલ્લે ૨૦૨૩ માં ભારતીય જર્સીમાં રમ્યો હતો. જોકે તે ૨૦૨૪ માં ૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય ટીમનો ભાગ હતો, પરંતુ તેને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન એક પણ મેચ રમવાની તક મળી ન હતી. ટીમ ઈન્ડિયામાં તક ન મળવા છતાં, ચહલે હાર માની નથી અને મેદાન પર પોતાનો સ્પિન જાદુ ફેલાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. યુઝવેન્દ્ર ચહલ હવે ઈંગ્લેન્ડમાં ૨૦૨૬ કાઉન્ટી ક્રિકેટ સિઝનના બીજા ભાગમાં નોર્થમ્પ્ટનશાયર કાઉન્ટી ક્રિકેટ ક્લબમાં જોડાયો છે. ચહલ ક્લબ કલ્ચરથી અજાણ્યો નથી. તે અગાઉ ૨૦૨૪ અને ૨૦૨૫ ની સ્થાનિક સિઝનમાં નોર્થમ્પ્ટનશાયર માટે થોડા સમય માટે રમ્યો હતો. હવે, તે ૨૦૨૬ માં ફરીથી ટીમ માટે રમતા જોવા મળશે. આ વખતે, ચહલ કાઉન્ટી ચેમ્પિયનશિપ અને



વન-ડે કપ બંને ફોર્મેટમાં ટીમ માટે પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. વન-ડે કપ ૨૧ જુલાઈથી શરૂ થશે. ઈંગ્લેન્ડની પિચો પર જ્યાં સામાન્ય રીતે ઝડપી બોલરોનું વર્ચસ્વ હોય છે, યુઝવેન્દ્ર ચહલે તેના સ્પિન બોલિંગથી બેટ્સમેનોને મુશ્કેલીમાં મુક્યા છે. નોર્થમ્પ્ટનશાયર માટે રમતા ચહલે તેના છેલ્લા બે કાઉન્ટી ચેમ્પિયનશિપ ટૂરમાં કાઉન્ટી ગ્રાઉન્ડ પર અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે અને કુલ ૩૧ વિકેટ લીધી છે. તેના પ્રભાવશાળી ટ્રેક રેકોર્ડને જોતાં ક્લબે ફરી એકવાર તેના પર વિશ્વાસ મૂક્યો છે. ૩૫ વર્ષીય યુઝવેન્દ્ર ચહલ પાસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો લાંબો અને ખૂબ જ સફળ અનુભવ છે.

## ભારત-ઝિમ્બાબ્વે વચ્ચે ૨૩મી જુલાઈએ પ્રથમ ટી૨૦ જંગ


(એજન્સી દ્વારા) નવીદિલ્હી : ઈંગ્લેન્ડ વિરુદ્ધ પાંચ મેચની ટી૨૦ સીરિઝમાં ૦-૪થી હાર મળ્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ હવે નિરાશાને પાછળ છોડી આગળ વધવા માંગશે. ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે પ્રવાસ પર પહોંચી ચૂકી છે. અહી બંને વચ્ચે ૩ મેચની ટી૨૦ ઈન્ટરનેશનલ સીરિઝ રમાશે. ઈંગ્લેન્ડ પ્રવાસ પરની હાર ભુલી ભારતીય યુવા બ્રિગેડ આ સીરિઝને જીતી નવી શરુઆત કરવાના ઈરાદા સાથે મેદાન પર ઉતરશે. આ પ્રવાસ સાથે જોડાયેલી મોટી વાત એ છે કે, ભારતીય ટીમના કોચ ગૌતમ ગંભીર આ સીરિઝનો ભાગ નથી. તેના સ્થળે દિગ્ગજ વીવીએસ લક્ષ્મણ આ પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાના કોચ નિયુક્ત કરવામાં આવ્યા છે. ટીમની કમાન સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યરના હાથમાં થશે. ભારતીય કેપ્ટન પોતાની પહેલી જીત મેળવશે. આ સીરિઝમાં મોટાભાગે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી પર રહેશે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ સીરિઝની બીજી ટી૨૦ મેચમાં ડેબ્યુ કરનાર વૈભવ સૂર્યવંશીને ૩ મેચમાં તક મળી હતી. પરંતુ તે પોતાનું બેટ સારી રીતે ચલાવી શક્યો ન હતો. હવે ઝિમ્બાબ્વે વિરુદ્ધ પોતાને સાબિત કરી અને ટીમમાં પોતાનું સ્થાન પાક્કું કરવાનો એક મોકો છે. ભારતીય ચાહકો ટીમ ઈન્ડિયાની ટી૨૦ મેચ ભારતીય સમય અનુસાર સાંજે ૭:૩૦ કલાકે જોવાની આદત છે. પરંતુ આ સીરિઝમાં ચાહકોને એક અનોખી ટાઈમિંગ જોવા મળશે. ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાનારી આ



**ઈંગ્લેન્ડ પ્રવાસની હાર ભુલી ભારતીય યુવા બ્રિગેડ ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની સીરિઝને જીતી નવી શરુઆત કરવાના ઈરાદા સાથે મેદાન પર ઉતરશે**

મેચ ભારતીય સમયઅનુસાર સાંજે ૪:૩૦ કલાકથી શરુ થશે. તો આ સીરિઝના શેડ્યુલની વાત કરીએ તો પહેલી ટી૨૦ મેચ ૨૩ જુલાઈના રોજ રમાશે. ત્યારબાદ બીજી મેચ ૨૫ જુલાઈ અને સીરિઝની ત્રીજી મેચ ૨૬ જુલાઈના રોજ રમાશે.

# ગુજરાતી રંગભૂમિના આશાસ્પદ યુવા આર્ટિસ્ટની અણધારી વિદાય



(એજન્સી દ્વારા) મુંબઈ : ગુજરાતી રંગભૂમિમાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે. રંગભૂમિના આશાસ્પદ યુવા કલાકારે અચાનક આ જગતના રંગમંચ પરથી વિદાય લઈ લેતાં ચાહકોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. ગુજરાતી રંગભૂમિના જાણીતા કલાકાર સ્વ. કમલેશ મોતાના સુપુત્ર અને ઊભરતા અને પ્રતિભાશાળી યુવા કલાકાર ધ્રુવ મોતાનું આકસ્મિક અવસાન થઈ ગયું છે. ધ્રુવ કમલેશ મોતાના અચાનક ચાલ્યા જવાથી નાટ્યજગત શોકમાં મુકાયું છે. માત્ર ૩૩ વર્ષની નાની વયે ધ્રુવે આ દુનિયામાંથી વિદાય લેતાં થિયેટરના કલાકારો અને ચાહકોને આંચકો લાગ્યો છે. ધ્રુીજ

ધ્રુવ સ્ટોરીટેલર, ગેમ ડિઝાઈનર અને સાયકલિસ્ટ હતો. વિશેષ તો તેને નવી નવી જગ્યાઓ એક્સપ્લોર કરવાનો ભારે શોખ હતો. પ્રકૃતિ સાથે રહેવાનું એને ખૂબ ગમતું હતું, તે પોતાના અનુભવો અને લાગણીઓને ઘણીવાર કવિતાઓ થકી વાચા આપતો હતો. ગુજરાતી રંગભૂમિના એક સિનિયર આર્ટિસ્ટ પાસેથી મળતી વિગતો અનુસાર ધ્રુવ મોતા છેલ્લા એક વર્ષથી ઘણી બધી શારીરિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો હતો. ગયા રવિવારે જ ધ્રુવને અચાનક બ્રેઈન સ્ટ્રોક આવ્યો હોવાનું કહેવાઈ રહ્યું છે. બ્રેઈન સ્ટ્રોક આવ્યા બાદ તેને આશરે એક અઠવાડિયા સુધી વેન્ટિલેટર પર રાખવામાં આવ્યો હતો. જ્યાં તે બેહોશ હાલતમાં જ હતો. ગઈકાલે રવિવારે ડોક્ટર્સના જણાવ્યાનુસાર ધ્રુવનું શરીર હવે કોઈ રિસ્પોન્સ આપતું નહોતું, જેના પગલે તેને હોસ્પિટલમાંથી રજા આપીને ઘેર લઈ આવવામાં આવ્યો હતો. રવિવાર સવારથી જ મસ્જિદ બંદર સ્થિત ઘરમાં વેન્ટિલેટર વગર બેહોશીની હાલતમાં ધ્રુવ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો હતો. હતા. આજે સવારે તેણે અંતિમ શ્વાસ લીધા હતા.


## ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઉત્સાહનો નવો ઉછાળો

**એક જ સપ્તાહમાં ૯ અગ્રણી ફિલ્મ પ્રોજેક્ટ્સની સત્તાવાર જાહેરાત**

ખાસ પ્રતિનિધિ, અમદાવાદ : ગુજરાતી સિનેમા (ઢોલીવુડ) માટે હાલનો સમય અત્યંત ઉત્સાહજનક સાબિત થઈ રહ્યો છે. ભારતીય પ્રાદેશિક સિનેમામાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહેલી ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ અઠવાડિયે પ્રોજેક્ટ્સનું જાણે "ઘોડાપૂર" આવ્યું હોય તેવો માહોલ સર્જાયો છે. વર્ષ ૨૦૨૬ અને ૨૦૨૭ના આગામી શૂટિંગ શેડ્યૂલ માટે એક જ સપ્તાહના ટૂંકા ગાળામાં કુલ ૯ નવી ફિલ્મોની સત્તાવાર રીતે શુભ જાહેરાત કરવામાં આવી છે. દિગ્ગજ કલાકારોથી સજ્જ પ્રોજેક્ટ્સ એકસાથે આટલી મોટી સંખ્યામાં નવા પ્રોજેક્ટ્સ ઘોષિત થતાં પ્રાદેશિક ફિલ્મ ઉદ્યોગમાં ભારે ચર્ચા જાગી છે. આ નવી જાહેર થયેલી ફિલ્મોમાં ગુજરાતી સિનેમાના લોકપ્રિય અને અગ્રણી કલાકારો મુખ્ય ભૂમિકા ભજવતા જોવા મળશે જેમાં પોતાના આગવા અંદાજ અને કોમેડી ટાઈમિંગથી વિખ્યાત મલ્હાર ઠાકર,શાનદાર અભિનયથી દર્શકોના દિલ જીતનાર યુવા સ્ટાર તુષાર સાધુ, થિયેટર અને સિનેમા ક્ષેત્રના દિગ્ગજ અને અનુભવી કલાકાર દર્શન જરીવાલા. આ સિવાય અન્ય જાણીતા કલાકારો અને કુશળ ટેકનિશિયનો પણ આ પ્રોજેક્ટ્સ સાથે જોડાઈ રહ્યા છે.

એકસાથે ૯ ફિલ્મો લોન્ચ થવાના આ સમાચારથી ગુજરાતી સિનેપ્રેક્ષકો અને ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવેચકોના મતે, આવનારા બે વર્ષોમાં ગુજરાતી સિનેમામાં મનોરંજક કન્ટેન્ટ અને સ્ટારપાવર બંનેનો અદભુત સંગમ જોવા મળશે. વિષયવસ્તુની વૈવિધ્યતા અને આધુનિક પ્રોડક્શન વેલ્યુના કારણે ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ નવી ઊંચાઈઓ સર કરશે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

## 'સૈયારા'ના ટાઈટલ ટ્રેક માટે અપૂરતી રોયલ્ટી ચૂકવણીનો આરોપ



(એજન્સી દ્વારા) મુંબઈ'' સંગીતકાર તનિષ્ક બાગચીએ યશરાજ ફિલ્મ્સ પર જાહેરમાં બ્લોક-બસ્ટર 'સૈયારા'ના ટાઈટલ ટ્રેક માટે અપૂરતી રોયલ્ટી ચૂકવણીનો આરોપ લગાવતા દાવો કર્યો છે કે તે હજી પણ ગીતની ભારે સફળતા છતાં રૂા. આઠ લાખની રોયલ્ટીની રાહ જોઈ રહ્યો છે. બીજી તરફ વાયઆરએફએ કંઈપણ ખોટું થયાનું સ્પષ્ટપણે નકારી દીધું છે અને જણાવ્યું છે કે તમામ પક્ષોને કરાર મુજબ જ ચૂકવણી કરવામાં આવી છે. રદ કરવામાં આવેલી એક સોશિયલ મીડિયા પોસ્ટ પર તનિષ્કે ફહીમ અબ્દુલ્લાહ અને અસ્લૉન નિઝામી સાથે ગીતની રચના અને નિર્માણમાં કરાયેલા પ્રયાસ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેણે જણાવ્યું કે પ્રારંભિક વળતરથી નિર્માણનો ખર્ચ જ માંડ આવરી લેવાયો હતો. અને તેણે ગીતની અસાધારણ લોકપ્રિયતાના પ્રમાણમાં હાલ મળેલી રોયલ્ટી વિશે હતાશા વ્યક્ત કરી.

# ઈંગ્લેન્ડ સામેની શરમજનક હાર બાદ આ ૫ ભારતીય ખેલાડીઓનું પત્તું કપાશે?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં ભારતીય ક્રિકેટ ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો છે. આ શરમનાક હાર બાદ હવે ટીમમાં ફેરબદલની કવાયત શરૂ થઈ ગઈ છે. સમગ્ર સિરીઝ દરમિયાન કેટલાક ખેલાડીઓને પોતાની જાતને સાબિત કરવાની પૂરતી તક મળી હતી, પરંતુ તેઓ આશાઓ પર ખરા ઉતરી શક્યા નથી. આવી સ્થિતિમાં માની લેવામાં આવી રહ્યું છે કે આગામી વનડે શ્રેણી માટે ચીફ સિલેક્ટર અને પસંદગી સમિતિ ટીમમાંથી ૫ નવા ખેલાડીઓને સ્થાન આપી શકે છે. જુના પાંચ ખેલાડીઓની હકાલપટ્ટી કરી શકે છે.

ગુરનૂર બ્રાર માટે આ સિરીઝ ઉતાર-ચઢાવવાળી રહી. તેણે ૩ મેચમાં ૪ વિકેટ લીધી અને ૨૬ રન પણ બનાવ્યા, પરંતુ લૉર્ડ્સમાં રમાયેલી નિર્ણાયક મેચમાં તેનું પ્રદર્શન અત્યંત નિરાશાજનક રહ્યું હતું. તેણે પોતાના ૧૦ ઓવરના સ્પેલમાં એક પણ વિકેટ લીધા વગર ૯૭ રન આપી દીધા હતા. લૉર્ડ્સના મેદાન પર કોઈ પણ ભારતીય બોલર દ્વારા ફેંકાયેલો આ સૌથી મોંઘો સ્પેલ બની ગયો છે.

વૉશિંગ્ટન સુંદર આ વનડે



સિરીઝમાં ન તો બેટથી કોઈ કમાલ કરી શક્યો કે ન તો બોલિંગમાં કોઈ ખાસ યોગદાન આપી શક્યો. આ ઉપરાંત સિરીઝ દરમિયાન ઈજાગ્રસ્ત થઈને બહાર થઈ જવું તેના માટે મોટો ઝટકો સાબિત થયો છે. સતત ફિટનેસની સમસ્યાઓ અને ખરાબ ફોર્મને જોતાં વનડે ટીમમાં તેના સ્થાન પર મોટા સવાલો ઊભા થયા છે.

કે.એલ. રાહુલના બેકઅપ વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરાયેલા ઈશાન કિશનને ૨ મેચ રમવાની તક મળી હતી, પરંતુ તે એનો ફાયદો ઉઠાવી શક્યો નહીં. બંને મેચો મળીને તેના બેટમાંથી માત્ર ૧૫ રન જ નીકળ્યા હતા. આ જ કારણ છે કે આગામી સિરીઝ માટે તેનું સ્થાન પણ જોખમમાં મુકાયું છે.

ઓલરાઉન્ડર શિવમ દુબેને શરૂઆતની ૨ મેચમાં મોકો આપવામાં આવ્યો હતો. બોલિંગમાં તેણે ૧૨ ઓવરમાં ૨ વિકેટ ચોક્કસ લીધી હતી, પરંતુ બેટિંગમાં તે સંપૂર્ણ ફ્લોપ સાબિત થયો હતો. આખી સિરીઝમાં તે પોતાનું ખાતું પણ ખોલી શક્યો નહોતો (૦ રન). આથી ઓલરાઉન્ડર તરીકે તેની ટીમમાં જરૂરિયાત સામે સવાલો ઊભા થયા છે.

હર્ષિત રાણાના વિકલ્પ તરીકે ટીમમાં સામેલ કરાયેલા પ્રિન્સ યાદવ પણ કોઈ છાપ છોડવામાં નિષ્ફળ રહ્યો હતો. તેને ૧ મેચ રમવાની તક મળી, જેમાં તેમણે ૧૦ ઓવરમાં ૭૯ રન આપી દીધા અને કોઈ વિશેષ પ્રભાવ પાડી શક્યો નહીં. પરિણામે, આગામી વનડે ટીમમાં તેમની વાપસી મુશ્કેલ માનવામાં આવી રહી છે.

## 'વર્લ્ડ કપમાં ૧૧ મેચ કેવી રીતે રમીશું?': ઈંગ્લેન્ડ સામે સીરિઝ હાર્યા બાદ કોના પર ભડક્યો શુભમન ગિલ?

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈંગ્લેન્ડ પ્રવાસે ગયેલી ભારતીય ટીમની ટી૨૦ અને વન-ડે સિરીઝમાં શરમજનક હાર થયા બાદ હવે વર્લ્ડકપની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ટી૨૦માં શ્રેયસ અય્યરની કેપ્ટનશીપ હેઠળ ટીમ ઈન્ડિયાની ૪-૦થી શરમજનક હાર થઈ છે, જ્યારે વન-ડેમાં શુભમન ગિલની આગેવાની હેઠળ ભારતનો ૨-૧થી પરાજય થયો છે. લૉર્ડ્સમાં રમાયેલી છેલ્લી વન-ડેમાં ખેલાડીઓ ઈજાગ્રસ્ત થતા ગિલે ચિંતા વ્યક્ત કરી છે. તેણે કહ્યું છે કે, 'અમારા ખેલાડીઓ ૨-૩ મેચોની આખી સિરીઝ રમી શકતા નથી, તો વર્લ્ડકપમાં શું થશે? કેપ્ટન ગિલે ત્રીજી વન-ડે બાદ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ ઈજાગ્રસ્ત થવાના કારણે ટીમમાં સતત ફેરફાર કરવો પડી રહ્યો



છે, તેથી આમાં સુધારો કરવો ખુબ જરૂરી છે. અમારી ટીમે વર્લ્ડકપમાં સતત ૧૧ મેચ રમવી પડશે, પરંતુ ટીમમાં એવા ખેલાડીઓ છે, જેઓ ૨-૩ મેચોની આખી સિરીઝ રમી શકતા નથી. કેટલાક ખેલાડીઓ ૧-૨ મેચ રમે છે, જેમાં તેમને નાની-મોટી ઈજા થઈ જાય છે, જેના કારણે અમારે જુદી ટીમ પસંદ કરીને રમવું પડે છે. તેથી જ એક ટીમ તરીકે આપણે આપણી ફિટનેસ અને પ્રદર્શનમાં સુધારો કરવાની જરૂર છે.'

ઉલ્લેખનીય છે કે, અનેક ખેલાડીઓ ઈજાગ્રસ્ત થવાના કારણે ટીમ ઈન્ડિયા હાલ અનેક પડકારોનો સામનો કરી રહી છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ન-૨૦૨૬ પછી એકપણ આંતરરાષ્ટ્રીય મેચ રમી નથી. હાર્દિકના સ્થાને તૈયાર થઈ રહેલો નીતિશ કુમાર રેડ્ડી પણ ઈજાગ્રસ્ત છે. તેને અફઘાનિસ્તાન સામેની વન-ડે સિરીઝમાં ઈજા થઈ હતી. ત્યારપછી વરૂણ ચક્રવર્તી અને હર્ષિત રાણા ઈંગ્લેન્ડ સામેની વન-ડે પહેલા જ ઈજાગ્રસ્ત થઈ ગયા હતા. એટલું જ નહીં જસપ્રીત બુમરાહને ઘૂંટણમાં ઈજા હોવાના કારણે તેને લૉર્ડ્સ વન-ડેમાં સામેલ કરાયો નથી.

## ટેસ્ટ સીરિઝ માટે ઓસ્ટ્રેલિયાની ટીમ જાહેર, કમિન્સ અને હેઝલવુડની ધમાકેદાર વાપસી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઓસ્ટ્રેલિયાએ બાંગ્લાદેશ સામેની આગામી ટેસ્ટ સિરીઝ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે. ૧૩ સભ્યોની ટીમમાં કેપ્ટન પેટ કમિન્સનું પુનરાગમન થયું છે. કમિન્સ ઉપરાંત, નાથન લિયોન અને જોશ હેઝલવુડ પણ પાછા ફર્યા છે. આ ત્રણેય ખેલાડીઓ છ મહિનાથી ટેસ્ટ ટીમની બહાર હતા. ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચે બે ટેસ્ટ સિરીઝ ઓગસ્ટમાં રમવાની છે. પહેલી ટેસ્ટ ૧૩ ઓગસ્ટથી ડાર્વિનમાં રમાશે, જ્યારે બીજી ટેસ્ટ ૨૨ ઓગસ્ટથી મેકેમાં રમાશે.

ઉસ્માન ખ્વાજાની નિવૃત્તિ બાદ, ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી ટેસ્ટ ટીમમાં પાંચમા નંબરના બેટ્સમેનનો સમાવેશ કર્યો નથી. એવી શક્યતા છે કે કેમેરોન ગ્રીનને પાંચમા નંબર પર બેટિંગ કરવા માટે બઢતી આપવામાં આવશે. જેક વેધરલ્ડ અને ટ્રેવિસ હેડની ઓપનિંગ જોડી ઈનિંગની શરૂઆત કરશે, જ્યારે માર્નસ લાબુશેન ત્રીજા નંબર પર અને સ્ટીવ સ્મિથ ચોથા નંબર પર રમશે. જોશ



ઈંગ્લિસને બેકઅપ બેટ્સમેન અને વિકેટકીપર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

જોશ હેઝલવુડની વાપસી સાથે, કેપ્ટન કમિન્સ માટે પ્લેઈંગ ઈલેવન પસંદ કરવાનું મુશ્કેલ કાર્ય હશે. સ્કોટ બોલેન્ડ અને મિશેલ સ્ટાર્ક બંને ઉત્તમ ફોર્મમાં છે. બોલેન્ડે તાજેતરના સમયમાં સતત વિકેટ લીધી છે. તેથી, એ જોવું રસપ્રદ રહેશે કે હેઝલવુડ અને બોલેન્ડમાંથી કોને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળશે. ૩૭ વર્ષીય બોલેન્ડની ફિટનેસ પણ ઉત્તમ રહી છે. તે અત્યાર સુધી ઈજાને કારણે બહુ ઓછી મેચ ચૂકી ગયો છે. તેણે ૧૯ મેચોમાં ૧૮.૫૮ ની સરેરાશથી ૮૨ ટેસ્ટ વિકેટ લીધી છે.

હેઝલવુડ ઈજાને કારણે એશિઝ સીરિઝ માંથી બહાર રહ્યો. હેઝલવુડ હેમસ્ટ્રિંગ ઈજાને કારણે આખી એશિઝસીરિઝમાંથી બહાર રહ્યો. કેપ્ટન કમિન્સે પણ પીઠની તકલીફને કારણે છેલ્લા એક વર્ષમાં ખૂબ ઓછી મેચ રમી છે, જ્યારે નાથન લિયોન એડિલેડમાં હેમસ્ટ્રિંગ સર્જરીમાંથી પરત ફરી રહ્યો છે. કમિન્સે ગયા જુલાઈથી ઓસ્ટ્રેલિયા માટે માત્ર એક જ ટેસ્ટ મેચ રમી છે. રાષ્ટ્રીય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ જણાવ્યું હતું કે આ બધા ખેલાડીઓએ સંપૂર્ણ ફિટનેસ પ્રાપ્ત કરવા માટે તબીબી ટીમની દેખરેખ હેઠળ સખત મહેનત કરી છે.

## 'મહાપ્રભુ જગન્નાથ'ના નિર્માતાઓને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત

(એજન્સી દ્વારા)

મુંબઈ : ઍનિમેટેડ ફિલ્મ 'મહાપ્રભુ જગન્નાથ'ના નિર્માતાઓને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે ફિલ્મની રિલીઝને શરતી મંજૂરી આપી છે. અદાલતે આદેશ આપ્યો છે કે ફિલ્મ રથયાત્રા પૂર્ણ થયા બાદ ૨૮ જુલાઈ અથવા તો એ પછી જ થિયેટરમાં રિલીઝ કરી શકાશે. આ પહેલાં ભગવાન જગન્નાથના ચિત્રણને લઈને ઊઠેલા વાંધાઓને ધ્યાનમાં રાખીને ઓડિશા હાઈ કોર્ટે ફિલ્મની રિલીઝ પર રોક લગાવી હતી.

ઓડિશા હાઈ કોર્ટનું માનવું હતું કે ફિલ્મમાં સ્કંદ





પુરાણમાં વર્ણવાયેલાં ધાર્મિક વર્ણનો અને પરંપરાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નથી. આ કારણસર અદાલતે સમગ્ર દેશમાં ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પછી નિર્માતાઓએ ૧૫ જુલાઈએ ઓડિશા હાઈ કોર્ટના આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આ સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, ઓડિશા સરકાર, સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન, મંદિર પ્રશાસન અને અન્ય સંબંધિત પક્ષોને નોટિસપણ પાઠવી છે.

ભગવાન જગન્નાથની રથયાત્રાની શરૂઆત ૧૬ જુલાઈથી થઈ હતી અને એ ૨૭ જુલાઈ સુધી ચાલશે. આ સમયે લોકોની ધાર્મિક ભાવનાને ધ્યાનમાં રાખીને ન્યાયમૂર્તિ બી. વી. નાગરત્ના અને ન્યાયમૂર્તિ આર. મહાદેવનની ખંડપીઠે ફિલ્મને હાલ રિલીઝ કરવાની મંજૂરી આપી નહોતી.

# દયાપર ખાતે ભાજપનો પ્રશિક્ષણ વર્ગ યોજાયો




## વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને જિલ્લા ભાજપના અને મોરચાના હોદ્દેદારો, સભ્યો ઉપસ્થિત રહ્યા : છેલ્લા દિવસે રક્તદાન કેમ્પ યોજાયો

દયાપર - કચ્છ ઉદય : લખપત ભાજપનો પ્રશિક્ષણ વર્ગ પાટીદાર સમાજવાડી દયાપર ખાતે યોજાયો હતો. જેનું ઉદ્ઘાટન કરતા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, કચ્છ જિલ્લા ભાજપ મંત્રી રાજેશભાઈ પલણ, સત્ર અધ્યક્ષ વેરસલજી દાદા, સત્ર વક્તા સાત્વીકદાન ગઢવીની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મૂકાયો હતો. કાર્યક્રમમાં રામજીભાઈ ગોરડિયા દ્વારા વંદે માતરમ્ ગાન કરાયું હતું.

દ્વિતીય સત્રમાં અધ્યક્ષ પદે હસમુખભાઈ પટેલ અને વક્તા તરીકે સુરેશભાઈ સંઘારે માર્ગદર્શન આપ્યો હતો. તૃતિય સત્રમાં અધ્યક્ષ પદે ભાણજીભાઈ સોઢા અને વક્તા તરીકે પારૂલબેન કારા, ચોથા સત્રમાં અધ્યક્ષ તરીકે વિક્રમસિંહ સોઢા અને વક્તા તરીકે હિતેશભાઈ ખંડોર, પાંચમાં સત્રમાં અધ્યક્ષ તરીકે રાજુભાઈ સરદાર અને વક્તા તરીકે રમેશભાઈ મહેશ્વરી, છઠ્ઠા સત્રમાં અધ્યક્ષ તરીકે સુરેન્દ્રસિંહ જાડેજા અને વક્તા તરીકે પ્રણવભાઈ જોષી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યો હતો અને કચ્છ જિલ્લા પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી પ્રશિક્ષણ અભિયાનનું મહત્ત્વ અને માર્ગદર્શન આપ્યો હતો. જે બાદ રાત્રિ વિરામ બાદ બીજા દિવસે સવારે સાતમાં સત્રના અધ્યક્ષ તુલસીદાસભાઈ પટેલ અને વક્તા તરીકે અનિલભાઈ ભાનુશાલીએ માર્ગદર્શન આપ્યું હતું. આ દરમિયાન વાલી તરીકે નરેશભાઈ મહેશ્વરી ઉપસ્થિત રહ્યા હતા. પ્રશિક્ષણ વર્ગના સમાપનમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ સમગ્ર પ્રશિક્ષણ વર્ગમાં મહામંત્રી જેતમાલજી જાડેજા, મંડલ હોદ્દેદારો, કારોબારી સભ્યો, તા.પંચાયત પ્રમુખ ગંગાબેન બલિયા, ઉપપ્રમુખ હુસેનભાઈ પઢિયાર, જિ.પં.ના સભ્ય ગાયત્રીબા સોઢા, આયશાબાઈ સુમરા તેમજ તા.પં.ના ચૂંટાયેલા સભ્યો, વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ અને જિલ્લા ભાજપના અને મોરચાના હોદ્દેદારો, સભ્યો ઉપસ્થિત રહી સુંદર વાતાવરણ માર્ગદર્શન મેળવી પ્રશિક્ષિત થયા હતા. સંચાલન નિતિનભાઈ પટેલ, રામજીભાઈ ગોરડિયા, દીપાલીબેન શાહ, પુનિતભાઈ ગોસ્વામી, ભાવેશદાન ગઢવી, દીપકભાઈ રેલોન દ્વારા કરાયું હતું. સમાપનમાં આયોજન વ્યવસ્થા સમિતિના સૌ સભ્યોના આભારદર્શન બાદ વર્ગનું સમાપન થયું હતું.

# કચ્છ જિલ્લા એનએસયુઆઈ દ્વારા કારોબારી મિટિંગનું આયોજન કરાયું



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા એનએસયુઆઈ દ્વારા એક અતિ મહત્વપૂર્ણ કારોબારી બેઠક કચ્છ જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ ઋષિરાજસિંહ ડી. જાડેજાની અધ્યક્ષતામાં યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓના હિત અને વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં આગામી દિવસોમાં કચ્છ જિલ્લા એનએસયુઆઈ દ્વારા 'સરસ્વતી સન્માન' સમારોહનું આયોજન કરવાનો નિર્ણય લેવાયો, જે અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવશે.

જિલ્લાની વિવિધ કોલેજોમાં નવી કારોબારી ટીમોની રચના કરવાની પ્રક્રિયા શરૂ કરી, જેની શરૂઆત આજે ગવર્મેન્ટ પોલિટેકનિક ભુજ કોલેજના પ્રમુખ તરીકે ધૈર્યરાજસિંહ જાડેજા અને સંસ્કાર કોલેજના પ્રમુખ તરીકે ફિયાઝ માજોઠીની નિમણૂક કરવામાં આવી હતી.

મીટિંગ દરમિયાન સરકાર દ્વારા યોજાતી વિવિધ પરીક્ષાઓમાં વારંવાર થતા પેપર લીકની ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી અને 'છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓના અવાજને સરકાર સુધી પહોંચાડવા આવશે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં એનએસયુઆઈ દ્વારા કચ્છમાં વિવિધ સરકારી કોલેજ ફાળવવા માટે રજૂઆત કરવામાં આવશે

બેઠકમાં કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિ.કે. હુંબલ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છ જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ ઋષિરાજસિંહ ડી. જાડેજા, તીર્થભાઈ ઠક્કર અને જિલ્લા મહામંત્રી ફૈઝલ હીંગોરજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ચેમ્બર અને ડીજીએફટીના સંયુક્ત ઉપક્રમે એઆઈ ફંડામેન્ટલ્સ વર્કશોપ યોજાયો




## વેપારીઓને મળ્યું આધુનિક ટેકનોલોજીનું માર્ગદર્શન

રાજકોટ : રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા જોઈન્ટ ડીજીએફટી રાજકોટના સંયુક્ત ઉપક્રમે ગત શનિવાર, ૧૮ જુલાઈ ૨૦૨૬ના રોજ એઆઈ ફંડામેન્ટલ્સ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ચેમ્બરના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા, ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયા, જોઈન્ટ ડીજીએફટી રાજકોટના એફટીડીઓ રાજેશ જાટવે અને આજી જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખ નરેશભાઈ શેઠ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપની શરૂઆતમાં ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રાએ તમામ ઉપસ્થિતોનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આગામી સમયમાં વેપાર-ધંધાના વિકાસ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. આ સાથે જ તેમણે વેપાર-ઉદ્યોગકારોને પોતાના પ્રશ્નો કે સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. વર્કશોપના મુખ્ય વક્તા ચેતનકુમાર પટેલે ઉપસ્થિત વેપારીઓને ચેટ જીટીપી , જેમેનાઈ, કલાઉડ અને નોટબૂક એલએમ જેવા વૈશ્વિક સ્તરે લોકપ્રિય બનેલા એઆઈ ટુલ્સનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપ્યું હતું. તેમણે પ્રેક્ટિકલ પ્રોમ્પ્ટ રાઈટિંગ દ્વારા બિઝનેસ ઓટોમેશન, માર્કેટિંગ સ્ટ્રેટેજી, કન્ટેન્ટ રાઈટિંગ અને દૈનિક પ્રોડક્ટિવિટી વધારવાની પદ્ધતિઓ સરળતાથી સમજાવી હતી. આ ઉપરાંત વાસ્તવિક ઉદાહરણો આપીને એઆઈની મદદથી માત્ર થોડી જ મિનિટોમાં પ્રોફેશનલ ઈમેઈલ, રિપોર્ટ અને પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવાની આધુનિક તકનીકો વિશે વિસ્તૃત માહિતી આપીને વેપારીઓના પ્રશ્નોના યોગ્ય પ્રત્યુત્તર આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેશભાઈ શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું અને અંતમાં વિનોદભાઈ કાછડીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હોવાનું ચેમ્બરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ભાવનગરમાં કચ્છી નવાવર્ષની ઉજવણી કરાઈ

ભાવનગર - કચ્છઉદય : અષાઢી બીજ કચ્છી નવુંવર્ષની ઉજવણી ભાવનગર કચ્છ સમાજ દ્વારા દર વર્ષની જેમ ભવ્ય રીતે ઉજવવામાં આવી હતી. આ ઉજવણીમાં માંડવીના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપના મહામંત્રી અનિરૂદ્ધભાઈ દવે ખાસ ઉપસ્થિત રહી આયોજનને બીરદવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી અનિરૂદ્ધભાઈ દવે જણાવ્યુ હતું કે, ભાવનગરમાં કચ્છી સમાજ દુધમાં સાગર ભળે તેવી રીતે ભરીને અહીના વિકાસમાં સહયોગી રહી છે. અહી કચ્છી ભાઈઓએ ૪૦ વર્ષ થી કચ્છ સમાજની સ્થાપના કરી છે તેના ૪૦માં અંકનું વિમોચન કરાયું હતું. કચ્છ કુળદેવી શ્રી આશાપુરા માતાજીનું મંદિર બનાવ્યું છે ત્યાં દર્શનનો લાભ અનિરૂદ્ધ દવેએ લીધો હતો. ૨૦૦૭થી માતાનામઢ અને આશાપુરા મંદિર ભુજથી જ્યોત






લાવીને "અખંડ જ્યોત" ના દર્શન કર્યા હતા. અષાઢી બીજની સાંજે મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પાટીદાર સંદેશના તંત્રી શામજીભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કચ્છ કાર્યક્રમમાં કચ્છી પરિવારો સંદર્ભે જોડાયા હતા.

# ભેડમાતા ડુંગર ખાતે ભવ્ય વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું



ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકામાં આવેલા પ્રસિદ્ધ ભેડમાતા ડુંગર વિસ્તારમાં બિરાજમાન શ્રી રાઉવારી મોમાય માતાજીના આંગણે અષાઢી બીજના પાવન અવસરે એક ભવ્ય વૃક્ષારોપણ મહાઅભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ભજુ તને ભેળવાળી માતાજી ગ્રુપ' દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર ડુંગરાળ વિસ્તારને હરિયાળો બનાવી ભવિષ્યમાં તેને એક સુંદર નંદનવન તરીકે વિકસાવવાનો છે. આ પર્યાવરણલક્ષી કાર્યક્રમની શરૂઆત ભુજ સ્વામીનારાયણ મંદિરના પૂજ્ય સંતોના આશીર્વાદ સાથે અને તેમના જ પાવન હસ્તે વૃક્ષારોપણ કરીને કરવામાં આવી હતી. આ પ્રસંગે માતાજીના ભુવાજી, કચ્છ જળ મંદિરના જયેશભાઈ લાલકા, સાવધરિયા પરિવાર, નારાણબાપા, તેમજ 'મિશન હરિઓમ'ના હરી સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાઅભિયાનમાં મોટા બંદરા, સણોસરા અને કૈલાશનગર સહિતના આજુબાજુના ગામોના ગ્રામજનો, હરિભક્તો અને મોટી સંખ્યામાં પર્યાવરણપ્રેમીઓ તન, મન અને ધનથી જોડાયા હતા. આ અભિયાન અંતર્ગત ડુંગર પર ૨૦૦થી વધુ મોટા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. માત્ર વૃક્ષો વાવવા પૂરતું જ નહીં, પરંતુ તેના નિયમિત ઉછેર, પાણી પાવાની વ્યવસ્થા અને સંપૂર્ણ જાળવણી કરવાની જવાબદારી પણ ઉપસ્થિત સૌ ભક્તોએ ઉત્સાહપૂર્વક સ્વીકારી હતી. માતાજીના આ ધામના સર્વાંગી વિકાસ અને વૃક્ષોના સંરક્ષણ માટે વિવિધ દાતાઓ દ્વારા બોર, પાઈપલાઈન, પાણી અને વીજળીની સુવિધા તેમજ વૃક્ષોની સુરક્ષા માટે લોખંડની વાડ (ટ્રી-ગાર્ડ) જેવી જરૂરી સેવાઓ સમર્પિત કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન મિશન હરિઓમના હરીભાઈ, નારાણબાપા અને માતાજીના ભક્તો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ પર્યાવરણનું જતન કરવા, વધુમાં વધુ વૃક્ષો વાવવા અને 'હરિયાળો કચ્છ' બનાવવાના મક્કમ સંકલ્પ સાથે આ પ્રેરણાદાયી અભિયાનને વિરામ આપ્યો હતો.

# આયુષ્માન કાર્ડ બન્યું કચ્છના મોડા ગામના વ્યક્તિ માટે સંજીવની



## આયુષ્માન કાર્ડના લીધે કરમશીભાઈને એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના કેન્સરની સફળ સર્જરી અને સારવાર મળતા તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી રહ્યા છે

રાપર - કચ્છઉદય : સરકારની આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના મુશ્કેલીના સમયમાં કેટલી મોટી રાહત આપે છે તેનું ઉદાહરણ કચ્છ જિલ્લાના રાપર તાલુકાના મોડા ગામમાં જોવા મળ્યું. આયુષ્માન આરોગ્ય મંદિર, મોડાની આરોગ્ય ટીમની અગમચેતીને કારણે ૪૧ વર્ષીય કેન્સર પીડિત રબારી કરમશીભાઈ શકુભાઈને વિનામૂલ્યે સારવાર મળતા તેમને નવજીવન પ્રાપ્ત થયું છે. આયુષ્માન આરોગ્ય મંદિર, મોડાની આરોગ્ય ટીમ દ્વારા ગામના દરેક પાત્ર નાગરિકનું આયુષ્માન કાર્ડ બને તે માટે સતત ઘર-ઘર સંપર્ક અને જન જાગૃતિ કરવામાં આવી રહી છે. આ અભિયાન દરમિયાન ટીમે કરમશીભાઈનું રૂ.૧૦ લાખ સુધીની કેશલેસ સારવારની સુવિધા ધરાવતું આયુષ્માન કાર્ડ અગાઉથી જ બનાવી આપ્યું હતું. થોડા સમય બાદ કરમશીભાઈને કેન્સરનું નિદાન થતાં પરિવાર ચિંતામાં મુકાઈ ગયો હતો. સારવાર અને સર્જરીનો ખર્ચ લાખોમાં જતો હોવાથી શું કરવું તે સમજાતું ન હતું. તે સમયે પહેલેથી બનાવેલું આયુષ્માન કાર્ડ પરિવાર માટે આશીર્વાદરૂપ બન્યું હતું. માહિતી મળતા જ આયુષ્માન આરોગ્ય મંદિર, મોડાની ટીમે પરિવારનો સંપર્ક કરી હોસ્પિટલમાં દાખલ થવાની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અને કેશલેસ સારવાર અંગે સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. આયુષ્માન કાર્ડના આધારે કરમશીભાઈને સરકારની યોજના હેઠળ એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના કેન્સરની સફળ સર્જરી અને સારવાર મળી. સમયસર સારવાર મળતા આજે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે અને સામાન્ય જીવન જીવી રહ્યા છે. કરમશીભાઈ અને પરિવારે ખુશી વ્યક્ત કરતાં કહ્યું કે, "જો આરોગ્ય મંદિરની ટીમે અગાઉથી અમારું આયુષ્માન કાર્ડ બનાવી આપ્યું ન હોત તો આટલો મોટો ખર્ચ ઉઠાવવો અમારા માટે અશક્ય હતો. સરકારની યોજના અને ટીમના માર્ગદર્શનથી આજે મને નવજીવન મળ્યું છે. આયુષ્માન આરોગ્ય મંદિર, મોડાની ટીમે જણાવ્યું હતું કે, બીમારી ક્યારેય કહીને આવતી નથી. દરેક પાત્ર નાગરિકે સમયસર પોતાનું આયુષ્માન કાર્ડ બનાવી રાખવું જોઈએ. કટોકટીના સમયે પહેલેથી બનેલું કાર્ડ દર્દીને તાત્કાલિક અને વિનામૂલ્યે સારવાર મેળવવામાં અમૂલ્ય સાબિત થાય છે. ગામના દરેક પાત્ર નાગરિક સુધી આ યોજનાનો લાભ પહોંચાડવાનો અમારો સંકલ્પ છે. કરમશીભાઈની પ્રાપ્ત નિઃશુલ્ક સારવાર સાબિત કરે છે કે, આયુષ્માન ભારત યોજના માત્ર એક કાર્ડ નથી, પરંતુ મુશ્કેલીના સમયમાં પરિવારને આર્થિક સુરક્ષા અને દર્દીને નવજીવન આપતી સંજીવની છે. આરોગ્ય ટીમની આગોતરી કામગીરીના કારણે એક પરિવારને લાખો રૂપિયાના સારવાર ખર્ચમાંથી રાહત મળી.

# નિરોણા ખાતે બાલિકા પંચાયતની બેઠક યોજાઈ



ભુજ - કચ્છઉદય : જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, કચ્છ અન્વયે ડીએચઈડબલ્યુની ટીમ દ્વારા જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન રાવલના માર્ગદર્શન હેઠળ નખત્રાણા તાલુકાના નિરોણા ગામે બાલિકા પંચાયતની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાલિકા પંચાયતની માર્ગદર્શિકા મુજબ બાલિકા પંચાયતની કામગીરી વિષે મિશન કો-ઓર્ડીનેટર ફોરામબેન વ્યાસ દ્વારા સમજ આપવામાં આવી હતી. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ તથા બાળકીઓ માટે અમલમાં રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી તેમને યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન સાયબર સુરક્ષા, સ્વચ્છતા, ૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન સહિતના મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે જ બાલિકાઓમાં આત્મવિશ્વાસનો વિકાસ થાય, નેતૃત્વ ક્ષમતમાં વધારો થાય અને સમાજમાં સક્રિય ભાગીદારી માટે તેઓ પ્રેરિત બને તે માટે વિવિધ માહિતીસભર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત બાલિકાઓને નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરાવી ત્યાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ, માતા - બાળ આરોગ્ય અને સ્વાસ્થ્ય સબંધિત વિવિધ સેવાઓ અંગે માહિતગાર કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સરપંચ નરોતમભાઈ, ડીએચઈડબલ્યુના મિશન કો-ઓર્ડીનેટર ફોરમબેન વ્યાસ, એફએચડબલ્યુ રમીલાબેન, ક્રિષ્નાબેન ભુડિયા, અર્ચનાબેન ભગોરા, ઉજાલાબેન, બાલિકા સરપંચ વંશીબેન ભાનુશાળી જોડાયા હતા. કાર્યક્રમનો હેતુ બલીકોમાં નેતૃત્વ, આત્મવિશ્વાસ, જાગૃતિ અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવી તેમને સશક્ત બનાવવાનો હતો.

# મુસ્લિમ એજ્યુકેશન શાળામાં વોટરકુલરનું લોકાર્પણ કરાયું



ભુજ - કચ્છઉદય: ભુજ મધ્યે આવેલ ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં વોટરકુલરનું લોકાર્પણ કરાયું હતું.ભુજ મધ્યે રહેતા તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભણાવતા શિક્ષક જત શાબાન મોહમ્મદ તથા સંસ્થાના ચેરમેન જનાબ અલીમોહમ્મદ જતના હસ્તે વોટરકુલરનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે સંસ્થાના વાઈસ ચેરમેન હાજી અમીરઅલીભાઈ લોઢીયા, સંસ્થાના પૂર્વ ચેરમેન સૈયદ હાજી અબ્દુલરસુલશા બાવા, સંસ્થાના સેક્રેટરી હાજી જુમાભાઈ નોડે, સંસ્થાના સેક્રેટરી જુણશભાઈ હીંગોરા, ખજાનચી બસીરભાઈ મેમણ, શાળાના પ્રિન્સિપલ જુસબખાન ટાંક, શાળા સુપરવાઈઝર રઝીયાબેન મેમણ તેમજ તમામ સ્ટાફગણ હાજર રહ્યા હતા.

# વસ્તી ગણતરી કામગીરી બદલ શિક્ષકોને વળતર રજા આપવા અંગે પરીપત્ર કરવા શૈક્ષિક મહાસંઘ- કચ્છની જિલ્લા કલેક્ટરને રજૂઆત



ભુજ - કચ્છઉદય : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ - કચ્છના તમામ સંવર્ગ દ્વારા જિલ્લા કલેક્ટર, ભુજ- કચ્છને વસ્તી ગણતરી - ૨૦૨૭ અંતર્ગત શિક્ષકો દ્વારા ઉનાળુ વેકેશન તેમજ રવિવાર અને જાહેર રજાના દિવસોમાં બજાવવામાં આવેલી કામગીરી બદલ ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો મુજબ મળવાપાત્ર વળતર રજા અંગે સમગ્ર કચ્છ જિલ્લામાં એકસમાન અને નિયમબદ્ધ અમલ થાય તે માટે પરિપત્ર બહાર પાડવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવાયું છે કે, કચ્છ જિલ્લાના વિવિધ સંવર્ગના શિક્ષકોએ ગણતરીદાર, સુપરવાઈઝર તેમજ અન્ય જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી છે.

આ કામગીરી દરમિયાન અનેક શિક્ષકોએ ઉનાળુ વેકેશન ઉપરાંત શાળાઓ શરૂ થયા બાદ પણ રવિવાર તથા જાહેર રજાના દિવસોમાં ફરજ બજાવી હતી. ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ-૪૬ તથા નિયમ-૫૦ મુજબ આવી કામગીરી બદલ વળતર રજા મળવાપાત્ર હોવા છતાં વિવિધ તાલુકાઓમાં અમલમાં અસમાનતા જોવા મળતી હોવાથી શિક્ષકોમાં મૂંઝવણની સ્થિતિ ઊભી થઈ રહી છે.

મહાસંઘે જિલ્લા કલેક્ટરને વિનંતી કરી છે કે સમગ્ર કચ્છ જિલ્લામાં એકસમાન માર્ગદર્શિકા જાહેર કરી સંબંધિત તમામ અધિકારીઓને નિયમ મુજબ શિક્ષકોને વળતર રજા મંજૂર કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે, જેથી શિક્ષકોના કાયદેસર હક્કોનું રક્ષણ થઈ શકે અને જિલ્લામાં એકરૂપ અમલ સુનિશ્ચિત બને.

આ તકે પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય પ્રતિનિધિ રામસંગજી જાડેજા, પ્રાથમિક સરકારી પ્રાંત મંત્રી રમેશભાઈ ગાગલ, એચટાટ રાજ્ય મંત્રી અમરાભાઈ રબારી, જિલ્લા અધ્યક્ષ લખધીરસિંહ જાડેજા, મહામંત્રી મયુરભાઈ પટેલ, સરકારી ઉચ્ચતર માધ્યમિક અધ્યક્ષ અમોલભાઈ ધોળકિયા, સરકારી માધ્યમિક અધ્યક્ષ શૈલેન્દ્રસિંહ જાડેજા, માધ્યમિક ગ્રાન્ટેડ મહામંત્રી ચેતનભાઈ લાખાણી, ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ મહિલા ઉપાધ્યક્ષ ડૉ. દીનાબેન જોબનપુત્રા તથા જિલ્લા ઉપાધ્યક્ષ બળવંતભાઈ છાંગા ઉપસ્થિત રહ્યા હતા એવું માધ્યમિક ગ્રાન્ટેડ અધ્યક્ષ અલ્પેશભાઈ જાનીની યાદીમાં જણાવાયું હતું.

## પોલીસે તો કાંઈ ન ઉકાળ્યું..

# DRIની તપાસે આધોઈ સોપારી કૌભાંડમાં નવો વળાંક આવ્યો

## મુંબઈથી ધરપકડ બાદ લખનૌ સુધી ટીમ દોડી : મોટા નેટવર્કનો પર્દાફાશ થવાની શક્યતા

**પોલીસની તપાસ ઠંડી પડતા ડીઆરઆઈ સક્રિય : કંડલા એસઈઝેડમાંથી ડ્યુટીચોરીના કરોડોના રેકેટના વધુ તાર ખુલવાની દિશામાં તપાસ તેજ**

**મુંબઈથી સંબંધિત યુનિટના રજિસ્ટર્ડ સંચાલકની ધરપકડ, પૂછપરછમાં 'રાજવીર'નું નામ ખુલતાં લખનૌ સુધી તપાસનો ધમધમાટ : ચાર કન્ટેનર સોપારી સહિતના દસ્તાવેજી પુરાવા હાથ લાગ્યાની ચર્ચા**

ગાંધીધામ : આધોઈ ખાતે પકડાયેલા અંદાજે દોઢ કરોડ રૂપિયાની ડ્યુટીચોરીયુક્ત સોપારીના બહુચર્ચિત પ્રકરણમાં ફરી એકવાર મહત્વનો વળાંક આવ્યો હોવાનું સામે આવી રહ્યું છે. અગાઉ કચ્છ બોર્ડર રેન્જના આઈજીની સાયબર ક્રાઈમ ટીમે આ કૌભાંડનો પર્દાફાશ કરી સાતથી વધુ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (કે.એસ.ઈ.ઝેડ.)માંથી એક્સપોર્ટના નામે આયાત કરાયેલી સોપારી સ્થાનિક બજારમાં ડાયવર્ટ થતી હોવાનો પ્રાથમિક ખુલાસો થયો હતો. જોકે ત્યારબાદ પોલીસની તપાસ ધીમી પડી ગઈ હોવાની ચર્ચાઓ વચ્ચે હવે પાછલા અઠવાડિયાથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (ડી.આર.આઈ.)ની ટીમે સમગ્ર પ્રકરણમાં ફરીથી સક્રિય તપાસ શરૂ કરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, ડીઆરઆઈની ટીમે કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા સંબંધિત યુનિટમાં તપાસનો સપાટો બોલાવી ચાર કન્ટેનર સોપારીનો જથ્થો તેમજ અગાઉ સ્થાનિક બજારમાં ડાયવર્ટ કરાયેલા કન્ટેનરો અંગેના મહત્વના દસ્તાવેજી પુરાવા એકત્ર કર્યા હોવાનું જાણવા મળે છે. આ તપાસ દરમિયાન અનેક નવા તથ્યો સામે આવ્યા હોવાનું પણ સૂત્રો જણાવી રહ્યા છે.

### સવાલોનો મારો

●પોલીસે સાતથી વધુ આરોપીઓ પકડ્યા બાદ તપાસ અચાનક કેમ ઠંડી પડી ગઈ?● ડીઆરઆઈને ફરી મેદાનમાં ઉતરવાની જરૂર શા માટે પડી? ● કંડલા એસઈઝેડમાંથી એક્સપોર્ટના નામે કેટલી સોપારી સ્થાનિક બજારમાં ડાયવર્ટ થઈ? ● માત્ર ચાર કન્ટેનર જ કે પછી અગાઉના અનેક કન્ટેનરોનો પણ ભેદ ખુલશે? ● મુંબઈથી ઝડપાયેલા યુનિટ સંચાલકે પૂછપરછમાં કયા નવા નામો જાહેર કર્યા? ● 'રાજવીર'ની ભૂમિકા શું છે? લખનૌ સુધી તપાસ પહોંચવા પાછળનું કારણ શું? ● કરોડોની ડ્યુટીચોરીના આ રેકેટમાં માસ્ટરમાઈન્ડ કોણ? ● કૌભાંડમાં અન્ય વેપારીઓ, આયાતકારો કે અધિકારીઓની સંડોવણી છે?● લાંબા સમયથી ચાલી રહેલા આ કથિત ગોરખધંધા પર અગાઉ કોઈ કાર્યવાહી કેમ થઈ નહીં? ● કચ્છમાં પકડાયેલો કેસ દેશવ્યાપી ડ્યુટીચોરીના મોટા નેટવર્ક સાથે જોડાયેલો છે? ● કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની દેખરેખ વ્યવસ્થામાં ક્યાં ખામી રહી? ● તપાસ હવે માત્ર આરોપીઓ સુધી મર્યાદિત રહેશે કે સમગ્ર નેટવર્ક સુધી પહોંચશે?● કરોડોની ડ્યુટીચોરીથી સરકારને કેટલું નુકસાન થયું? ● ડીઆરઆઈની તપાસમાં હજુ કેટલા નવા ચહેરા બેનકાબ થવાના બાકી છે? ● આ સમગ્ર પ્રકરણમાં ભ્રષ્ટાચારને આશ્રય આપનારાઓ સામે પણ કાર્યવાહી થશે?

સૂત્રોના જણાવ્યા મુજબ, સંબંધિત યુનિટ જેના નામે નોંધાયેલું છે તે શખ્સને ડીઆરઆઈએ મુંબઈથી ઝડપી લઈ કોર્ટ સમક્ષ રજૂ કર્યા બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો છે.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે 'રાજવીર' નામના શખ્સની સંડોવણી અંગે માહિતી આપતાં ડીઆરઆઈની એક વિશેષ ટીમ તેની શોધખોળ અને ધરપકડ માટે લખનૌ તરફ રવાના થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.તપાસ સાથે સંકળાયેલા વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે જો અત્યાર સુધી ઝડપાયેલા તમામ આરોપીઓની સઘન અને સામસામી પૂછપરછ કરવામાં આવે તો માત્ર એકાદ-બે નહીં પરંતુ આવા અનેક કન્ટેનરો સ્થાનિક બજારમાં ડાયવર્ટ કરાયા હોવાનો ભાંડો ફૂટી શકે છે. પરિણામે કરોડો રૂપિયાની ડ્યુટીચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.સાથે જ લાંબા સમયથી ઝોન વિસ્તારમાં સક્રિય હોવાનું કહેવાતા રાજેશ, આનંદ, મહાદેવ સહિતના શખ્સોની સંભવિત ભૂમિકા પણ તપાસના દાયરામાં આવી શકે છે. તપાસના તાર આ સમગ્ર નેટવર્કને આશ્રય આપતા અન્ય પ્રભાવશાળી તત્વો અને ભ્રષ્ટાચારના સંભવિત કડીઓ સુધી પણ લંબાય તેવી સંભાવનાઓ તપાસ વર્તુળોમાં વ્યક્ત થઈ રહી છે.જોકે, ઉપરોક્ત તમામ વિગતો તપાસ સાથે જોડાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી છે. સમગ્ર મામલે ડીઆરઆઈ અથવા સંબંધિત તપાસ એજન્સી દ્વારા સત્તાવાર પુષ્ટિ થવાની હજુ બાકી છે અને તપાસ આગળ વધતાં વધુ મહત્વના ખુલાસા થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

## સતત અકસ્માતો વચ્ચે કુકમા અને વરસામેડી ટોલનાકે વાહન ચાલકોના ખીસ્સા વધુ ખંખેરાશે

**૧૦૦ દિવસમાં બીજીવખત ટોલમાં ચુપચાપ વધારો ઝીંકી દેવાયો : રસ્તામાં આડેધડ ખાડા, રતનાલ બાયપાસ સહિતના સ્થળોએ થતા અકસ્માતો, અધુરા કામો છતાં ટોલ લેવામાં મનમાનીના કારણે લોકોનો વધતો આક્રોશ**

ભુજ - કચ્છઉદય : ભીમાસર, અંજાર, ભુજ નેશનલ હાઈવેનું કામ અધુરૂં છે, છતાં ટોલ વસુલવા માટે કુકમા અને વરસામેડી ટોલનાકા શરૂ કરી દેવામાં આવ્યા છે. પ્રસિદ્ધિ માટે ઝંખતી સરકાર ૧૧૦૦ કરોડના આ પ્રોજેકટમાં ચુપકીદી સેવીને બેસી ગઈ છે. આ નેશનલ હાઈવે ૧૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનાવાયો છે. શરૂઆતમાં રોડના કામમાં ખનિજ ચોરીના ૧૦ થી વધુ મામલા સામે આવ્યા હતા. બીજી તરફ અધુરા કામ હોવા છતાં ટોલ શરૂ કરી દેવાયા અને હવે ૧૦૦ દિવસના અંતરાલમાં બીજી વખત વધારો કરાયો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ જાન્યુઆરીમાં શરૂ થયા બાદ ગત ૧ એપ્રીલથી કુકમા અને વરસામેડી ટોલનાકા પર ભાવ વધારો લાગુ કરવામાં આવ્યો હતો. જે બાદ હવે ૨૦ જુલાઈની મધ્યરાત્રીથી બીજો ભાવ વધારો લાગુ કરવામાં આવ્યો છે. કુકમા ટોલનાકે કાર, જીપ જેવા વાહનો માટે અગાઉ એક દિવસની રીટર્ન મુસાફરી માટે ૯૦ રૂપિયા ટોલ હતો તેના ૯૫ રૂપિયા કરવામાં આવ્યા છે. જયારે ૫૦ મુસાફરી માટે માસિક પાસ અગાઉ ૨૦૦૫ રૂપિયા હતો તેમાં હવે ૨૦૬૫ રૂપિયા દર લગાવવામાં આવ્યા છે. આ સિવાય લાઈટ કોમર્શીયલ વ્હીકલમાં ૯૫ થી ૧૦૦, બસ - ટ્રકમાં ૨૦૫ થી ૨૧૦, ત્રણ એક્સલમાં ૨૨૦ થી ૨૩૦, હેવી વ્હીકલમાં ૩૨૦ થી ૩૩૦ અને મોટા વાહનોમાં ૩૦૦ થી ૪૦૦ નો વધારો સીંગલ મુસાફરી માટે કરવામાં આવ્યો છે. તમામ દરોમાં સીધો ૫ થી ૧૦૦ રૂપિયાનો વધારો લાગુ કરવામાં આવ્યો છે. આ સિવાય વરસામેડી ટોલનાકે પણ હેવી વાહનોમાં અગાઉ ૨૬૦ હતા જયાં ૨૬૫ કરવામાં આવ્યા છે. જયારે મોટા વાહનો ૭ એકસલમાં અગાઉ ૩૧૫ ની તુલનાએ ૩૨૫ નો ભાવ વધારો કરાયો છે. કાર, જીપ અને લાઈટ કોમર્શીયલમાં ૫૦ અને ૮૦ રૂપિયા બરકરાર રાખવામાં આવ્યા છે. માસિક પાસમાં પણ ૧૦ રૂપિયાનો વધારો થયો છે.

ખરેખર આ નેશનલ હાઈવે ભીમાસરથી ભુજ થઈ ખાવડા રોડને જોડે છે પરંતુ આજદિન સુધી માધાપર નળસર્કલથી પોલીસ ચોકી થઈ શેખપીર સુધી નેશનલ હાઈવે આ રસ્તો પોતા હસ્તક લીધો નથી. આ રસ્તો જીએસઆરડીસીમાં આવે છે. હાલમાં અહીં વ્યાપક ખાડા તેમજ રસ્તાની બન્ને બાજુ દબાણો છે. કુકમાથી વરસામેડીને જોડતા રોડ પર રેલડી ફાટકનું કામ ચાલુ છે. નેશનલ હાઈવે પર ફાટક હોય જ નહીં છતાં અહીં ફાટક પર ઓવરબ્રીજ બન્યો ન હોવા છતાં

અનુસંધાન પાના નં.૫ પર

### રતનાલ નજીક નિંગાળ ફાટકે બાઈક ડીવાઈડર સાથે ભટકાતા માધાપરના યુવકનું મોત

ભુજ - કચ્છઉદય : ભુજ - અંજાર નેશનલ હાઈવે પર રતનાલ નજીક નિંગાળ ફાટક પાસે ગઈકાલે રાત્રે ૧૧.૫૦ વાગ્યાના અરસામાં અકસ્માત થયો હતો. જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીમાંથી મળતી વિગતો મુજબ હતભાગી માધાપરમાં રહેતા કલ્પેશભાઈ વાલજીભાઈ જોગી બાઈક લઈને જતા હતા ત્યારે રોડ પર ડીવાઈડર સાથે બાઈક ભટકાતા મોપેડ સ્લીપ થવાથી માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર માટે જી.કે.માં લઈ આવ્યા હતા. જયાં તેઓનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જયારે પવનભાઈ મેહુલભાઈ બાવાજીને ઈજાઓ થવાથી તેઓને સારવાર માટે જી.કે.માં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પધ્ધર પોલીસને જાણ કરવામાં આવી હતી.

## બંગાળની ખાડીમાં સિસ્ટમ સક્રિય : ૨૬થી ૨૮ વચ્ચે કચ્છમાં મુશળધાર વરસાદની આગાહી

**ચાલુ સપ્તાહે હળવાથી મધ્યમ ઝાપટાં બાદ આગામી રવિવારથી સરહદી જિલ્લામાં પણ મેઘરાજા તોફાની બેટિંગ કરશે : હવામાન વિભાગ**

ભુજ - કચ્છઉદય : છેલ્લા કેટલાક દિવસોથી કચ્છ અને સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં માત્ર હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી રહ્યા છે અને ચાલુ સપ્તાહ દરમિયાન પણ આવો જ ક્રમ જળવાઈ રહેવાની શક્યતા છે. જોકે, મેઘરાજાની ભારે ઈનિંગ્સની રાહ જોઈ રહેલા કચ્છના સીમાંત અને સૂકા મલકના વાચકો તથા ખેડૂતો માટે રાહતના મોટા સમાચાર આવ્યા છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૨૬ થી ૨૮ સુધી કચ્છ સહિત રાજ્યભરમાં મેઘરાજા બરાબરનો રંગ જમાવશે અને સરહદી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૨થી ૭ ઈંચ જેટલો સંતોષકારક વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગના અધિકૃત સૂત્રોના જણાવ્યા અનુસાર બંગાળની ખાડીમાં સર્જાનારા લો-પ્રેશર સિસ્ટમની સીધી અસરથી રવિવારથી મંગળવાર દરમિયાન કચ્છ જિલ્લામાં સાર્વત્રિક અને મન મૂકીને વરસાદ વરસે તેવા સુખદ એંધાણ વર્તાઈ રહ્યા છે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના અનેક વિસ્તારોમાં ૨થી ૭ ઈંચ સુધીનો ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલમાં જિલ્લાભરમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે તડકો-છાંયડો અને ક્યાંક ક્યાંક છાંટા પડી રહ્યા છે. ચાલુ સપ્તાહ દરમિયાન આવું જ વાતાવરણ રહેશે, પરંતુ જુલાઈના અંતિમ

અનુસંધાન પાના નં.૫ પર

### કચ્છના દરિયાકાંઠે હાઈ વેવનો ખતરો: લખપતથી કંડલા સુધી ઓરેન્જ એલર્ટ

**આજથી આવતીકાલ દરમિયાન ૩.૨થી ૩.૬ મીટર ઊંચા મોજાં ઉછળવાની આગાહી : માછીમારો, બંદરો અને બોટ સંચાલકોને સાવચેત રહેવા કડક સૂચના**

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના સમગ્ર દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાઈ પવન અને હવામાનમાં આવેલા પલટાને કારણે ઉંચા મોજાં ઉછળવાની ગંભીર સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય રાષ્ટ્રીય મહાસાગર માહિતી સેવા કેન્દ્ર અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પોર્ટલ દ્વારા જારી કરાયેલી અદ્યતન સૂચનાઓ અનુસાર, લખપતથી લઈને કંડલા સુધીના સમગ્ર દરિયાઈ પટ્ટા માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. નોધનીય છે કે, આ બાબતે વહીવટીતંત્ર દ્વારા તકેદારી અને કડક સૂચનાઓ કરવામા આવ્યા છે. દરિયામાં ગયેલી તમામ નાની-મોટી બોટોને તાત્કાલિક સુરક્ષિત બંદરે પરત ફરી જવાની અથવા નજીકના શેલ્ટર હોમ/જેટી પર બોટ બાંધી દેવાની સૂચના અપાઈ છે. આ સમયગાળા દરમિયાન માછીમારોને સમુદ્રમાં ન ખેડવા કડક આદેશ કરાયો છે.માંડવી અને પિંગળેશ્વર જેવા પ્રખ્યાત દરિયાકિનારે ફરવા આવતા પ્રવાસીઓ તથા સ્થાનિક નાગરિકોને દરિયામાં નાહવા કે કિનારાની નજીક જવાથી દૂર રહેવા જણાવાયું છે. સુરક્ષાના ભાગરૂપે કાંઠાના વિસ્તારોમાં પોલીસ

અનુસંધાન પાના નં.૫ પર

**એલર્ટનો સમયગાળો:** આ વિશેષ ઓરેન્જ એલર્ટ તા. ૨૧ જુલાઈના રોજ વહેલી સવારે ૨:૩૦ વાગ્યાથી શરૂ થઈને તા. ૨૨ જુલાઈના રોજ રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.""મોજાંની ઊંચાઈ: આ ૪૮ કલાક દરમિયાન અરબી સમુદ્રમાં કરંટ વધવાને કારણે દરિયાકાંઠે ૩.૨ થી ૩.૬ મીટર (આશરે ૧૦ થી ૧૨ ફીટ) સુધીના ઉંચા રાક્ષસી મોજાં ઉછળવાની પૂર્ણ શક્યતા છે.

**પ્રભાવિત વિસ્તારો:** લખપત, નારાયણ સરોવર, જખૌ, માંડવી, મુન્દ્રા, અંજાર અને કંડલા પોર્ટ સુધીનો સમગ્ર કાંઠાળ વિસ્તાર આ એલર્ટ હેઠળ આવરી લેવાયો છે.

**બંદરો પર સજાગતા:** કંડલા, મુન્દ્રા અને જખૌ બંદરો પર માલસામાન ચઢાવવા-ઉતારવાની પ્રક્રિયા દરમિયાન સાવચેતી રાખવા અને નાના વાહનો તેમજ પોર્ટ ઓપરેશન્સને હવામાનની સ્થિતિ મુજબ સુમેળમાં રાખવા પોર્ટ ઓથોરિટીઝને એડવાઇઝરી જારી કરવામાં આવી છે.

## ગાંધીધામ પટ્ટાના પાર્કીંગમાં હવે બારાતુ જુગારીઓના અડ્ડા પણ ધમધમ્યા : સુરેન્દ્રનગરના ખેલીઓ દબોચાયા

**ગાંધીધામ બસ સ્ટેશન પાસે જુગાર રમતા ૪ શખ્સો રોકડ રકમ સાથે પકડાયા"અપના પાર્કિંગમાં ગંજીપાના વડે તીન પત્તીનો જુગાર રમતા સુરેન્દ્રનગરના ૪ ઇસમો સામે 'બી' ડિવિઝન પોલીસની કાર્યવાહી**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ હાઈવે પર આવેલા અમુક પાર્કીંગ પ્લોટસમાં વિવિધ ગેરકાયદેસર પ્રવૃતીઓ સમયાંતરે પકડાતી જ હોય છે. દરમ્યાન જ હવે અહીના અપના પાર્કીંગ પ્લોટમાં પોલીસે બારાતુ જુગારીઓના ખેલની મજા પણ તવાઈ બોલાવીને બગાડી દીધી હોવા સમાન કાર્યવાહી કરવામા આવી હોવાની વિગતો પોલીસ ચોપડે ચડવા પામી ગઈ છે.

ગાંધીધામ બસ સ્ટેશન નજીક આવેલા ખુલ્લા પાર્કિંગમાં જુગાર રમતા ચાર ઈસમોને 'બી' ડિવિઝન પોલીસે રેડ પાડીને ઝડપી લીધા છે."""પોલીસ હેડ કોન્સ્ટેબલ રવિભાઈ આલની ટીમે અપના પાર્કિંગની ખુલ્લી જગ્યામાં ગંજીપાના વડે હાર-જીતનો જુગાર રમી રહેલા (૧) રમઝાન ચાકુબ સંઘરીયાત, (૨) નુરાભાઈ કાળુભાઈ ઢોળીકત, (૩) અબ્બાસભાઈ હબીબભાઈ સંઘરીયાત અને (૪) રીયાઝ ગુલામભાઈ ટીંબલીયા (તમામ રહે. રણોલ, તા. લીંબડી, જી. સુરેન્દ્રનગર) ને રોકડા રૂ. ૧૦,૧૫૦/- તથા ગંજીપાના સાથે પકડી પાડી જુગાર ધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધ્યો છે.

|| અભિનંદન ||
|| જય શ્રી સ્વામિનારાયણ ||
ગાંધીધામ લોહાણા મહાજનના
પ્રમુખ પદે
નિયુક્ત થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ...
આપના કુશળ નેતૃત્વમાં સમાજ સંગઠિત બને, વિકાસના નવા શિખરો સર કરે અને સેવા, સંસ્કાર તથા સમર્પણની નવી પરંપરા સ્થાપિત કરે તેવી શુભકામનાઓ.
ભગવાન શ્રી સ્વામિનારાયણ, પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અખૂટ આશીર્વાદ આપના પર સદાય વરસતા રહે તેવી પ્રાર્થના.

ધવલભાઈ આચાર્ય
:: શુભેચ્છક ::
ખટાઉ માવજી માથકિયા પરિવાર
અંજાર-ભુજ

## કચ્છના ખાણકામ પ્રભાવિત વિસ્તારોનો ૨૯૪ કરોડના માતબર ખર્ચે કાયાકલ્પ

**ડીએમએફ ફંડમાંથી કરોડોના વિકાસ કામો હાથ ધરાયા : નવ વર્ષમાં ૨,૬૪૭ પ્રકલ્પો દ્વારા સરકારી શાળાઓ, આધુનિક સ્વાસ્થ્ય સેવાઓ અને ૩૩ નવીન પંચાયત ઘરો સાથે ગ્રામીણ આંતરમાળખાને મળી નવી દિશા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ખનીજ પ્રવૃત્તિઓથી પ્રભાવિત વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના હેઠળ કાર્યરત ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ) દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કચ્છના ખાણકામ અસરગ્રસ્ત ગામોની પાયાની સુવિધાઓના સુદ્રઢીકરણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવીને લોક કલ્યાણના અનેક વિકાસ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ એકત્રિત થયેલા ફંડમાંથી ૭૦ ટકા જેટલી માતબર રકમ ઉચ્ચ અગ્રતા ધરાવતા ક્ષેત્રો જેવા કે પીવાનું પાણી, પર્યાવરણની જાળવણી, પ્રદૂષણ નિયંત્રણ, શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ તેમજ દિવ્યાંગો અને વૃદ્ધોના કલ્યાણ પાછળ ખર્ચવામાં આવે છે. જ્યારે બાકીનું ૩૦ ટકા ફંડ ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ, સિંચાઈ, ઉર્જા અને વોટરશેડ વિકાસ જેવા અન્ય મહત્વના સેક્ટરો માટે વાપરવામાં આવે છે, જેથી ખાણકામ પ્રભાવિત વિસ્તારોની પર્યાવરણીય સ્વચ્છતા અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો લાવી શકાયો છે.

છેલ્લા આશરે નવ વર્ષના ગાળામાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન કચ્છ દ્વારા જિલ્લાના તમામ તાલુકાઓ અને સમગ્ર કચ્છના અસરગ્રસ્ત વિસ્તારો માટે કુલ ૨,૬૪૭ જેટલા વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે, જેની પાછળ અંદાજે ૨૯,૪૩૫.૮૫ લાખ (રૂપિયા ૨૯૪ કરોડથી વધુ) ની માતબર રકમ ફાળવવામાં આવી છે. તાલુકાવાર વિગતો પર નજર કરીએ તો, લખપત તાલુકામાં સૌથી વધુ ૫૧૫ કામો માટે ૪,૧૧૨.૪૭ લાખ રૂપિયા મંજૂર કરાયા છે. તે જ રીતે નખત્રાણામાં ૪૩૫ કામો માટે ૩,૯૨૯.૦૧ લાખ, અબડાસામાં ૩૧૨ કામો માટે ૨,૩૭૪.૪૩ લાખ, અંજારમાં ૨૩૭ કામો માટે ૨,૫૮૯.૯૬ લાખ, ભચાઉમાં ૧૮૧ કામો માટે ૧,૪૬૪.૧૮ લાખ, માંડવીમાં ૨૧૯ કામો માટે ૨,૯૫૦.૬૩ લાખ, મુન્દ્રામાં ૧૪૪ કામો માટે ૧,૩૪૨.૦૬ લાખ અને રાપરમાં ૧૭૨ કામો માટે ૨,૧૯૪.૭૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જ્યારે ગાંધીધામ તાલુકામાં ૧૪ કામો માટે ૧૦૯.૨૭ લાખ તેમજ ભુજ તાલુકામાં ૪ કામો માટે ૧,૧૫૬.૭૧ લાખ રૂપિયા મંજૂર થયા છે. આ ઉપરાંત સમગ્ર કચ્છના સંયુક્ત અસરગ્રસ્ત ગામો માટે વિશેષ રૂપે ૯૩ કામો હેઠળ ૭,૨૧૨.૩૮ લાખ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ યોજના હેઠળ શિક્ષણ સંલગ્ન સુવિધાઓને સજ્જ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સરકારી શાળાઓ અને આંગણવાડીઓના બાળકોને ભણતર માટે યોગ્ય વાતાવરણ મળી રહે. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ આઈસીડીએસ કેન્દ્રોમાં નવા ક્લાસરૂમ, કમ્પાઉન્ડ વોલ, શેડ, પેવર બ્લોક, કોમ્પ્યુટર લેબ, મધ્યાહન ભોજન શેડ, પ્રાર્થના શેડ તેમજ કન્યા અને કુમાર માટે અલગ ટોઇલેટ? બ્લોકની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ અને સરકારી માધ્યમિક શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પણ મંજૂર કરાઈ છે. આરોગ્ય ક્ષેત્રે ગ્રામીણ જનતાને સહેલાઈથી સારવાર મળી રહે તે માટે વિવિધ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૧૯ એમ્બ્યુલન્સો, બ્લડ સેલ કાઉન્ટર અને સેક્શન મશીન જેવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવાયા છે, તેમજ સ્ટાફ ક્વાર્ટર્સની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે.

મુખ્ય પ્રોજેક્ટ્સની વિગતવાર વાત કરીએ તો, અબડાસાના વાયોર ખાતે બી-ટાઈપના બે અને સી-ટાઈપના છ સ્ટાફ ક્વાર્ટર્સ તેમજ રાપર તાલુકાના ગેડી ખાતે બી-ટાઈપના બે સ્ટાફ ક્વાર્ટર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. અંજાર ખાતે સરકારી અંગ્રેજી માધ્યમિક શાળાનું નવીન બિલ્ડિંગ પૂર્ણ કરી શૈક્ષણિક કાર્ય પણ શરૂ કરી દેવાયું છે. પશુપાલનને વેગ આપવા માટે ખાણકામ અસરગ્રસ્ત ગામોમાં અગાઉ ૧૨ જેટલા ફરતા પશુ દવાખાના અને કૃત્રિમ બીજદાન કેન્દ્રો સક્રિય કરાયા હતા. સ્વાસ્થ્ય સેવાઓ વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે અત્યાર સુધીમાં વિવિધ પીએચસી અને સીએચસીમાં ૧૫ એમ્બ્યુલન્સ કાર્યરત કરી દેવામાં આવી છે અને અન્ય ૫ એમ્બ્યુલન્સની ખરીદી પ્રક્રિયા હાલ ગતિમાં છે. ગ્રામીણ સ્તરે વહીવટ સુદ્રઢ બને અને લોકોની સમસ્યાઓનો સ્થાનિક સ્તરે જ ઝડપી ઉકેલ લાવી શકાય તે હેતુથી જિલ્લામાં ૩૩ નવીન પંચાયત ઘરોનું બાંધકામ પૂર્ણ કરી ગ્રામજનોને લોકાર્પણ કરવામાં આવ્યું છે. કચ્છની વિષમ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખીને પીવાના પાણીની સમસ્યાના કાયમી હલ માટે નવા બોર, બોરકુવા રિચાર્જના કામો અને ખૂટતી પાઈપલાઈન નાખવાના કામો હાથ ધરાયા છે, તેમજ ઘન કચરાના નિકાલ માટે ડમ્પિંગ મશીનો અને ડોર-ટુ-ડોર વેસ્ટ કલેક્શનના સાધનો પૂરા પાડી ગામડાઓમાં પર્યાવરણીય સ્વચ્છતા જાળવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે.